RNI No. GUJGUJ/2014/55998 | Retail Selling Price : ₹ 20/- | Published Date Every 1st of January/April/July & October

આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ–રાજકોટ દ્વારા પ્રકાશિત



# ચારણ સંસ્કૃતિ

સં. ૨૦૮૦
માગશર–ફાગણ


www.sonalmaatrust.org

વર્ષ : ૧૦ (સળંગ–૧૩(૯૮)) અંક : ૫૩ જાન્યુઆરી – માર્ચ ૨૦૨૪




ચારણી સાહિત્ય અને લોક સાહિત્ય દ્વારા સંસ્કાર અને સંસ્કૃતિને જાળવી રાખવા પ્રયત્ન કરતું મેગેઝિન




આઈશ્રી સોનલમા એજ્યુકેશન એન્ડ
ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા રાજકોટના ચારણ ગઢવી
પરિવારોની એડ્રેસની ડિરેક્ટરીની
બીજી આવૃતિનું વિમોચન કરી રહેલા
પૂ. રૂપલમા, પૂ. કંચનમા, પૂ. માયાઆઈ,
પૂ. લક્ષ્મીઆઈ તેમજ સમાજના અગ્રગણીઓ
શ્રી રામભાઈ જામંગ સાહેબ, શ્રી ચંદુભાઈ સાબા,
શ્રી પ્રકાશભાઈ કવલ, શ્રી રણજીતભાઈ ગઢવી,
પૂ. પાલુભગત, શ્રી હીંગોળદાન રત્નુસાહેબ
અને શ્રી અજીતભાઈ સાંપ.
(તા. ૧૪-૧૨-૨૦૨૩)

ડિરેક્ટરી મેળવવાનું સ્થળ
**શ્રી સોનલ સ્ટોર્સ**
કનુભાઈ કેશરિયા
ચારણવાડી પાસે, સુખરામનગર, વિનોદનગરના
ટાંકા સામે, રાજકોટ–૩૬૦ ૦૦૨. મો. ૯૭૨૩૨ ૭૦૬૯૭

## રાજકોટનાં આંગણે ખોડિયાર ગઢવી યુવક મંડળ દ્વારા સોનલ શતાબ્દી ૧૨બીજનું સમાપન તા. ૧૪/૧૨/૨૩ના ધામધુમ પૂર્વક કરવામાં આવ્યુ તેની આછેરી ઝલક



આશિર્વચન પાઠવતા પૂ. પાલુભગત, પ્રકાશભાઈનું સન્માન કરતા શ્રી ગીરીશ આપા અને ઉપસ્થિત આમંત્રિત મહેમાનો






વિદ્યાર્થીઓનું સન્માન કરતા આઈમાઓ પૂ. કંચનમા, પૂ. રૂપલમા, પૂ. માયાઆઈ, પૂ. લક્ષ્મીઆઈ તેમજ






જે. બી. ગઢવી સાહેબ, અજીતભાઈ સાંવ રામભાઈ જામંગ સાહેબ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત

શ્રી ગીરીશભાઈ મોડનું સન્માન કરતા ટ્રસ્ટના પ્રમુખશ્રી પ્રકાશભાઈ કવલ

આ રહ્યા અમારા કાર્યકર્તાઓ મહીપતભા ગઢવી, પ્રવીભા વડગામા, ભરતભાઈ નાગૈયા, હમિરભા ગુઢડા, કનુભા સાબા, શાંતિભા રતન, રવિરાજભા ગોલ, કેશુભા મધુડા, દેવરાજભા બળદા, લાભુભા રતન, દેવરાજભા બાવડા, રણજીતભા બળદા, અશ્વિનભા કુનડા, લાલાભા ભાસળીયા, દેવકરણભા મધુડા, હેમરાજ મધુડા, નારૂભા ભાસળીયા, રવિરાજભા નાગૈયા, હરેશભા વડગામા, લાલાભા રતન, મનોજભા કુનડા, અજીભા કવલ, મુકેશભા કવલ, લાભુભા બાવડા, યોગેશ પાલીયા, યોગેશભા બાવડા, લાભભા વડગામા, ભરતભા ધાંધણીયા, શૈલેશ સાબા, કિશોરભા બાવડા, પ્રકાશ ચોરાળા, રાજભા રતન, વિજયભા ધાંધણીયા, કરશનભા બુધશી, અનુભા ધાંધણીયા અને ૧૦૦ થી વધુ યુવાનોએ ૧૨ બીજની ઉજવણીમાં આખુ વર્ષ તન–મન–ધનથી સેવા આપી હતી. દાતાઓ, સમાજના આગેવાનો, વિવિધ સંસ્થાઓ અને મંડળો, કલાના ઉપાસક કલાકારો અને વિવિધ પ્રકારની સેવા આપનારા સહુથકી આખા વર્ષના કાર્યક્રમો અમે કરી શકયા છીએ તે બદલ સહુને ધન્યવાદ આભાર...

પ્રકાશભાઈ કવલ–૯૩૨૮૪ ૬૮૯૦૦ પ્રમુખશ્રી

# આઈ શ્રી સોનલમાં શતાબ્દી મહોત્સવ
# ૨૦૨૩/૨૪ વી. સ. ૨૦૭૯-૮૦



-:શુભેચ્છક:-

શ્રી યોગેશભાઈ પુજારા | શ્રી મુકેશ કીડિયા
શ્રી રાજેશ કીડીયા (લંડન)

પુજારા ટેલીકોમ : જસદણ સ્ટોર | 5G ફોન : જસદણ સ્ટોર
6353105333

POOJARA®

Your Lifetime Technology Partner

ત્રૈમાસિક 'ચારણ સંસ્કૃતિ' અંક(૫૩) –– વર્ષ : ૧૦(સળંગ–૧૩(૯૮))
જાન્યુઆરી–માર્ચ ૨૦૨૪ : વિ.સં.૨૦૮૦ (માગશર–ફાગણ)

**: ટ્રસ્ટી મંડળ :**

બાબભાઈ પાલીયા - પ્રમુખ
૯૭૨૩૪ ૫૪૦૮૨
રામભાઈ જામંગ - મેનેજીંગ ટ્રસ્ટી
૯૮૨૪૨ ૮૮૮૫૨
રમેશભાઈ જાળગ(પૂર્વ પ્રમુખ)
૯૭૨૩૪ ૪૮૨૦૫
નરેન્દ્રભાઈ(નીતુભાઈ)ઝીબા - ટ્રસ્ટી
૯૪૨૬૯ ૬૦૩૯૯
હરેશભાઈ આલગા - ટ્રસ્ટી
૯૯૨૫૦ ૩૪૯૩૪

**: ટ્રસ્ટની બેંક :**

AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT
( Bank of India,University Road Branch, Rajkot )
A/c No.312710210000008
IFSC CODE : BKID0003127

**: ટ્રસ્ટની વેબસાઈટ :**

www.sonalmaatrust.org

**: તંત્રી–સંપાદક :**

રામભાઈ જામંગ-૯૮૨૪૨ ૮૮૮૫૨

**: સહ સંપાદક :**

રાજુલ દવે-૯૪૨૬૨ ૨૯૫૧૭

**: ફોટોગ્રાફર :**

મુળુભાઈ ઘાંઘણિયા-૯૮૭૯૪ ૨૨૭૨૦

*: ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર :*

*ઈ-૧૨૮૫ તા.૧૯/૯/૧૯૮૩*

*: સોનલ વાડી માટે પૂછપરછ :*

*રમેશભાઈ જાળગ-૯૭૨૩૪ ૪૮૨૦૫*
*દિપકભાઈ મહેતા-૯૪૨૮૨ ૯૬૩૦૦*

**–– અનુક્રમણિકા ––**

| | | |
|---|---|---|
| ૦૧ તંત્રી સ્થાનેથી - સોનલમા શતાબ્દી | રામભાઈ જામંગ | ૦૭ |
| ૦૨ સંપાદકીય-સોનલઆઈના વિચારો.. | રાજુલ દવે | ૦૯ |
| ૦૩ પ્રતિભાવ | - | ૧૧ |

**લેખ વિભાગ**

| | | |
|---|---|---|
| ૦૪ ગુજરાતના લોકો આગળ આવે | આઈમા સોનલઆઈ | ૧૨ |
| ૦૫ ડેલીએ બેઠો અડીખમ ડુંગરો... | વી.એસ. ગઢવી | ૧૪ |
| ૦૬ નડાબેટનાં અધિષ્ઠાત્રિ શ્રીનડેશ્વરી.. | શંકરદાન સિંહઢાયચ | ૧૭ |
| ૦૭ રાજસ્થાનની એક જ કુટુંબની.. | પુષ્પદાન ગઢવી | ૨૨ |
| ૦૮ નિરગુણ કળા મારા નાથની... | ડો.નિરંજન રાજયગુરુ | ૨૭ |
| ૦૯ મૂળીની કવિ - પરંપરા | રાજુલ દવે | ૩૦ |
| ૧૦ અર્પણનો સિદ્ધાંત | નરસંગભાઈ ઠાકરિયા | ૩૨ |
| ૧૧ જીવદયાના આજીવન ઉપાસકો | વી.એસ. ગઢવી | ૩૪ |
| ૧૨ આદેશ મા સોનલનો... | ઈસુભાઈ ગઢવી | ૩૫ |
| ૧૩ સુખની શોધમાં | ચંડીદાન ગઢવી | ૩૮ |
| ૧૪ પગાર-સ્લીપ થી પેન્શન સુધીની.. | મહેરબાનભાઈ ગઢવી | ૪૧ |
| ૧૫ તંદુરસ્ત અને સ્વસ્થ જીવનની... | ડો.હરીશ મરાબા | ૪૩ |
| ૧૬ થાક કેમ લાગે ? આ તો મારો.. | સતીષ ચારણ | ૪૬ |
| ૧૭ ૨૧મી સદીનો ગુરૂમંત્ર... | વિનોદ મકવાણા | ૪૮ |
| ૧૮ મૂળી બોક્ષાની ડેલીએ ભાગવત.. | નટવરદાન વિઠુ | ૫૦ |
| ૧૯ અમીરસ ઈતિહાસનો(૩૫) | રામભાઈ જામંગ | ૫૨ |
| ૨૦ ડિરેકટરી(બીજી આવૃત્તિ)નું વિમોચન | રાજુલ દવે | ૫૫ |

**કવિતા**

| | | |
|---|---|---|
| ૨૧ ચારણ કેવો હોય | ભૂપતદાન રોહડીયા | ૫૬ |
| ૨૨ ચારણની દીકરિયું | શુકદેવભાઈ ગઢવી | ૫૭ |
| ૨૩ કહી દ્યો કલિકાળને | જીલુભા ગઢવી | ૫૭ |
| ૨૪ શ્રી શારદાય નમઃ કવિત | શિવદાનજી બોક્ષા | ૫૮ |
| ૨૫ કવિત : અસાધ્ય | શિવદાનજી બોક્ષા | ૫૮ |
| ૨૬ સંત કવિ બ્રહ્માનંદજીનું પ્રશસ્તિ | પથાભાઈ બોક્ષા | ૫૯ |
| ૨૭ આઈમા સોનલ | યોગેશ ગઢવી | ૫૯ |
| ૨૮ આદેશ સોનલમાનો | કાનભા મોખિયા | ૫૯ |

: ચારણ અંક પ્રાપ્તિ સ્થાન :
**સોનલ સ્ટોર્સ, રાજકોટ**
ગઢવી કનુભાઈ કેશરિયા
(મો.નં.૯૭૨૩૨ ૭૦૬૯૭)

**ચારણ સંસ્કૃતિ અંકને લગતા લેખ/ કવિતા વગેરે મોકલવાનું સરનામું**
**શ્રી રાજુલ દવે – સંપાદકશ્રી**
૧૧/બી, વરદભૂમિ, કૈલાસનગર,બેંક ઓફ બરોડાવાળી શેરી, કોટેચા ચોક કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭
(મો.નં.૯૪૨૬૨ ૨૯૫૧૭)

**મળવા જેવા માનવી**


| | | |
|---|---|---|
| ૨૯ ભૂપેન્દ્રભાઈ દવે | અચલદાનજી બોક્ષા | ૬૦ |
| ૩૦ ડી.કે. ચારણ(રત્નુ) | સૌરભસિંહ ગઢવી | ૬૨ |
| ૩૧ પ્રવીણભા મધુડા | જવલંત છાયા | ૬૩ |
| ૩૨ ચેતન કીર્તિકુમાર મિસણ | વેજાંધ ગઢવી | ૬૬ |
| ૩૩ કલ્પ ભેવલિયા | ચંદ્રિકાબેન ગઢવી | ૬૭ |
| ૩૪ સમાચાર વિભાગ | વેજાંધ ગઢવી/હિતેષ ગઢવી | ૬૮ |


सभी प्रमुख धार्मिक परंपराएं मूल रूप से एक ही संदेश देती है – **प्रेम, दया और क्षमा** – महत्वपूर्ण बात यह है कि ये हमारे दैनिक जीवन का हिस्सा होनी चाहिए

**–– અંકમાં પ્રસિદ્ધ થતા દરેક લખાણો સાથે ટ્રસ્ટીમંડળ સહમત છે તેમ માની લેવું નહીં ––**

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનની જાહેરાત અંદરના આખા પેઈજના રૂા.૧૦૦૦/– બ્લેક એન્ડ વ્હાઈટ, ટાઈટલ તથા ફોર કલરના ભાવ ટ્રસ્ટી મંડળ અને જાહેરાત આપનારની અનુકુળતા મુજબ રહેશે.**

૧. લેખકશ્રીઓ, આપના લેખો કાગળની એક બાજુએ ટાઈપ કરેલ અથવા તો સ્પષ્ટ અક્ષરોમાં દોઢથી બે પાનામાં સમાવિષ્ટ થઈ જાય તેવા અંક પ્રકાશિત થયેથી ૩૦ દિવસ સુધીમાં (અન્ય કોઈ સામયિકમાં પ્રસિદ્ધ કરવા મોકલાવેલ ન હોય કે પ્રસિદ્ધ થયેલ ન હોય તેવા જ) મોકલી આપશો અન્યથા ધ્યાને લેવામાં આવશે નહીં.

૨. આ 'ચારણ સંસ્કૃતિ' મુખપત્રનો હેતુ અને ભાવના એવી છે કે વધારેમાં વધારે પરિવારોનાં ઘરે પહોંચે અને વંચાતું થાય તેથી આપ અન્ય પરિવારોને પણ ગ્રાહક બનાવો. લવાજમ ભરવાની વધુ વિગતો અને જાણકારી માટે નીચેની વિગતે સંપર્ક કરી શકો છો. લવાજમ ૫ વર્ષનું રૂા.૫૦૦/-, વિદેશમાં રૂા.૫૦૦૦/- છે.

૩. ડાયરેકટ બેંકમાં લવાજમ ભરવા માંગતા હોય તો બેંક ઓફ ઈન્ડિયા,યુનિવર્સિટી રોડ બ્રાંચ,રાજકોટના A/c No.312710210000008, IFSC CODE : BKID0003127 (AAISHRI SONALMA EDUCATION & CHARITABLE TRUST - RAJKOT) (મનીઓર્ડર/ ચેક / કુરિયરથી પણ લવાજમ ભરી શકો છો)જમા કરાવી મેસેજ દિનેશભાઈ નરેલા (98243 35398) ને આપના ગ્રાહક નંબર સાથે જણાવી શકો છો. જયાં જયાં કુરિયરની સર્વિસ ઉપલબ્ધ છે ત્યાં અમે મેગેઝિન કુરિયરથી તેમજ અન્ય જગ્યાએ પોસ્ટ દ્વારા મોકલીએ છીએ. મેગેઝિન બહાર પડયા બાદ પંદર દિવસે પણ અંક મળેલ ન હોય તો કુરિયર શ્રી દિપક ઘાંઘણિયા (97270 93150) રાજકોટનો સીધો જ સંપર્ક કરવો. છતાં નિરાકરણ ન આવે **તો** જ ટ્રસ્ટીઓનો સંપર્ક કરવા નમ્ર અનુરોધ છે.


**મુદ્રક : ગિરીશ ઓફસેટ,જયંત કે.જી.મેઈન રોડ,રાજકોટ – મો : ૯૮૨૫૫ ૯૭૭૯૪**
**ટાઈટલ : લેટેસ્ટ ગ્રાફિક, રાજકોટ – મો : ૯૮૨૫૦ ૮૧૪૦૦**
e-mail : latestconcept@gmail.com -OR- vhjbraval@gmail.com
**પ્રૂફ રીડર : હરેશ પરમાર – મો : ૯૪૨૭૪ ૯૭૫૫૧**
**સદ્‌ભાવના મૂલ્ય : રૂા. ૨૦–૦૦ ((પાના–૭૬ (૮–કલર))**
**સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ :** www.sonalmaatrust.org

# તંત્રી સ્થાનેથી – સોનલમા શતાબ્દી

• રામભાઈ જામંગ

સોનલમા શતાબ્દી મહોત્સવની શરણાયુના સૂર ગામના ગોંદરેથી લઈને શહેરના પાદર અને વિદેશની વાટે વિંઝણો ફેરવતા વાવડ પહોંચી ગયા છે અને મઢડાથી વાયક વાયુવેગે પહોંચી રહ્યા છે. આપણે પણ પોષ સુદ બીજ પાંહે પોગુ પોગુ થઈ રહ્યા છીએ તેનો થનગનાટ તન, મનને તરબોળ કરી રહ્યો છે. અઢારેય વરણ આઈમાના આંગણે જવા ઉતાવળા થઈ રહ્યો છે. શતાબ્દીની સ્મૃતિ, યાદગીરી કાયમ રહી જાય તેવા રૂડા આયોજનો માટે આગેવાનો અથાગ પ્રયત્નો, પ્રયાસો કરી રહ્યા છે. સામે સોનલ શતાબ્દી મહોત્સવમાં ઉપસ્થિત રહેવાનો સદ્‌ભાગી અવસર માણવા માટે શુભ-દિવસની રાહ જોવાઈ રહી છે. મનખો મનમાં હરખાય છે કે હું કેવો સદ્‌ભાગી કે ઉગમણા ઓરડાવાળી આઈમાના આવા રૂડા પ્રસંગને મનભરીની માણવાનું ઉત્તમ ઘડીએ આ જગમાં ઉપસ્થિત રહીને આને માણી શકીશ.

આ પ્રસંગ માટે મોંઘેરા મહેમાનોને મા ના આંગણે આવવાના આગ્રહભર્યા આમંત્રણો વિવિધ માધ્યમોથી અપાઈ રહ્યા છે. સમાજના સર્વે વરણને આવકારવા સર્વે સંયોજકો આતુર છે. આ જાન્યુઆરી-૨૦૨૪નો અંક આપને ત્યાં પહોંચશે ત્યારે તા.૧૧,૧૨,૧૩ જાન્યુઆરી-૨૦૨૪ 'પોષ સુદ-૨' ૨૦૮૦ આવવામાં જ હશે. હરખની હેલી ઉતાવળી હાલી આવતી હશે.

શતાબ્દીના સમાપનમાં સારા સારા સામાજિક સંકલ્પો સાકાર થવા જઈ રહ્યાના સંકેતો સાંપડી રહ્યા છે. આદરેલા કે ધારેલા શુભ કાર્યો કે અધૂરા રહેલા કાર્યો પૂરા થવાના શુભારંભની શરૂઆતના ઘંટારવ વાગી રહ્યા હોય તેવું ભાસી રહ્યું છે.

રાજકોટથી જ લઈએ તો અહીંયા ઘણાં સારા કાર્યો સમાજ કરી રહ્યો છે અને હવે જામનગર રોડ વાળો પ્રોજેકટ પ્રગતિમાં છે. અમદાવાદ-ગાંધીનગરના વિદ્યાર્થીઓની કારકિર્દી અને અભ્યાસ માટે જરૂરિયાત મુજબ સગવડતા ઉભી કરવાની ચર્ચાઓ, તેમાં આગળ વધવાના શુભ સંકેતો સાંપડી રહ્યા છે. સમાજના શુભ ચિંતકો અને દાતાઓની દિલદારી, ઉદારતા અને મનની વિશાળતાની વાતો સાથે આગળ વધી રહ્યા છે. તેવી જ રીતે અમદાવાદમાં આઈમાના મંદિરની જમીન બાબતે પણ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ સમાજના વિશાળ હિતના લાભાર્થે મોટું મન રાખીને જરૂરી નિર્ણય લેવા માટે આગળ વધી રહ્યા છે. ખંભાળિયામાં પણ આપણી છાત્રાલય હવે શરૂ થઈ ગઈ છે. આ સમાજ ઉપયોગી બાબતોનો અમલ થાય તો શતાબ્દી વર્ષની ઉજવણી કરી વધુ સાર્થક ગણાશે અને આઈમાનો આત્મા રાજી થશે.

સૌરાષ્ટ્ર,કચ્છ, ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને વિદેશમાં ઘણાં બધા વ્યકિગત રીતે, સંસ્થાકીય, મંડળો કે ટ્રસ્ટ દ્વારા સાહિત્યક, શૈક્ષણિક, સામાજિક, મેડિકલ કે ધાર્મિક પ્રવૃત્તિઓ સારી રીતે કરી રહ્યા છે. જેમાં બોર્ડીંગો, છાત્રાલયો, સમાજ વાડીઓ, ચોપડા-પુસ્તક વિતરણ, સ્કોલરશિપ વિતરણ, સમૂહ લગ્નોત્સવના આયોજન, સોનલબીજની ઉજવણી,અનાજકિટ વિતરણ, હરિરસ સ્વાધ્યાય પાઠ, મેડિકલ કેમ્પ, યુવા માર્ગદર્શન સેમિનાર /

શિબિર વિગેરે વિગેરે. તેમાંય જૂનાગઢ વિદ્યાર્થી, (નવી છાત્રાલય પણ તૈયાર થવામાં છે) વિદ્યાર્થીઓની બોર્ડિંગ, જામખંભાળિયા, જામજોધપુરમાં છાત્રાલયો, ભાવનગરમાં છાત્રાલય, રાજકોટ અને જામનગર, જૂનાગઢ, ભૂજ, મોરબી સમાજવાડીઓ, અમદાવાદમાં છાત્રાલય, રાજકોટ અને જામનગરમાં સમાજના મુખપત્રો. આમ વિવિધ પ્રકારની સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ થઈ રહેલ છે. તેમાં હવે શૈક્ષણિક કારકિર્દી, સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિ આગળ વધવા માટે ઉતાવળા પગરણ રાજકોટ–અમદાવાદ–ગાંધીનગર માંડી રહ્યા છે. જે શરૂ થયેથી સમાજને વિવિધતા સભર લાભ મળવાની ઊંચી આશાઓ સમાજને તેમાંય ખાસ કરીને યુવાનોને મંડાણી છે. તો ચાલો આગેવાનો હવે આઈ સોનબાઈના સ્મરણ સાથે દિલથી સોનલ શતાબ્દીના સંભારણા રૂપે તન,મન,ધનથી આવનાર પેઢીના ભવિષ્યને ઉજળું બનાવવા માટે શરૂ થનારા કાર્યના સહભાગી બનીએ.

શતાબ્દીનું સ્વાગત સંપાદકીયમાં પણ રાજુલભાઈએ સંભાર્યું છે અને અંકમાં આઈમાનો અમદાવાદ પ્રવાસને પ્રાસંગિક પત્ર 'ગુજરાતના લોકો આગળ આવે' એવા શીર્ષકથી મુકયો છે. મનને ગમશે.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

•••

**આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,રાજકોટ**
**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી(રૂા.૧૦૦૦/– ઉપર)**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી પ્રતાપભાઈ જાળફવા, લંડન | ૫૦૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૪ |
| ○ શ્રી ગીરીશભાઈ બાપલભાઈ ગઢવી, સુરેન્દ્રનગર | ૧૧૦૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૨૮ |
| ○ શ્રી હરીશભાઈ ઠાકરિયા, લંડન | ૧૦૪૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૫ |
| ○ શ્રી રામજીભાઈ ગોવિંદભાઈ ભોજગ, ભાવનગર (હઃડો.ઈન્દ્ર ગઢવી,ભાવનગર/ડો.મૃદુલ ગઢવી, અમદાવાદ) | ૫૧૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૩૬ |
| ○ શ્રી રાજેશભાઈ માણસુરભાઈ ભોજગ, ભુજ(કચ્છ) | ૫૦૦૦-૦૦ | ચા.સં.શુભેચ્છા | ૪૧૩૨ |
| ○ શ્રી રાજેશભાઈ માણસુરભાઈ ભોજગ, ભુજ(કચ્છ) | ૨૫૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૩૧ |
| ○ શ્રી પ્રશાંતભાઈ માલા, રાજકોટ | ૨૫૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૨૫ |
| ○ શ્રી મહેન્દ્રભાઈ ગઢવી, રાજકોટ | ૧૦૦૦-૦૦ | જ.મં.પરિવાર | ૧૭૯૩ |
| ○ શ્રી વજુભાઈ મુલરવ, રાજકોટ | ૧૦૦૦-૦૦ | ચા.સં.જા.ખ | ૪૧૨૬ |

**–– ટ્રસ્ટ આપ સહુનો આભાર માને છે ––**

**હિસાબી સંકલન :** શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)(૯૯૭૮૪ ૪૨૭૬૫)

# સોનલઆઈના વિચારો આપણા માર્ગદર્શક બનો

• રાજુલ દવે (સંપાદકીય)

કાળ કોઈને માટે કયાં થોભે છે, તે આપણા માટે થોભે? જોતજોતામાં ૨૦૨૩નું વર્ષ પૂરું થયું અને ૨૦૨૪ના વર્ષના પહેલા અઠવાડિયામાં 'ચારણ સંસ્કૃતિ'નો અંક નં.૫૩ વાચકોના હાથમાં આવશે. વિક્રમ સંવત ૨૦૮૦ના વર્ષનો પણ લગભગ દોઢ મહિનો સંપન્ન થઈ ગયો હશે. સમયને અનુલક્ષીને શૂન્ય પાલનપુરીએ લખ્યું છે–

**વ્યોમની ચોપાટ છે ને સોગઠાં પુરુષાર્થનાં,**
**જેમ પડતા જાય એમ રમવું જોઈએ**

રશિયા–યુક્રેન યુદ્ધ હોય, ગાઝાપટ્ટી પર ઈઝરાયેલના જઘન્ય હુમલાઓ હોય, નકો નકો કરીને થયેલો યુદ્ધવિરામ હોય, વેસ્ટબેન્કમાં ચાલતી કત્લેઆમ હોય, વિશ્વના સમુદ્રોમાં મહાસત્તાઓના જંગી જહાજોનું આવાગમન વધ્યું હોય કે સુદાનનું ગૃહયુદ્ધ હોય - નાનાંમોટાં સંઘર્ષોની આગ દુનિયાને ચારે બાજુથી ધમરોળી રહી છે. પરિસ્થિતિ કયારેક એવા વળાંક ઉપર આવીને ઊભી રહે કે ત્રીજું વિશ્વયુદ્ધ નજીક આવી ગયું હોવાની દહેશત લોકોના મનમાં ઊભી થાય. માણસાઈનો - સંવેદનાનો દુકાળ હોય તેવું વાતાવરણ અનુભવાય છે. આમ છતાં સારા સમાચાર મળતા નથી તેવું ન કહી શકાય. ઉત્તરાખંડમાં યમનોત્રીના રસ્તે સિલ્કયારા ટનલમાં ફસાયેલા ૪૧ શ્રમજીવીઓને ૧૭ દિવસની કઠિન મહેનત પછી ટનલમાંથી સફળતાપૂર્વક બહાર લાવવામાં આવ્યા. આધુનિક મશીનરી નિષ્ફળ ગઈ ત્યાં છેલ્લા થોડા મીટર હાથ વડે ખોદીને શ્રમજીવીઓ સુધી પહોંચી શકાયું. શ્રમ તથા શ્રમજીવીઓ બન્નેનું આમાં ગૌરવ થયું.

જાન્યુઆરી મહિનાની તા.૧૧, ૧૨ અને ૧૩ના ત્રણ દિવસોમાં મઢડામાં સોનલમા શતાબ્દીની ભરચક ઉજવણી થશે, તે માટેનું આયોજન છેલ્લા પાંચેક માસથી ચાલતું હતું. જુદા જુદા શહેરોમાં બેઠકો પણ યોજાઈ ગઈ.

સોનલઆઈ નવસંસ્કરણના રાહબર હતા. જૂનાગઢ જિલ્લાના કેશોદ પાસેના કણેરી ગામે ઈ.સ.૧૯૫૪માં ૩૦ વર્ષની ભરયુવાન વયે તેમણે અખિલ ભારત ચારણ સંમેલન બોલાવેલું. સ્વરાજ પછીના સમયને ઓળખી ગયેલા સોનલઆઈએ એ સંમેલનમાં કદી કોઈ ચારણે હિંમત નહીં કરેલી એવી પ્રભાવશાળી વાણીમાં પહેલીવાર પડકાર કર્યો કે ચારણ હોય એ ધૂણે નહીં. આઈ હોય એણે ધૂણવાનું ન હોય. ચારણ પોતાની તાકાતથી - આપબળથી જ આગળ આવે, ઊંચો ઊઠે. ચારણ કોમને સોનલઆઈએ સ્વધર્મ શીખવ્યો. સોનલઆઈ કહેતા કે, જીવનમાં વિશાળતા કેળવીએ અને સાથે સાથે સૂક્ષ્મદર્શી બનીએ. સોનલઆઈ જાજરમાન નારીશકિત હતા. માત્ર ચારણો નહીં, પરજિયા સોની, હાટી, મેર, મહિયા, પટેલ, આહીર, રાજપૂત, કાઠી ઈત્યાદિ સમાજમાં તેઓનું આદરણીય તથા વાત્સલ્યમૂર્તિનું સ્થાન હતું. (લોકસંસ્કૃતિના કલાધરો : લે-જયમલ્લ પરમાર)

સોનલઆઈના શતાબ્દીપર્વે એમના વિચારોને, એમની ભાવનાને, એમના આચરણને આપણે શકય એટલા અપનાવીએ. ચારણોની વીતી ગયેલી પ્રતાપી પેઢીની પ્રતિભા, મહત્તા અને મહાનુભવતા આપણા માર્ગદર્શક બનો.

૦૦૦

'ચારણ સંસ્કૃતિ'ના ૫૩મા અંકમાં ભાવનગરના રાજકવિ પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા અંગે વી.એસ.ગઢવીએ અને મૂળીની કવિ પરંપરા અંગે રાજુલ દવેએ વિહંગાવલોકન કરાવ્યું છે. પુષ્પદાનભાઈ ગઢવીએ રાજસ્થાનના શહીદવીરો અંગે માહિતી આપી છે. શંકરદાનજી સિંહઢાયચે નડેશ્વરી માતાજી(આઈ વરવડી) વિશે વિસ્તૃત જાણકારી આપી છે. ડો.નિરંજન રાજયગુરૂએ 'નાનક સાહેબની વાણી' લેખમાં સંતસાહિત્યનો ચિતાર આપ્યો છે. ચંડીદાન ગઢવી નવલિકા લઈને આવ્યા છે. નરસંગભાઈ ઠાકરિયા, સતીષ ચારણ, વિનોદ મકવાણાના લેખો વાચકોને ગમશે. ડો.હરીશ રાબાએ યોગ અંગે જાણકારી આપી છે. રામભાઈ જામંગે 'અમીરસ ઈતિહાસનો'માં ૧૯૩૬માં મૂળી ખાતે યોજાયેલા દ્વિતીય ચારણ સંમેલનની માહિતી હાથવગી કરેલ છે.

મહેરબાનભાઈ ગઢવીએ સામાજિક કાર્યનો પ્રસંગ વર્ણવેલ છે. સોનલઆઈના શતાબ્દી પર્વને અનુલક્ષીને ઈશુભાઈનો લેખ પણ અંકમાં લીધો છે. કાવ્ય વિભાગમાં ગત પેઢીના બે કવિઓની રચનાઓ ઉપરાંત સોનલઆઈ વિશેના તેમજ અન્ય કાવ્યો પ્રસિદ્ધ કર્યા છે. કેટલીક નોંધપાત્ર ઘટનાઓ અંકમાં અલગ સમાવવામાં આવી છે. મળવા જેવા માનવી, વાચકોના પ્રતિભાવો, લગ્નવિષયક, સમાચાર વિભાગ અને તેજસ્વી વિદ્યાર્થીઓ જેવા કાયમી વિભાગો તો ખરા જ. અમારી સઘળી મહેનતને વાચકો આવકારશે. આખરે તો આ 'ટીમવર્ક' છે. ટીમવર્કનું યોગ્ય ઉદાહરણ ચારણ સમાજની સંવર્ધિત ડિરેકટરી છે. તેનો સંક્ષેપ પરિચય પણ અંકમાં વાચકોની જાણ માટે સમાવ્યો છે.

શરીરને તંદુરસ્ત રાખતો શિયાળો શરૂ થઈ ગયો છે. આગામી સમયમાં ઉત્તરાયણ, શિવરાત્રિ, ધૂળેટી જેવા પર્વો આવશે. હવે એપ્રિલમાં,નવા નાણાકીય વર્ષના આરંભે આપણે ફરી મળશું.

સંત તુલસીદાસજીને યાદ કરીએ-

**આગમ નિગમ પ્રસિદ્ધ પુરાના,**
**સેવાધરમુ કઠિન જગુ જાના,**
**પરહિત સરીસ ધર્મ નહિ ભાઈ.**

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

•••

**કોઠારામાં ચા વેચતા પિતાના પુત્રે દાકતર બનવાનું સપનું સાકાર કર્યું**

અબડાસા તાલુકાના કોઠારા ગામના બસ સ્ટેશન ઉપર ચાની કીટલી(હોટેલ)ચલાવી પોતાનાં ઘરનું ગુજરાત ચલાવતા માણેક રામ ગઢવીના પરિવારમાં સાત દીકરીઓ અને એક દીકરો છે. એમના દીકરાએ નાનપણથી ડોકટર બનવાનું સપનું જોયું હતું. સપનાને સાકાર કરવા આ પરિવારે પાછીપાની ન કરી અને પુત્ર **રતન ગઢવી**એ સામાન્ય લોકોને પ્રેરિત કરતાં કહ્યું કે, આપણે ભલે મધ્યમ પરિસ્થિતિમાં જન્મ્યા હોઈએ અને આગળ નહીં વધી શકીએ તો વાતમાં કોઈ દમ નથી. મનમાં હોંસલો બુલંદ હોવો જોઈએ અને લક્ષ્ય પ્રાપ્ત કરવા ગમે તેવા પડકારોને હડસેલતાં સપનાં પૂરા થાય છે.જયારે માણેક ગઢવીએ કહ્યું કે,અમે ભાગ્યશાળી છીએ કે અમારા ઘરે રતન અવતર્યો. છેલ્લા ૪૭ વર્ષથી ચાની કીટલી ચલાવું છું. રાત-દિવસ સંઘર્ષ કરી, મહેનત કરી મેં મારા દીકરાનાં સપનાને સાકાર કર્યું એ મારા માટે ગર્વની વાત છે. હું મારા પરિવાર અને કુટુંબીજનોનો આભાર માનું છું કે જરૂરિયાતના સમયે અમારી પડખે ઊભા રહી અમને આર્થિક રીતે મદદરૂપ બન્યા અને મનોબળ આપ્યું. **- વેજાંધ ગઢવી**

## પ્રતિભાવ

રાધનપુર, તા.૨૦/૧૦/૨૦૨૩

તંત્રીશ્રી,

દરેક અંકો અત્રે રાધનપુરમાં નિયમિત મળી જાય છે. ત્રણ માસના અંતે, કાગડોળે અમે 'ચારણ સંસ્કૃતિ' અંકની રાહ જોઈએ છીએ. વાંચીને આનંદ અનુભવીએ છીએ. ભાવનગર બોર્ડિંગમાં રહીને ભણતો ત્યારે પિંગળશીભાઈ પાયક તે વખતના 'ચારણ'ના અંકો થેલા ભરી અમને પોસ્ટ ઓફિસે રવાના કરવા મોકલતા. સમય જતા તે સામયિક બંધ થયું. અમને ચિંતા થતી કે 'હે સોનલમા, ફરીને કોઈ સમાજનું સામયિક શરૂ કરે તો કેવું રૂડું ?' મારી ઢળતી સંધ્યાએ મા સોનલે જાણે તમને સાબદા કર્યા. તમારા દ્વારા 'ચારણ સંસ્કૃતિ' અંકનો પુનર્જન્મ થયો. માએ જાણે અમારી વિનંતી સ્વીકારી. તમારા દ્વારા મોકલવામાં આવેલ પહેલો અંક માથે મુકીને ખરેખર તે વખતે હું આનંદમાં આવી નાચ્યો હતો.

ભાઈ, આવા અંકોનું નિયમિત પ્રસારણ કરવું ઘણું દોહ્યલું છે પણ મા સોનલની કૃપાથી સારાં વાનાં થયાં તેનો આ ઢળતી સંધ્યાએ આનંદ છે. ભાઈ રામભાઈ તો સમાજના છે, જે સેવા કરે તે સમજાય. પણ ભાઈ રાજુલભાઈ ચારણ સમાજમાં આટલો રસ લઈ કામગીરી આગળ વધારી રહ્યા છે તેનો આનંદ ઓર છે. મા સોનલની મહેર તમે બન્ને ઉપર સદાય વરસતી રહે તેવી હૃદયની પ્રાર્થના.

પાછલા અંકમાં મુ.પુષ્પદાનભાઈનો 'મા વરવડી બીજા' વિશે લેખ વાંચ્યો. વળી મા સોનલનું આ શતાબ્દી વર્ષ હોઈ આઈતત્ત્વ ઉજાગર થાય તેવા હેતુથી પ્રથમ થઈ ગયેલ આઈ વરવડી(નડેચી) વિશેનો મારો લેખ આગામી અંકમાં છાપવા આ સાથે મોકલ્યો છે. બન્ને વરવડીમાઓ ખોડાસર ગામે એક જ ગોખરૂ શાખામાં થઈ ગયેલ. તો આ પ્રથમ થયેલ વરવડી માતાજીની વિગતો મારા લેખમાં આવરી લીધેલ છે.

જે ગ્રાહકોનું લવાજમ પૂરું થતું હોય તેમને અંકમાં એક અલગ પત્ર દ્વારા જાણ કરવાનું રાખો તો સારું. ઘણાં લોકો અંકના રેપરને વાંચશે પણ નહીં, આ સૂચન છે. – **શંકરદાન સિંહઢાયચ** (૯૬૮૭૭ ૫૮૦૫૯)



**આશીર્વાદ**

મોળા નાનાભાઈ પ્રવીણભા મધુડાએ ભણ્યું કે રાજકોટ ચારણવાડીથી 'ચારણ' અંક છાંપાતો સે. તો આ 'ચારણ સંસ્કૃતિ' ત્રિમાસિક મેગેઝિન અંકને અને રામમામા જામંગને તેમજ તમાણી સમગ્ર ટીમને ખૂબ ખૂબ આશીર્વાદ. સમાજનું સારું કરે તેનું મા મોગલ હંમેશા સારું કરે છે. જે વ્યકિત સમાજનું સારું કરવા પોતાના અંગત લાભ ભૂલે છે એ જ ભલા લોકો સમાજમાં થાંભલો બને છે.

**– મણીધર વડવાળી મોગલ ધામ કબરાવ(કચ્છ)થી મોગલ કુળ બાપુ**

# ગુજરાતના લોકો આગળ આવે

• આઈમા સોનલઆઈ

આજે સૌને ધન્યવાદ આપતાં મને આનંદ થાય છે અને બીજા બધાં ગામોના ભાઈઓ – બહેનોની પ્રેમભાવના મને સદાય યાદ રહેશે. મારે માટે તો આ એક તીર્થયાત્રા હતી. ગામે ગામના અનુભવો જુદા છે પણ તે બધામાં એક વસ્તુ સામાન્ય હતી, તે સૌના હૃદયમાં જ્ઞાતિ માટે કંઈક ભોગ આપવાની લાગણી મારા જોવામાં આવી. સૌએ ઉજળે મોઢે આવકાર આપ્યો અને ફાળામાં પણ સારી રકમો આપી. ઉપરાંત ગામે –ગામ પવિત્ર આચારવાળાં ભાઈઓ–બહેનોને મળીને ઘણો આનંદ આવ્યો. એમનાં તપ અને પવિત્રતાથી નાત ઉજળી છે. મને તો ખાત્રી થઈ છે કે ચારણ જાતિની ઉન્નતિ થવાની છે કારણ કે સર્વે ઠેકાણે શુભ ભાવનાનો વધારો થતો જોવામાં આવે છે. આ ગુજરાતના પ્રવાસે આપણને ઘણું શીખવ્યું છે, ઘણું જાણવા મળ્યું છે.

ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રના ચારણોએ ભેળા મળીને પોતાની એકતા વધારે મજબૂત બનાવી છે. આવી રીતે જો હૃદયપૂર્વક સંપ જાળવશો, તો પરિણામે ઘણું સારૂં કામ થશે. જ્ઞાતિનું ભલું થશે. સંપ જાળવવા માટે વિદ્વત્તાની જરૂર નથી હોતી, પણ સમજણની, ડહાપણની જરૂર હોય છે. વિદ્વાન તો ભણે ગણે ત્યારે થાય, પણ અભણ હોવા છતાં માણસ સમજુ અને ડાહ્યો હોય છે. વિદ્વાન તો થોડા હોય છે. વાદવિવાદ કરવામાં, મતભેદ ઊભા કરવામાં, બુદ્ધિનો અને ભણતરનો ઉપયોગ કરવાથી થોડા હોય છે. વાદવિવાદ કરવામાં, મતભેદ ઊભા કરવામાં, બુદ્ધિનો અને ભણતરનો ઉપયોગ કરવાથી કોઈનું ભલું થતું નથી, માટે માતાજીએ જે બુદ્ધિ આપી હોય, તેનો ઉપયોગ ડહાપણપૂર્વક કરવો. નાતજાતનું અને સૌનું ભલું થતું હોય, તેવી રીતે વર્તવું. એકબીજાનો દોષ જોવાથી, એકબીજાના દ્વેષ કરવાથી, એકબીજાની નિંદા કરવાથી બુદ્ધિ ભ્રષ્ટ થાય છે અને એકબીજાના ગુણ જોવાથી, એકબીજા સાથે સહકાર કરવાથી બુદ્ધિ પવિત્ર બને છે અને સૌનું ભલું થાય છે માટે સૌએ એવી રીતે સંપી–સમજીને વર્તવું.

સમાજનું કામ કરવું, તે અવિશ્વાસ રાખવાથી ન થઈ શકે. એકબીજામાં વિશ્વાસ રાખીએ, તો જ કામ થાય. આપણે પોતે જ ડાહ્યા અને બીજા નહિ, આપણે પોતે જ વિશ્વાસપાત્ર અને બીજા નહિ, એમ સમજવું એ મોટી ભૂલ ગણાય. એમ કરવાથી પોતાને બીજાઓથી વધારે માની બેસીએ, જુદા પડી જઈએ. નાની નાતમાં મતમતાંતર ઊભા ન કરવા જોઈએ. બધા માતાજીનાં બાળકો સૌ ચારણો એક ધારણ છે, ઊંચાનીચાના ખ્યાલ છોડીને નાતનું ભલું થાય તેમ વર્તે, એનું નામ ડાહ્યો. વળી હજુ તો શરૂઆત થઈ છે. હજુ ઘણું કામ કરવાનું છે.

આપણામાંથી પચીસ ટકા પણ ભણેલ નથી. જે ભણેલા છે તેમણે પોતાના ભણતરનો ઉપયોગ અભણોની સેવામાં કરવો જોઈએ. કમાવું ને ખાવું–પીવું અને પોતાના સ્વાર્થમાં ભણતરનો ઉપયોગ કરવો, એટલો જ ભણતરનો અર્થ થતો હોય, તો તેવું સ્વાર્થી ભણતર ભણવાથી કંઈ બહુ લાભ ન થાય. સાચું ભણતર તો તે કહેવાય કે, જે પોતાને અને બીજાઓને ઉપયોગી થાય. બીજાઓની સેવા કરવાનું શીખવે એનું નામ ભણતર. જીવનમાંથી દુઃખ દાળદર કાઢીને ઉજાશ

લાવે, પ્રેમ વધારે, એકબીજામાં સહકાર વધારે, એવા ભણતરની આપણે જરૂર છે.

ગુજરાતના ભાઈઓ કચ્છ અને સૌરાષ્ટ્રના ભાઈઓ કરતાં વધારે કેળવાયેલા છે એટલે એમણે તો નાતની સેવામાં આગેવાની લેવાની છે. ગુજરાતના ભાઈઓનો સૌ દાખલો લે એવું એમણે કરી બતાવવું જોઈએ. ગુજરાત પાસે શકિત છે, કેળવણી છે, ઉજળાશ અને આચાર છે અને સારી જમીન, સંપત્તિ બધું છે. આમ માતાજીની પૂરી દયા ગુજરાત ઉપર છે. તો ગુજરાતના ભાઈઓએ બોર્ડિંગનું કામ સારા પાયા પર કરી દેવાનું છે. બોર્ડિંગને મજબૂત બનાવવા માટે સૌએ ભેળા રહીને કામ કરવાનું છે. ગુજરાતની એકતા, અકકલ, આવડત, એ બધાં માટે બોર્ડિંગ કસોટીરૂપ બનવાની છે. ગુજરાતના ભાઈઓ એ કસોટી પર પોતાનું હીર બતાવી આપે. મને ગુજરાતના ભાઈઓમાં પૂર્ણ શ્રદ્ધા છે કે, તેઓ બોર્ડિંગનું કામ સારામાં સારી રીતે ઉપાડી લેશે અને બધાંને દષ્ટાંતરૂપ બનશે.

આ પ્રવાસમાં મેં તમને સૌને ખૂબ તકલીફ આપી છે અને ખર્ચ પણ બહુ કરાવ્યો છે પણ તમે તેને તકલીફ નથી માની, તે માટે તમને સૌને ધન્યવાદ છે. માતાજી ચારણોની ચડતી રાખે ને તમે સૌ ખૂબ સુખી થાઓ, સંપ રાખો, વિદ્યા ભણો અને સંસ્કારી બનો, એમ મારી પ્રાર્થના છે. જય માતાજી. •••

## ओंकारसिंह लखावत

पूर्व सांसद (राज्यसभा)

चारण जाति के एवम् साहित्य के इतिहास में आधुनिकतम तकनीक से युक्त पहली बार 'चारण शक्ति' ऑनलाइन वेबसाइट प्रारंभ हो रही है, यह अभिनव कार्य समाज के विकास, साहित्य, समन्वय, गतिविधियों से सम्बंधित सकारात्मक जानकारी देश–विदेश में त्वरित गति से पहुंच सकेगी, विज्ञान के इस युग में ऐसी वेबसाइट की नितांत आवश्यकता अनुभव की जा रही थी।

यह प्रयोग चारण और चारण साहित्य के क्षेत्र में अभिनव प्रयोग होगा, मैं समाज के सभी विद्वत महानुभावों, देवियों एवम् युवाओं से आग्रह करता हूं कि वे इसका सकारात्मक सदुपयोग करें।

हमारी प्रगति और आवश्यकता अब हर घर तक पहुंच सकेगी ऐसी आशा करता हुं। संचालक महानुभवों से निवेदन करता हूं कि समय – समय पर इस कार्य की समीक्षा करते रहे। बधाई और शुभकामनायें।

सही /–

इति दिनांक : 01.12.2023

(ओंकारसिंह लखावत)
कार्यकारी अध्यक्ष
अखिल भारतीय चारण गढ़वी समाज
24–ए, मोहन कॉलोनी, रवेज फार्म, चित्रांश स्कूल के पास, सोडाला,जयपुर–302006(राजस्थान)
ई–मेल : oslakhawat@gmail.com - मो. 9414007610

# ડેલીએ બેઠો અડીખમ ડુંગરો : રાજકવિ પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા

• વી.એસ. ગઢવી

ભાવનગર રાજયના રાજકવિ પિંગળશીભાઈ પાતાભાઈ નરેલાની ૧૬૫મી જન્મજયંતી તા.૨૫/૧૦/૨૦૨૩ના રોજ ભાવનગર નજીક શેઢાવદર ગામમાં ઉજવવામાં આવી. પિંગળશીબાપુના અનેક ચાહકો સ્નેહ તથા આદરથી આ કાર્યક્રમમાં જોડાયા. સમસ્ત ગામ શેઢાવદર માટે આ એક ઐતિહાસિક પ્રસંગ હતો. કવિશ્રીનો શેઢાવદર સાથેનો નાતો મજબૂત હતો અને આજે પણ છે. આથી આ સમગ્ર ઉજવણીનો કાર્યક્રમ એક પરિવાર કે સમાજનો ન રહેતા સમગ્ર શેઢાવદર ગામ આ ઉજવણીના યજમાનપદે હતું. સમાજ તેના સર્જકોનું યોગ્ય સમયે સ્મરણ કરે તે આવશ્યક છે. સર્જકોને યાદ કરીને તેમના યોગદાન માટે ઋણસ્વીકારનો પણ એક મહિમા છે. આ સંદર્ભમાં મોરારિબાપુ દર વર્ષે ભગતબાપુની સ્મૃતિમાં યોજાતા કાર્યક્રમમાં હાજર રહીને સમગ્ર ઉપક્રમને પોતાની હૂંફ પૂરી પાડે છે, તે હકીકત યાદ આવે છે. કાગધામમાં થયેલી કાગકથા પણ આપણી સ્મૃતિમાં હંમેશાં રહે તેવી છે. મજાદર ગામ તથા આસપાસના ગામોમાં પણ વાર્ષિક કાર્યક્રમના આ દિવસ(કાગચોથ)નું એક આગવું મહત્ત્વ છે. સમગ્ર ગુજરાતમાંથી અનેક કાગપ્રેમીજનો તથા સુખ્યાત કલાકારો આ દિવસે મજાદરમાં ઉપસ્થિત હોય છે. કવિની ચેતનાને વંદન કરવાનો આ અવસર બાપુની હાજરીથી વિશેષ ગરિમાપૂર્ણ બને છે.

આ રીતે કવિરાજ પિંગળશીભાઈ નરેલાની સ્મૃતિમાં પણ છેલ્લા થોડા વર્ષોથી ભાઈ ધર્મદીપ મહેનત કરીને કાળજીથી કાર્યક્રમો કરે છે. આ કાર્યમાં અનેક લોકોની શુભેચ્છા તથા સહયોગ ધર્મદીપને મળે છે તે મહત્ત્વની વાત છે. ૨૦૨૩ના વર્ષમાં આવો કાર્યક્રમ શેઢાવદરમાં કરીને એક જુદી જ ભાત સમગ્ર ઉપક્રમને આપવામાં આવી. આવા પ્રયાસો અભિનંદનને પાત્ર છે. ભાવનગરની ઐતિહાસિક ચારણ બોર્ડિંગની સ્થાપનામાં પણ પિંગળશીબાપુનું પાયાનું યોગદાન છે. આઠ દાયકાથી પણ વધારે સમય પહેલા આ કવિએ પ્રયાણ કર્યું, પરંતુ તેમની રહેણી–કરણી તથા કાવ્યસર્જનને કારણે આજે પણ તેમની સ્મૃતિ લોકહૈયામાં અડીખમ ઊભી છે. ભર્તૃહરિ મહારાજે કહ્યું છે તેમ કવિઓની સ્મૃતિ ચિરંજીવી રહે છે. તેઓ સ્વર્ગસ્થ નહિ પરંતુ હૃદયસ્થ થાય છે. ભર્તૃહરિ મહારાજ લખે છે–

**જયંતિ તે સુકૃતિનો**<br>
**રસસિદ્ધાઃ કવિશ્વરા, નાસ્તિ**<br>
**યેષાં યશ,: કાયે જરામરણાંજ ભયમ ॥**

રાજકવિઓની એક ઉજળી પરંપરા રહી છે. રાજકવિઓની સમગ્ર પરંપરાને ઉજાળે તેવું પિંગળશીબાપુનું વ્યકિતત્વ હતું. આ કવિઓએ જે તે સમયના શાસકોને તેમના સારા કાર્યો માટે બિરદાવ્યા છે. આ કવિઓ રાજય સાથે મજબૂત તથા પેઢી દર પેઢીનો સંબંધ ધરાવે છે. આથી શાસકો સાથેના તેમના તંદુરસ્ત સંબંધો છે. ઉપરાંત લોકસમૂહ તથા રાજવીઓ વચ્ચે તેઓ મજબૂત કડી બનીને ઊભા રહે છે. પિંગળશીભાઈ નરેલાએ ભાવનગરના રાજવીઓની ત્રણ પેઢીઓ સાથે નિટકતાથી કાર્ય કર્યું. આ બાબત પણ કવિના દીર્ઘ યોગદાનનું પ્રતીક છે. જે તે સમયે આ કવિઓ જે સર્જન કરે તે સમગ્ર ઈતિહાસનો પણ એક મહત્ત્વનો ભાગ બને છે. ઈતિહાસની કેટલીક

ખૂટતી કડીઓ પણ અહીંથી મળી રહે છે.

રાજકવિ પિંગળશીબાપુના વ્યકિતત્વ બાબત દિગ્ગજ સાહિત્યકારોએ લખ્યું છે. રાજયકવિનાં વ્યકિતત્વનો પ્રભાવ હતો. કવિની કોઠાસૂઝ અને રાજનીતિની સમજ ઊંડી હતી. ભાવનગરના રાજવી વીરભદ્રસિંહજીએ લખ્યું છે કે પિંગળશીબાપુને મારા પિતા રાજવી કૃષ્ણકુમારસિંહજી માત્ર રાજકવિ તરીકે જ નહિ, પરંતુ સલાહકાર તરીકે પણ માનતા હતા (પિંગળવાણી). નૂતન પ્રવાહને સમજનારા આ કવિવર્ય હંમેશાં પોતાના વિચારો સ્પષ્ટ તથા નીડરતાથી રજૂ કરતા હતા. પિંગળશીભાઈ જેવી કહેણી સાંભળવા મળે તેમ લાગતું નથી તેવું વીરભદ્રસિંહજીનું વિધાન કવિના જાજવલ્યમાન વ્યકિતત્વની એક ઓળખ સમાન છે.

જાણીતા સર્જક ચન્દ્રવદન મહેતાએ પિંગળશીબાપુના વ્યકિતત્વ અંગે વિગતે વાત કરી છે **(પિંગળવાણી, પ્રકાશકઃ બળદેવભાઈ નરેલા)** આ બાબત જોતા પણ કવિના પ્રભાવી વ્યકિતત્વની ભાગીગળ ઝલક જોવા મળે છે. ચંદ્રવદન મહેતા લખે છે કે તેઓ ભાવનગરમાં યોજવામાં આવેલી સાહિત્ય પરિષદના અધિવેશનમાં ગયા હતા. ચંદ્રવદન મહેતા પાનવાડીમાં પિંગળશીભાઈને મળ્યા ત્યારે કવિ ખબરદાર તથા બળવંતરાય ઠાકોર સાથે તેઓ હતા. ચંદ્રવદન મહેતા લખે છેઃ ''પિંગળશીભાઈને જોયા પછી તેમના પ્રભાવી વ્યકિતત્વને કારણે વાત કરવાની હિમ્મત કરી શકયો ન હતો... સભાજનોને મંત્રમુગ્ધ કરનાર સમય સંજોગ આવે તો તરત શીઘ્ર કવિતા કરી લલકારનાર કવિમહાશયો તે આ !' મનપ્રફુલ્લિત કરે તેવો આ પ્રસંગ ચંદ્રવદન મહેતાના સ્મરણમાં જીવનભર રહ્યો હતો. પિંગળશીબાપુના કાવ્યો નરસિંહ-દયારામ કે મીરાંની અડોઅડ બેસી શકે તેવા છે. આથી જ આ કાવ્યો આજે પણ લોકજીભે રમે છે.''

**'સૌરાષ્ટ્રની રસધાર'**નો પહેલો ભાગ પ્રગટ થયો તેને આ વર્ષે એટલે કે ૨૦૨૩માં સો વર્ષનાં વહાણાં વાઈ ગયા છે.મેઘાણીને સૌરાષ્ટ્રની રસધારની વાતોની વિગતો મેળવવામાં દરબાર વાજસુરવાળાનું મહત્ત્વનું પ્રદાન રહ્યું. દરબાર વાજસુરવાળા ઉપરાંત જેમની પાસેથી મહત્ત્વની વાતો પ્રાપ્ત થઈ તે બાબતમાં મેઘાણી લખે છેઃ ''ભાવનગરના વિદ્વાન રાજયકવિ પિંગળશીભાઈ નરેલાને **'રસધાર'** કદી વિસરી શકે તેમ નથી. પોતાનો અમૂલ્ય સમય, સ્નેહ તેમજ ધીરજ આપીને પિંગળશીભાઈ **'રસધાર'**ના ખરબચડા વહેણને સરખો કરી આપ્યો.' અનેક સ્પષ્ટતાઓ પિંગળશીબાપુએ કંટાળ્યા સિવાય પત્ર વ્યવહારથી પણ મેઘાણીને પૂરી પાડી. પિંગળશીભાઈના ગીતો ગામડે ગામડે ગવાય છે. આવા કવિ સૌરાષ્ટ્રમાં એક જ છે. પિંગળશીબાપુ જેવા સમર્થ લોકોના યોગદાનથી **'સૌરાષ્ટ્રની રસધાર'** ભાતીગળ બની છે. આ તળની વાત છે. ભૂમિનું આ મોંઘેરું આભૂષણ એ આપણી સાંસ્કૃતિક મૂડી છે.''

કવિરાજ પિંગળશીભાઈની કાવ્ય રચનાઓમાં વિવિધતાભરી છે. અનેક વિષયોને લઈને તેમણે કાવ્યસર્જન કર્યુંછે. છંદના તથા રાગના વિવિધ સ્વરૂપો તેમની રચનાઓમાં ઝળહળે છે. મિત્ર કેવો હોય તેનું એક સુંદર છપ્પય માણવું ગમે તેવું છે–

**મિત્ર કીજીએ મરદ,**
**મરદ મન દરદ મિટાવે,**
**મિત્ર કીજીએ મરદ,**
**કામ વિપત્તિમેં આવે,**
**મિત્ર કીજીએ મરદ,**
**સત્ય કહકર સમજાવે**

**મિત્ર કીજીએ મરદ**
**ખુશામત કર નહિ ખાવે.**
**મિત્ર તાહિકો નામ હૈ**
**લોભ કબુ મન ના લગે**
**કવિ સત્ય બાત પિંગલ કહે**
**દેહ જાય નેહ ન ડગે.**

પિંગળશીબાપુનું બીજું એક કાવ્ય **'સુકાણાં મોલ સૃષ્ટિના પછી વૃષ્ટિ થયાથી શું?'** પણ તેના શબ્દો તેમજ ભાવને કારણે લોકચાહના મેળવી શકયું છે. ઉત્તમ કવિકર્મ ઉપરાંત પ્રભાવશાળી તથા ઉદારતાના અનેક ગુણ પિંગળશીબાપુના વ્યકિતત્વનો અભિન્ન ભાગ છે. તેમના કાવ્યો પાઠ્ય પુસ્તકોમાં સ્થાન પામ્યા છે. પિંગળશીબાપુના અવસાન બાદ મેઘાણીએ લખ્યું (જન્મભૂમિ, મુંબઈ તા.૮/૩/૧૯૩૯) હતું. **'તૂટયું ગરવાનું ટૂક.'** આપણી ગઈકાલની ઉજળી ધરોહરના વિચરતા સ્થંભ સમાન પિંગળશીબાપુના પહાડી વ્યકિતત્વનો આ ઉપમાથી ખ્યાલ આવે છે.

પિંગળશીબાપુના પિતા પાતાભાઈ પણ સમર્થ રાજકવિ હતા. **'જસો વિલાસ'** નામના જાણીતા ગ્રંથના તેઓ કર્તા હતા. મધ્યયુગના સંતોના માર્ગે ચાલનારા પિંગળશીબાપુ એક સમર્પિત પ્રભુભકત હતા. ઉદાર ચરિત આત્મા એ કોઈ સંતની તુલનામાં આવે તેવા હતા. સમગ્ર પિંગળ સાહિત્ય આપણો ઉજળો વારસો છે. તેમની સ્મૃતિમાં જે કાર્યક્રમો યોજવામાં આવે છે તેવા કાર્યક્રમો થકી સમાજની ગુણગ્રાહિતા પ્રગટ થાય છે.

જાણીતા વિદ્વાન અને લોકસંસ્કૃતિના મરમી જયમલ્લભાઈ પરમારે **'લોકસંસ્કૃતિના કલાધરો'** પુસ્તકમાં પિંગળશીબાપુનું સુરેખ ચિત્ર ઉપસાવ્યું છે.

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

•••

**ગુજરાત પોલીસ દળમાં અધિકારી/કર્મચારી તરીકે પ્રશંસનીય ફરજ અદા કરવા બદલ સન્માનિત થયેલ ગઢવી સમાજની યુવા પ્રતિભાઓ**

- P.I. જે.આર.ભાચકન,C.P.I. પાલિતાણા ભાવનગર જિલ્લા બેસ્ટ ઈન્વેસ્ટિગેશન ઓફિસર એવોર્ડ.
- P.I. એ.એન. ગઢવી, દાહોદ ટાઉન – દાહોદ જિલ્લા અપહરણ થયેલ બાળકોને મુકત કરાવવા.
- P.S.I. જે.જે. ગઢવી, L.C.B. જૂનાગઢ જિલ્લા વણશોધાયેલ ગુનાઓનું ડિટેકશન, મુદ્દામાલની રિકવરી.
- H.C. ગોપાલભાઈ જી.ગઢવી, S.O.G. પશ્ચિમ કચ્છ જિલ્લા – આંતરરાજય ડ્રગ્સ રેકેટ અન્વયે શ્રેષ્ઠ કામગીરી.
- P.I. ગજેન્દ્રદાન એસ.ગઢવી, L.C.B. પાલનપુર–બનાસકાંઠા જિલ્લા અપહરણ થયેલ યુવતીની મુકિત માટે સરાહનીય કામગીરી.
- P.C. ગોપાલભાઈ કે. ગઢવી, S.R.P.F. પશ્ચિમ ગોધરા – સાબરમતી નદી ખાતે ડૂબતાં નાગરિકની બચાવ કામગીરી.
- P.S.I. કે.જી મયા, પેરોલ ફર્લો સ્કવોડ અમરેલી જિલ્લો ઉપરોકત શાખામાં સરાહનીય કામગીરી.

# નડાબેટનાં અધિષ્ઠાત્રિ શ્રી નડેશ્વરી–વરવડી માતાજી

• શંકરદાન સિંહઢાયચ

ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના સુઈગામ તાલુકાના ભારત-પાક સરહદ પર આવેલ રણદ્વીપ નડાબેટમાં માતાજીશ્રી નડે✓રી-નડેચીનું ભવ્ય મંદિર આજે તો ખૂબ જ પ્રસિદ્ધિ પામેલ છે. હજારો યાત્રિકો માતાજીના દર્શને આવે છે. સચ્ચિદાનંદજી મહારાજની પ્રેરણાથી મમાણાના ગઢવી પ્રભુદાનજી બેચરજી મિસણ તથા સુઈગામના રાજપૂત ભાણાભાઈ ગજાભાઈએ માતાજીના આ મંદિરને ઉજાગર કરવામાં તથા તેને સાધનસુવિધાથી સભર કરવામાં પાયાની ભૂમિકા પૂરી પાડેલી. જેના પરિણામ સ્વરૂપે નડાબેટ આજે શ્રદ્ધા અને આસ્થાના કેન્દ્ર ઉપરાંત સરહદી પ્રવાસનનું ધમધમતું કેન્દ્ર બનેલ છે.

આઈશ્રી નડે✓રી એટલે કે નડાબેટના અધિષ્ઠાત્રી દેવી, જેનું સ્થાનિક ગ્રામ્ય ભાષાનું સ્વરૂપ નરેચી-નડેચી માતાજી તેવું છે. આશ્ચર્ય થશે કે આપણા શ્રદ્ધાવંત ઈતિહાસનું માતાજી વરવડીજી અને જૂનાગઢના રાજા રા'નવઘણનું કથાનક આ નરાબેટ અને માતાજી નરેચીમાનું સ્થાનક પોતાનામાં સંગોપીને બેઠેલું છે. ચારણ આઈ વરવડીજીના સ્થાનકો ઘણે ઠેકાણે, ખાસ કરીને કચ્છનાં નાના-મોટા રણકાંઠે પરાપૂર્વથી પૂજાતાં જોવા મળે છે.

માતાજી વરવડીજીનો જન્મ વિક્રમ સંવત ૧૦૭૭માં થયેલો. એમના પિતાજીનું નામ ચંખડાજી નરા હતું. ચારણોની ૨૩ શાખાઓ પૈકી એક શાખા નરા છે. જેની પેટાશાખા ગોખરૂમાં માતાજીનો જન્મ થયેલો. તેથી માતાજીને પુરાતન કાવ્ય-કવિતાઓમાં 'નરહી' એટલે કે નરા શાખામાં જન્મેલી, નરાની અધિષ્ઠાત્રિ તરીકે સંબોધવામાં આવેલ. નડેચી કે નરેચી તે આ 'નરહી'માંથી ઊતરી આવેલ પ્રાદેશિક ભાષા સ્વરૂપ છે. જેમ રવમાં બેઠેલાં રવેચી, ડુંગર ઉપર બેઠાં તેથી ડુંગરેચી, નાગાણામાં બેઠા તેથી નાગણેચી એ નામે અન્ય લોક-દેવીઓ પ્રસિદ્ધ થઈ, તેમ નરા શાખામાં જન્મેલ અને નરાબેટમાં પૂજાતાં નરેચી કે નડેચી તરીકે પ્રસિદ્ધ થયાં.

માતાજી વરવડીજી નરહીનું જન્મસ્થળ કચ્છ વાગડના હાલના ભચાઉ તાલુકે આવેલ ખોડાસર ગામ હતું. મા વરવડીજી વિશે એક વાત પ્રસિદ્ધ છે કે જન્મ વખતે જ એમના મોઢામાં બત્રીસે દાંત હતા. એમાં ઉપરના જડબામાં આગલા બે દાંત લોઢાના હતા એટલે એમને માટે ગીતો-છંદોમાં **'દાંતાં બત્રીસાં સોત જાઈ, લીઆ દાંત સુ લોહરા'** એવું ગવાય છે. વળી તેઓ રંગે શ્યામ તથા થોડાં કદરૂપાં હતાં, તેથી તેમનું હુલામણું નામ વિ-રૂડી એટલે કે જે રૂડી-રૂપાળી નથી. વરવી-કદરૂપી છે તે. સમય જતાં તે લોકમુખે વિ-રૂડીનું વરૂડી અને વરવડી પાઠફેર થયો અને તે જ નામથી માતાજી લોકખ્યાતિ પામ્યાં.

માતાજી વરવડીજીનો પરિવાર બહોળાં માલઢોર રાખનારો માલધારી પરિવાર હોઈ પોતાના પશુઓને લઈ, જ્યાં બહોળો ઘાસચારો હોય તેવા વિસ્તારમાં નેસ કરી રહેતો. મા વરવડીજીની ઉંમર આશરે દસેક વર્ષની હતી ત્યારે વિક્રમ સંવત ૧૦૮૭ના વર્ષમાં ભયંકર દુષ્કાળ પડેલો એટલે માતાજીના પિતાશ્રી ચંખડાજી નરા તથા અન્ય ચારણો પોતાના માલઢોર હાંકી કચ્છ, થરપારકર અને નૈયડનાં ત્રિભેટે સીમાડે આવેલ

આજના આ નરાબેટમાં - નડાબેટમાં બહોળો ઘાસચારો હોઈ નેસ કરીને પોતાનો નિવાસ કરેલો. માતાજી વરવડીજીનાં બાળવયમાં પણ આચાર - વિચાર અને ધર્મધ્યાન ઊંચાં હતાં. માતાજીની આધ્યાત્મિક અને ઓજસ્વી શકિતઓ લોકસમુદાયમાં બાળપણથી જ ધીરે-ધીરે ઉજાગર થવા લાગેલી. આ નડાબેટ કાઠિયાવાડ, ગુજરાત અને મેવાડ-માળવાથી બલુચિસ્તાનમાં આવેલ હિંગળાજ પીઠનાં દર્શનાર્થીઓના માર્ગમાં આવતો હોઈ તેવા યાત્રાળુઓ અને કાપડી સાધુઓની જમાતો માતાજીના આધ્યાત્મિક તેજથી અને માતાજીના અન્નપૂર્ણારૂપ ઔદાર્યથી ખેંચાઈને માતાજીના નેસે આવવા લાગેલ. માતાજી અને માતાજીનો પરિવાર પણ રોટલાનો ઉદાર હોઈ દૂધ-ઘી અને ગોરસ માખણથી આંગણે આવેલાનું યથોચિત સત્કાર કરી ઉજળે મોઢે આવકાર આપી પ્રેમભાવથી સૌને ભોજન કરાવતો. આમ, માતાજી વરવડીજી નરહીનો આધ્યાત્મિક મહિમા વધતો ગયો. માતાજીનો પરિવાર ચારણોની નરા શાખાનો હોઈ અને ચારણો પણ તત્કાલીન રાજપૂત શાસકો મહેસુલી કે મસવાડી કરવેરો લેતા ન હોઈ આ રણદ્વિપ નરા શાખાના ચારણોના નામથી તથા ચંખડાજી નરાનાં આધિપત્ય હેઠળ હોઈ ધીરે-ધીરે લોકમુખે નરાબેટ અને પાછળથી નડાબેટ તરીકે ચર્ચાતો થયો. તેવી જ રીતે માતાજી વરવડીજી નરેચી - નડેચી તરીકે લોકખ્યાતિ પામી પેઢી-દરપેઢી લોકોની આસ્થાનું કેન્દ્ર બની પૂજાવા લાગ્યાં.

માતાજી અને માતાજીનો પરિવાર જયારે નડાબેટમાં નિવાસ કરતાં હતાં ત્યારે જૂનાગઢનો રાજા રા'નવઘણ(પહેલો) પોતાની ધર્મની બહેન જાહલને તથા જાહલના પરિવારજનો એવા સોરઠના આહીરોને સિંધના નવા-નવરોજ મુસ્લિમધર્મ અંગીકાર કરેલા સુમરા બાદશાહના પંજામાંથી છોડાવવા માટે, મોટું લશ્કર લઈને સિંધ તરફ જતાં વચ્ચે આવેલ વરવડી માતાજીના પિતાશ્રી ચંખડાજી નરાના આ નડાબેટમાં આવેલ નેસ પાસેથી પસાર થાય છે. ત્યાં દિવસનો તડકો ચડવાથી લશ્કર થોડો વખત ભોજન અને આરામ માટે પડાવ નાખે છે. તે જગ્યાએ એક મોટા વૃક્ષ નીચે બાજુમાં આવેલ નેસની ચારણ કન્યાઓ આઈ વરવડી અને તેમનાં બહેન સહદેવબાઈ વગેરે રમતાં હતાં. તેમણે પથ્થરના મંગાળાઓનો નાનકડો ચૂલો બનાવેલો. અડખે-પડખેથી લાકડાના કરગઠિયાં વીણી લાવીને ચુલામાં અગ્નિ પેટાવેલો અને તે પર માટીની એક નાની કુલડીમાં દૂધ-ચોખા ઓરીને માતાજીની નૈવેદ્ય ખીર બનાવવાની બાળસહજ રમત રમતાં હતાં. તે સમયે સેનાની મોખરે રહેલા રા'નવઘણે આ ચારણ કન્યાઓને જોયાં અને આધ્યાત્મિક ઓજથી સૌથી જુદાં તરી આવતાં વરવડીજી બાળસહજ ઉત્સુકતાથી સેનાની સામાં આવતાં રાએ પૂછયું કે, 'બાઈઓ, તમે કોણ છો?' ત્યારે માતાજી વરવડીજીએ જવાબ આપ્યો કે, 'અમે ચારણ છીએ. તમે કોણ છો?' દીકરીઓ ચારણ કન્યાઓ હોઈ રા'નવઘણ ઘોડેથી હેઠો ઊતર્યો અને, 'માતાજી, હું જૂનાગઢનો રાજા રા'નવઘણ છું' - એમ કહી હાથ જોડયા એટલે આઈએ તેના દુ:ખણાં - ઓવારણાં લીધાં. પછી રાએ પૂછયું કે, 'માતાજી, આ કુલડીમાં શું ચડાવ્યું છે.' માતાજીએ જવાબ આપ્યો કે, 'માતાજીને નૈવેદ્ય કરવું છે. તેથી ખીર રાંધીએ છીએ.'

રા બોલ્યાં કે, 'માતાજી! મને એ પ્રસાદ જમાડશોને?' માતાજી બોલ્યાં કે, 'હા ! હા! જરૂર જમાડીશું.' હવે ખીર ચડી ગઈ છે અને રોટલીઓ તૈયાર છે એટલે જમવા બેસી જાઓ એટલી વાર

છે. રા' બોલ્યા કે, 'માતાજી ! હું તો હસતો હતો, અમારા લશ્કરનો અહીં પડાવ છે. બધાનું ભોજન ત્યાં તૈયાર થશે.' ત્યારે માતાજી વરવડી બોલ્યાં કે, 'નહિ બાપ રા! માતાજીનો પ્રસાદ તો તમારે અને આખા લશ્કરે સૌએ લેવો પડશે માટે સૌને જમવા બેસાડી દ્યો. માતાજીના પ્રસાદની ના પડાયે નહીં.' રાજા દ્વિધામાં હતા. વિચારતા હતા કે શું જવાબ દેવો ? ત્યાં આઈ વરવડીએ પોતાની નાનીબેન સહદેવબાઈ અને બીજી બાઈઓને આજ્ઞા કરી, એટલે તેઓ વડલા પર ચડીને તેનાં પાદડાં નીચે નાખવા લાગ્યાં. તે બધાં પાંદડાં નીચે પડવા સાથે કાંસાની ઊજળી તાંસળિયો અને થાળીઓમાં ફેરવાવા લાગ્યાં, તે જોઈને રા'નવઘણને સમજાયું કે આ તો સાક્ષાત જગદંબા છે એટલે 'મા, મા' કહીને આઈ વરવડીના પગમાં પડી ગયો અને બોલ્યો કે 'આઈ! માતાજી! અમે તમારો પ્રસાદ જરૂર જમીશું' ત્યાં તો થાળીઓ અને તાંસળીઓના ખડકલા થઈ ગયા અને આઈ વરવડી વગેરે બહેનોએ ઘેરથી લાવેલ રોટલીઓ એન ગોળ-ઘીનું ભાતું લાવેલ તે ભાતાના ડબાઓ પર તથા ખીરની કુલડી પર આઈ વરવડીએ પોતાની લોબડીની આંચ ફેરવીને તેને લોબડીથી ઢાંકી દીધાં.

નેસમાંથી આબાલ-વૃદ્ધ સૌ ચારણ સમૂહ આવી પહોંચ્યો અને આઈએ નવઘણ વગેરે સૌને જમાડવા બેસાડી દીધા. સૌની આગળ તાંસળીઓ અને થાળીઓ મૂકાઈ ગઈ અને પછી લોબડી નીચેથી સૌના ભાણાઓમાં ખીર-રોટલી, ખાંડ-ગોળ-ઘીનું પીરસણું ચાલુ થયું. સૌ ભાવવિભોર થઈ પેટ ભરીને મનગમતું ભોજન જમી તૃપ્ત થયા. આટલા મોટા સમૂહને ત્રણ વખત ખીર-રોટલી-ખાંડ-ઘી આગ્રહપૂર્વક પિરસાયાં, પણ એક નાનકડી કુલડીની ખીર અને ભાતાની થોડીક રોટલીઓ તોય વધી પડી. દ્રૌપદીને સૂર્યનારાયણે આપેલ અક્ષયપાત્રની જેમ આઈ વરવડીની કુલડી અક્ષયપાત્ર બની. વસિષ્ઠ ઋષિની નંદિનીએ જેમ રાજા વિશ્વામિત્રના આખા લશ્કરને જમાડયું હતું તેમ આઈ વરવડીની લોબડી કામધેનુની પુત્રી નંદિની બની ગઈ.

આઈ વરવડી અંગે શ્રી નરૂજી કવિયા રચિત 'જગદંબા રા પવાડા' નામના ગીત ચિત્ત ઈલોલમાં નીચે મુજબ વર્ણન છે–

**બીરવડારા બિરદ બંકા, સુણે કાન સુહાય,**
**જમન લીધો ભલાં, જગમેં ચંખડા ઘર જાય,**
**તો સુખ થાયજી સુખ થાય, સગતી સેવગાં સુખ થાય..૧**
**ધન્ય નરહાં વંશ ધરિયો, અંબિકા તન આય,**
**પતિ દેથા તણે પરણ્યાં, નેસ ખોડે ન્યાય,**
**તો થિરથાયજી થિર થાય, થારી આસતી થિરથાય..૨**
**ખેલ કરતાં હેક કુલડી, ઓરી ચાવળ આપ,**
**સીજિકે અતિ ભયા સુંદર સાથણ્યાં હિત સાફ,**
**તો અણમાપજી અણમાપ, આઈ ભૂપ ફોજ અમાપ..૩**
**નામ શિરયોં કહ્યો નવઘણ, મૈયા સુણ મો બાત,**
**બિરવડા જમવાય બાઈ, ભલો આછો ભાત,**
**તો મગજાતજી મગજાત, જલ્દી જિમાડયા મગજાત..૪**
**કુલડી અણખૂટ કીધા, પ્રોસી લાખણ પૂત,**
**અન્નપૂર્ણા ભઈ અંબા, નવઘણરો દળ નૂત,**
**તો અદભૂતજી અદભૂત, ઈલાજસ વિસ્તર્યો અદભૂત..૫**

જમણવાર પત્યા બાદ થોડીવાર આરામ કર્યા પછી રા'નવઘણે વિદાયની આજ્ઞા માંગતાં કહ્યું કે, 'મા, મારી ધર્મની બહેન જાહલ અને તેની સાથ વાળા સોરઠના આહીરો પર આફત આવી છે. તેમને સુમરાઓના પંજામાંથી છોડાવવા માટે સિંધ જાઉં છું, તો આપ આશીર્વાદ આપો, એટલે સુમરાઓ પર મારો વિજય થાય.'

'આઈ વરવડીએ ઉત્તર આપ્યો કે, 'બાપ! રા, જા મારા આશિષ છે. તારો જરૂર

વિજય થશે.' ત્યારે નવઘણે કહ્યું, 'માતાજી! વચમાં એક મુશ્કેલી છે. હાકડો સમુદ્ર(કચ્છનું મોટું રણ) વચ્ચે આવે છે. જેમાં છીછરાં પાણી ભરેલ પડયાં છે એટલે લશ્કરને લઈ જવામાં મુશ્કેલી છે અને જો રણને ફરીને જાઉં તે માર્ગ ઘણો લાંબો છે; એટલે ઘણો વખત લાગી જાય. આઈએ કહ્યું કે, 'બાપ, આ માતાજીના આખા(ચોખા) આપું છું. તે હાકડાના પાણીમાં નાખજે એટલે તારો ઘોડો જયાં હાલશે ત્યાં હાકડામાં માર્ગ પડતો જશે અને તારી ફોજ નિર્વિઘ્ને સિંધ પહોંચી જશે.' આઈનાં આવાં વચનો સાંભળીને રા'નવઘણ પ્રસન્ન થયો. તેણે તેની પાઘડી અંતરવાસ નાખી, આઈએ આપેલ આખા(ચોખા) પોતાના ખેસમાં લીધા અને તેની ગાંઠ વાળી. આમ આઈના આશીર્વાદ મેળવી સિંધમાં પહોંચ્યો.સુમરા પર વિજય મેળવી જાહલ તથા આહીરોને છોડાવી લાવ્યો. વળતી વખતે પણ રા'નવઘણ આઈ વરવડીને પગે લાગવા તથા ઉપકાર માનવા માટે તેમના નેસમાં આવેલો.

આઈ વરવડી નડાબેટમાં કેટલોક સમય રહેલ હોઈ નડેચી માતાજી તરીકે પ્રખ્યાત થયાં. આઈ વરવડી, જગદંબાનો અવતાર હતાં. અન્નપૂર્ણા તરીકે જીવનભર અતિથિઓને પોષતાં રહ્યાં. એમની ઉદારતા અને કરણી અજોડ હતી. સૌરાષ્ટ્ર,ગુજરાતમાંથી આઈ હિંગળાજ અને આઈ આવડ-આશાપુરા કે આઈ રવેચીની યાત્રાએ જનારાં સૌ ભાવિકો આઈ વરવડીનાં દર્શનનો અવશ્ય લાભ લેતાં. નવઘણના લશ્કરને જમાડયું તેવી રીતે કાપડી સાધુઓના હજારોની સંખ્યાના મોટા સંઘો દર વર્ષે હિંગળાજ પરસવા જતી વખતે શુભ શુકન તરીકે આઈ વરવડીનો પ્રસાદ અવશ્ય લેવા આવતા, તેમને પણ આઈ વરવડી જમાડી તૃપ્ત કરતાં. એમના પિતા ચંખડાજી સેંકડો પોઠીઆઓ રાખીને વાણિજય વેપાર ખેડતા, તેમના ઘરે સર્વ અતિથિઓ સાધુ, સંતોનો ખૂબ આદર સત્કાર થતો, સદાવ્રત ચાલુ રહેતું.

આઈ વરવડીનાં અનેક કાવ્યો, છંદો, ગીતો, ચરજો રચાયાં છે. તેમાંના એક પ્રાચીન છંદની કેટલીક કડીઓમાં તેમના જન્મની, નવઘણ તથા તેના લશ્કરને જમાડવાની તથા કાપડીઓના સંઘોને જમાડવાની વાતોનો ઉલ્લેખ છે. તે છંદની એ કડીઓ નીચે આપવામાં આવી છે–

**દાંતાં બત્રીસાં સોત જાઈ, લિયા દાંતસુ લોહરા,**
**અચરજ્જ દરશન હુઆ અંબા, મટયા વાદળ મોહરા,**
**દોય પખાં પૂરી, શકતસુરી, વિના હૂકમ પરવડી,**
**નિત વળાં અન્નવડ દિયણ નરહી, વળાં પૂરણ વરવડી,**
**નિતવળાં અન્નવડ (૧)**

**નવલાખ ઘોડે ચડયો નવઘણ, સૂમરાં ધર સોલડે,**
**સાગર સુંખળ–ભળ શેષ સળવળ, ચાર ચકધર ચળવળે,**
**ઈણરૂપ ચડિયો સિંધ ઉપર, ઈલા રજ અંબર અડી,**
**નિતવળાં અન્નવડ (૨)**

**બાઈયું તે રમવા વેશબાળે, નેસહૂંતે નીસરી,**
**માહેશ ડાડો શેષમામો, એમ દોય પખ ઉજળી,**
**દેશોત નવઘણ જમત જિણદિન, ચાડ નાની ચરવડી,**
**નિતવળાં અન્નવડ (૩)**

**સહદેવ બેનડ આપ સમવડ, ચોજ રાખણ વડ ચડી,**
**ત્રાંસળાં કીધાં પાન ત્રોડે, ઘણે સંચે તિણ ઘડી,**
**કોય કળા વરવડ, ધ્રપે કટકડ, કિયા ત્રપતા કૂલડી,**
**નિતવળાં અન્નવડ (૪)**

**અન્ન ઘૃત અણથર ચરૂ હેકણ, પોરસેં દળ પોષીઆ,**
**કોય વાર જીમણ ધ્રવેકટકડ, સમુદ્ર જળ ઘણ શોષીઆ,**
**અણરૂપ ઊઠી નાખ આખા, સૂજશરી જગ શગચડી,**
**નિતવળાં અન્નવડ (૫)**

**કાપડી ગણ લખ જાત્ર કારણ, એહ નેશેં આહિયા,**
**દોહણે હેકણ તે જ દેવી, પંથ વહેતા પાહિયા,**
**સત ધનો વરવડ કિરણ સૂરજ, પ્રસધ નવખંડ પરવડી,**
**નિતવળાં અન્નવડ (૬)**

પ્રથમ કહ્યું તેમ સુઈગામ પાસેના નડાબેટમાં માતાજી 'નડેચી'નું ભવ્ય મંદિર છે. બીજાં પણ, ઘણે ઠેકાણે આઈનાં નાનાં-મોટાં મંદિર આવેલાં છે.

ભારત-પાકિસ્તાનના ઈ.સ.૧૯૭૧ના યુદ્ધ વખતે ત્યાં તહેનાત ભારતીય લશ્કરનું પણ મનોબળ મા નડેચી પ્રત્યેની શ્રદ્ધા, ભકિતથી ઘણું વધ્યું હતું. માના મંદિરે લશ્કરના જવાનો નિયમિત ધૂપ-દીપ, આરતી પણ કરતા.

માતાજી નડેચીના જાહેર ટ્રસ્ટની સ્થાપના થતાં - ત્યારે ટ્રસ્ટના પ્રથમ પ્રમુખ તરીકે ગામ મમાણાના ગઢવી શ્રી પ્રભુદાનજી બેચરજી મિસણને સર્વાનુમતે ચૂંટવામાં આવેલ. જેમણે નડાબેટનાં નડેચી માતાજીના મંદિરને ઉજાગર કરવામાં અને પાયાની સુવિધાઓ ઊભી કરવામાં ખૂબ પ્રયાસ કરેલ હતો. આજે માતાજીના આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે મમાણા ગામના ગઢવી શ્રી કેશવદાનજી પ્રભુદાનજી મિસણ તથા કોરેંટી ગામના ગઢવી શ્રી ઉમેદદાનજી આવડદાનજી ખડીયા પોતાની સેવાઓ અને માર્ગદર્શન આપી રહ્યાં છે.

(૯૬૮૭૭ ૫૮૦૫૯)

•••

**ચારણ સંસ્કૃતિ મેગેઝિનને દર વર્ષે એકવાર અનુદાન આપનારા મહાનુભાવો**

૧૧૦૦૦ શ્રી હરેશભાઈ તથા સુભાષભાઈ જે. ગઢવી - મુંબઈ (ભાડલા)
૧૧૦૦૦ શ્રી કીર્તિદાન ગઢવી - રાજકોટ
૧૧૦૦૦ આઈશ્રી સોનલમા ચારણ ગઢવી સમાજ - ગોધરા
૫૦૦૦ પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી - અમદાવાદ
૫૦૦૦ શ્રી વી. એસ. ગઢવી, આઈ.એ.એસ.(નિવૃત્ત) - ગાંધીનગર
૫૦૦૦ શ્રી કે.વી. બાટી, ડેપ્યુટી કલેકટરશ્રી - વેરાવળ
૫૦૦૦ શ્રી આર. જી. ગઢવી, આસિ.કમિશનર સેલ્સટેક્ષ(નિવૃત્ત) - અમદાવાદ
૫૦૦૦ શ્રી માણસુરભાઈ ગોકળભાઈ સોયા,સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)- અમદાવાદ
૫૦૦૦ ડો. કેશવ ડોસાભાઈ કારીયા - જામખંભાળિયા
૫૦૦૦ શ્રી નરસંગભાઈ ઠાકરીયા, અધિકારીશ્રી(નિવૃત્ત) - સુરત
૫૦૦૦ શ્રી લાભુભાઈ નનુભાઈ બાવડા, અધિકારીશ્રી(નિવૃત્ત) - ગાંધીનગર
૫૦૦૦ શ્રી કિરીટકુમાર ઉમાભાઈ ટાપરિયા, સેલ્સટેક્ષ ઓફિસર(નિવૃત્ત)-ગાંધીનગર

**છેતરીને મેળવેલ કોઈપણ વસ્તુ, પ્રેમ,પદ, પૈસા કે પ્રતિષ્ઠા હંમેશા વિનાશ જ સર્જે છે**

**જિંદગીમાં આપણે કેટલા સાચા છીએ કે ખોટા તે બે જ શખસ જાણે છે, એક તો 'પરમાત્મા' અને બીજો 'અંતરાત્મા'**

# રાજસ્થાનની એક જ કુટુંબની વીર ત્રિપુટી

• પુષ્પદાન શં. ગઢવી

**(ભારતનાં સ્વતંત્રતા સંગ્રામમાં, રાજસ્થાનમાં આવેલા સ્વતંત્રતા આંદોલનના ક્રાંતિકારી યુગમાં** (Revolutionary Period) **ત્રણ ચતુર્થાંશ યોગદાન મેવાડાના શાહપુરામાં આવેલ દેવખેડા જાગીરનાં જાગીરદાર બારહઠ પરિવારનું હતું. માત્ર એક જ કુટુંબમાંથી ત્રણ ક્રાંતિકારીઓએ પોતાનાં સર્વસ્વનું બલિદાન આપ્યું હોય, અને તે પરિવારની ત્રણ પેઢીએ બ્રિટીશ સલ્તનત સામે બહાદુરીપૂર્વક અવાજ ઊઠાવ્યો હતો, તેવું સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં આ કદાચ એક વિરલ ઉદાહરણ હશે.)**

રાજપૂતાનામાં સ્વતંત્રતા સંગ્રામની જયોતિને પ્રજવલિત કરનારા ક્રાંતિકારીઓમાં રાજસ્થાનના મેવાડમાં આવેલ અર્ધ સ્વતંત્ર રાજય શાહપુરાના દેવખેડા જાગીરના શ્રીમંત જાગીરદાર ઠાકુર કેસરીસિંહજી બારહઠ તથા તેમના લઘુબંધુ ઠાકુર જોરાવરસિંહજી અને તેમના જયેષ્ઠ પુત્ર કુંવર પ્રતાપસિંહજીની ક્રાંતિકારી ત્રિપુટીએ ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં પોતાની જાત, માલ–મિલકતો અને તમામ સુખ–સગવડોને હોમી દઈ પોતાના નામો ઈતિહાસમાં અમર કરી દીધા છે. આ ત્રિપુટીના બલિદાનની અમર ગાથા એક અજોડ અને વિરલ હોઈ તેમની આ યશોગાથા આપણા રાષ્ટ્રના સ્વતંત્રતા સંગ્રામના ઈતિહાસમાં કાયમ માટે કંડારાયેલી રહેશે.

આ કુટુંબના પૂર્વજોનો ઈતિહાસ સંક્ષેપમાં જોઈએ તો મેવાડ ચિત્તોડના મહારાણા હમીરસિંહને તેમનું છીનવાઈ ગયેલું રાજય પરત મેળવવા માટે ગુજરાતના હળવદ તાલુકાના ખોડ ગામના આઈશ્રી વરવડીજીએ અને તેમના પુત્ર બારૂજી સૌદાએ ૫૦૦ ઘોડા તથા લશ્કર એકત્ર કરવા માટે જોઈતી તમામ નાણાંકીય સવલતો પૂરી કરી આપી હતી જે હકીકત ઈતિહાસમાં સર્વ–વિદિત છે.

મેવાડના મહારાણાને તેમનું ચિત્તોડનું રાજય પુનઃ પ્રાપ્ત થતા, તેઓએ આઈશ્રી વરવડીજીને અને તેમનાં પુત્ર બારૂજીને ગુજરાતથી માન–સન્માન સાથે, સાદર આમંત્રણ આપી, તેમને ઉમરાવનો દરજજો આપી તેમને પોતાના વંશ પરંપરાગત 'પોળપાત બારહઠ' બનાવ્યા અને બાર ગામોની મોટી જાગીર આપી અને ચિત્તોડગઢમાં આઈશ્રી વરવડીજીનાં સ્વર્ગવાસ બાદ એક મંદિર બનાવ્યું. જે મંદિર આજે પણ અન્નપૂર્ણાજીના મંદિર તરીકે ત્યાં મોજુદ છે. આ બારૂજી અને તેમનાં વંશજો સૌદા બારહઠ તરીકે ઓળખાય છે.

આ બારૂજીનો એક પ્રસંગ સંક્ષેપ્તમાં અત્રે જણાવું. તેઓ મેવાડનાં મહારાણા સિવાય અન્ય કોઈ પાસેથી ભેટ–સોગાદ સ્વીકારતા નહિ. તે રીતે તેઓ મેવાડના અયાચી હતા. એક વખત મેવાડના મહારાણા ક્ષેત્રસિંહજી, બુંદીના રાઓ લાલસિંહની પુત્રી સાથે વિવાહ કરવા ગયા ત્યારે બારૂજી સૌદા બારહઠ પણ તેમની સાથે ગયા હતા.

આ શુભ લગ્ન પ્રસંગે બુંદીના શાસક લાલસિંહજીએ બારૂજીને જણાવ્યું કે તમારે મારી પાસે યાચના કરી ભેટ–સોગાદ સ્વીકારવી પડશે, જેનો બારૂજીએ પોતાની અયાચીપણાની ટેકની જાણ કરી તેઓએ કોઈ ભેટ સોગાદ સ્વીકારવાનો નમ્રભાવે ઈનકાર કરતા, રાવ લાલસિંહજીએ અત્યાધિક દબાવ કરતા, બારૂજીએ તેમની ભેટ–સોગાદ સ્વીકારવા માટે પોતાની એક શરત મુકી કે પહેલાં રાવ લાલસિંહજીએ બારૂજીની એક

ભેટનો સ્વીકાર કરવો અને પછી તેઓ લાલસિંહજીની ભેટ સ્વીકારશે.

ત્યાર બાદ બારૂજીએ બાજુનાં એક ઓરડામાં જઈ પોતાની તલવારથી પોતાનું મસ્તક કાપી, તે પર પૂર્વ સૂચનાનુસાર એક કપડું વીંટાવી તે મસ્તક એક નોકર મારફતે રાવ લાલસિંહજીને મોકલાવી આપ્યું.

બારૂજીના આ સ્વાભિમાની પ્રાણોત્સર્ગના ઘટનાની જાણકારી મેવાડનાં મહારાણાને થતા તેમના અને બુંદીના રાવ લાલસિંહની સેવા વચ્ચે યુદ્ધ ખેલાયું, જેમાં રાવ લાલસિંહ મરાયા હતા.

ક્રાંતિકારી વીર બારહઠ ત્રિપુટીને સ્વતંત્રતા સંગ્રામમાં પોતાની જાન, તમામ માલ મિલકત અને પોતાની તમામ સુખસગવડો માટેના બલિદાન આપવાના સંસ્કારો તેમના પૂર્વજો પાસેથી વારસામાં મળ્યા હતા કારણ કે તેમનાં પૂર્વજો આઈશ્રી વરવડીજી તથા તેમના પુત્ર બારૂજીએ પણ પોતાની તમામ તાકાત, સંપત્તિને હોડમાં મુકી ચિત્તોડગઢને વિદેશી શાસનમાંથી મુકત કરાવવામાં અને ખોવાયેલી સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરાવવા માટે અમૂલ્ય યોગદાન આપ્યું હતું.

**અમર શહીદ નરૂજી બારહઠ**

આ ક્રાંતિકારી ત્રિપુટીના અન્ય પૂર્વજ નરૂજી બારહઠની શૂરવીરતા તેમજ ઉદયપુરનાં જગદીશ મંદિરની મુગલ સેના સામેની લડાઈ વખતે બલિદાનની ગાથા રાજસ્થાનના ઈતિહાસમાં પ્રેરણાદાયી ઘટના છે.

મોગલ બાદશાહ ઔરંગઝેબ દ્વારા હિન્દુઓ ઉપર લગાવવામાં આવેલ 'જજિયાવેરા'નો મેવાડના મહારાણા રાજસિંહજીએ પત્ર લખી લેખિતમાં વિરોધ પ્રગટ કર્યો હતો. જેથી ગુસ્સે થઈ ઔરંગઝેબે પોતાની સેનાને ઉદયપુર ઉપર હુમલો કરવા મોકલાવી. તે વખતે ઉદયપુરનાં મહારાણા તેમના જનાના સાથે જંગલમાં નાસી ગયા. તે સમયે ઉદયપુરનાં પોળપાત નરૂજી બારહઠને પ્રથમ એક એવો વિચાર આવ્યો કે તે પણ મહારાણાની સાથે જંગલમાં જતા રહે, પરંતુ તરત જ તેમણે વિચાર કર્યો કે તેમને મહારાણા તરફથી વંશપરંપરાગતનું પોળપાત(કિલ્લાના રક્ષક)નું બિરુદ આપવામાં આવ્યું છે એટલે તે દુશ્મનોથી ઘેરાઈ જવાની પરિસ્થિતિમાં કિલ્લો છોડી જઈ શકે નહીં, તેથી તેમણે મહારાણાની સાથે જંગલમાં જવાનો ઈનકાર કર્યો અને મુગલ બાદશાહ ઔરંગઝેબના સેનાપતિ તાજખાં અને રૂહલ્લાખાં કે જેઓ બાદશાહની સેના લઈ ઉદયપુરમાં આવેલ જગદીશ મંદિરની દેવમૂર્તિઓ તોડવા લાગ્યા ત્યારે નારૂજી બારહઠે તેમનો વીરતાપૂર્વક સામનો કરી મોગલ સેના સામે લડયા અને તે લડાઈમાં તેઓ ૨૫ જાન્યુઆરી, ૧૬૮૦ના શહીદ થઈ વીરગતિને પામ્યા.

પોળપાત (સંસ્કૃતમાં પ્રતૌલીપાત્ર) એટલે રાજપૂત યુગમાં ચારણ જાતિના એ વ્યકિત કે જયારે યુદ્ધકાલમાં ચારેબાજુથી ઘેરાઈ ગયા હોય અને તે વખતે પોતાના કિલ્લામાં જીવતા બચવાનો કોઈ ઉપાય ન હોય, તે વખતે કેસરિયા કરવા અને મરી જવાનો નિશ્ચય કરી, યાહોમ કરી યુદ્ધમાં કૂદી પડવાનો અવસર આવે ત્યારે તે વખતે સૌથી આગળ રહી કિલ્લાનું મુખ્ય દ્વાર પોળપાતે ખોલવાનું રહેતું. તે રીતે સૌથી પ્રથમ આ પોળપાતે પોતાના પ્રાણની આહુતિ આપવાની રહેતી તેમ કરી તે શહીદ થઈ વીરગતિને પ્રાપ્ત કરતા હતા.

**શૂરવીર દેવાજી બારહઠની શહાદત**

આ ક્રાંતિકારીઓના અન્ય એક પૂર્વજ દેવાજી બારહઠ એક યુદ્ધમાં શહીદ થતા, તેમના વારસોને દેવખેડા જાગીર શાહપુરાધીશ તરફથી બક્ષિસમાં આપવામાં આવી હતી.

**ઠાકુર કૃષ્ણસિંહજી (ઉર્ફે કિશનસિંહજી)બારહઠ**

ક્રાંતિવીર ઠા.કેસરીસિંહજી તથા ઠા. જોરાવરસિંહજીનાં પિતાશ્રી કૃષ્ણસિંહજી બારહઠ શાહપુરાના રાજાધિરાજના વંશપરંપરાના પોળપાત (પ્રતૌલીપાત્ર) હતા અને તેઓનું તે રાજયમાં સન્માન હતું. તેઓનો જન્મ શાહપુરામાં આવેલ તેમના પૈતૃક ગામ દેવપુરામાં ફાગણ સુદ-૧, શુક્રવારને વિ.સ.૧૯૦૬(સને ૧૮૫૦)માં થયો હતો. તેઓએ તેમનો વિદ્યાભ્યાસ શાહપુરાના પરમ હંસ સીતારામજી પાસેથી કર્યો હતો. તેઓ હિન્દી, સંસ્કૃત, ઉર્દૂ, ફારસી ભાષાઓનાં અભ્યાસુ વિદ્વાન હતા તથા ડિંગલ અને પિંગલ શાસ્ત્રના જ્ઞાતા અને ઉત્તમ કવિ હતા.

ઠા.શ્રી કૃષ્ણસિંહજીના પિતાનું નામ ઠા. શ્રી ઓનાડસિંહજી અને માતાનું નામ શ્રૃંગારકુંવર હતું. જે પ્રખ્યાત કવિરાજા શ્યામલદાસજીનાં બ્હેન થતા, એ રીતે કવિરાજા શ્રી શ્યામલદાસજી ઠા.શ્રી કૃષ્ણસિંહજીનાં સગા મામા થતા. જેઓ પાસેથી તેમને ઘણું જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

કૃષ્ણસિંહજી શરૂથી જ અંધવિશ્વાસ, પાખંડ, મૂર્તિપૂજા, ફલિત-જયોતિષ વિગેરેમાં કોઈ શ્રદ્ધા ધરાવતા ન હતા અને વિશેષમાં આર્યસમાજના આદ્યસ્થાપક મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનું સને ૧૮૮૨માં ચિત્તોડમાં આગમન થયું ત્યારે ઠાકુર કૃષ્ણસિંહજી સાથે તેઓની મુલાકાત થઈ હતી.ત્યાર બાદ તેઓના ઉદયપુરના પ્રવાસમાં ઉદયપુરના મહારાણાના સંગાથે મહર્ષિ દયાનંદ સરસ્વતીજી પાસેથી મનુસ્મૃતિ, ન્યાસ, દર્શનશાસ્ત્રો વગેરેનો અભ્યાસ મેળવી તેઓ મહર્ષિ દયાનંદ સરસ્વતીના શિષ્ય બન્યા હતા.

ઠા. શ્રી કૃષ્ણસિંહજી બારહઠ સને ૧૮૮૨ના અરસામાં તેઓએ ઉદયપુરના મહારાણા સજ્જનસિંહજીની સેવામાં હતા, અને સ્વામી દયાનંદ સરસ્વતીના સિદ્ધાંતોને પોતાના જીવનમાં આત્મસાત્ કર્યા હતાં. તે વખતે તેમના મનમાં સંકલ્પ ઉદ્ભવ્યો કે, તેઓએ પોતાના જીવનમાં એક એવું કામ કરી જવું કે તેમના મૃત્યુ બાદ લોકો અને વિદ્વાનો તેમને હંમેશાં યાદ કરતા રહે.

આ માટે સમગ્રતયા વિચાર કરીને તેમણે નક્કી કર્યું કે સામાન્ય રીતે દરેક મનુષ્ય માટે પોતાના સમયનો સત્ય ઈતિહાસ લખવાનું અસંભવ હોય છે. તેથી તેઓ રાજપૂતાનો સત્ય ઈતિહાસ લખશે. આવું લખાણ કરવામાં ઘણાં જોખમનો પોતાને સામનો કરવો પડે, તે પરિસ્થિતિથી તેઓ સારી રીતે વાકેફ હતા. તેમણે આવો ઈતિહાસ લખતાં પહેલાં ઉદયપુરના મહારાણા સજ્જનસિંહની અનુમતિ મેળવવા માટે તમામ વિગતો તેઓ સમક્ષ રજૂ કરી જણાવ્યું કે મારા ઈતિહાસમાં આપના ગુણ અને દોષોને યથાર્થરૂપે લખવામાં આવશે. તે માટે આપશ્રીની સહનશીલતા હોય અને મારા મૃત્યુ બાદ મારા આ લખાણને નષ્ટ કરવામાં નહીં આવે તેની મને ખાત્રી આપવામાં આવે તો જ હું મારૂં લખાણ લખવાનું શરૂ કરૂં.

ગુણાનુરાગી મહારાજા સજ્જનસિંહજીએ ઠા.શ્રી કૃષ્ણસિંહજીને આ અંગે પોતાની અનુમતિ આપી અને આવી જ અનુમતિ શાહપુરાના રાજાધિરાજ નાહરસિંહજીએ પણ આપી. ત્યાર બાદ ઠા.શ્રી કૃષ્ણસિંહજીએ ગુપ્ત રીતે આવો ઈતિહાસ લખવાનું શરૂ કર્યું અને તેમણે લખેલો ઈતિહાસ તેમના મૃત્યુ બાદ પ્રકાશિત કરવામાં આવે તેવો તેમનો સંકલ્પ હોઈ, તેમણે પોતાના આ લખાણ પોતાની હયાતીમાં કોઈને પણ બતાવેલ નહીં.

તેમના લખેલા આ ઈતિહાસ **'બારહઠ કૃષ્ણસિંહ કા જીવન-ચરિત્ર ઔર રાજપૂતાના**

**કા ઈતિહાસ'**ને સંપાદન કરી આ ઈતિહાસને ત્રણ ભાગોમાં વહેંચી તેનું પ્રકાશન સને.૨૦૦૯ના સાઈંટીફીક પબ્લિશર્સ(ઈંડીયા) પો.બો.નાં. ૯૧, જોધપુર દ્વારા કરવામાં આવેલ છે અને જેના સંપાદક તરીકે શ્રી ફતેહસિંહ માનવ અને સહ સંપાદક તરીકે શ્રી હરિશંકર ભાર્ગવ(પૂર્વ અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, રાજકીય મહાવિદ્યાલય, અજમેર) તથા શ્રીમતી નાગેન્દ્રબાલા છે.

આજથી આશરે એકસો વીસ વર્ષ પહેલા બારહઠ શ્રી કૃષ્ણસિંહજીએ રૂપિયા ત્રીસ હજાર ખર્ચી એક ભવ્ય ગઢનુમાં વિશાળ હવેલી બનાવી હતી. જે હવેલી તે સમયે શાહપુરાના મહેલો પછી બીજા નંબરની ભવ્ય ઈમારત ગણાતી હતી.

**ક્રાંતિવીર ઠાકુર શ્રી કેસરીસિંહજી બારહઠ**

ક્રાંતિવીર ઠાકુર કેસરીસિંહજીના પિતાનું નામ ઠાકુર શ્રી કૃષ્ણસિંહજી અને તેમની માતાનું નામ બખ્તાવર બાઈ હતું. તેમનો જન્મ માગસર વદ-છઠ, વિ.સં.૧૯૨૯(તા.૧૮/૧૧/૧૮૭૨)ના રોજ થયો હતો. તેમની ઉંમર ૮ વર્ષની હતી, ત્યારે તેમનાં અભ્યાસની શરૂઆત ઉદયપુરમાં તેમના પિતાશ્રીની દેખરેખમાં અને તેમના ગુરુવર્ય ગોપીનાથ શાસ્ત્રીજીની દિશા નિર્દેશાનુસાર થઈ હતી. બાલ્યકાળથી તેમના પર મહર્ષિ દયાનંદ સરસ્વતીજીનો પ્રભાવ રહ્યો હતો.

મહર્ષિ દયાનંદજીએ ઠા.કેસરીસિંહજીને આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે તમો જ્ઞાતિથી ચારણ છો. પરંતુ તમારી કર્મશૈલીથી પણ તમો ચારણ બનો. ઠા.કેસરીસિંહજીના મન મસ્તિષ્ક ઉપર મહર્ષિ દયાનંદ સરસ્વતીજીના આ ઉપદેશની કાયમ માટે ઊંડી અસર રહી હતી. અને તે પ્રમાણે તેઓએ 'ચારણા ચાર'ના નિર્ભિક અને રાષ્ટ્ર ભકિતના લક્ષણોને પોતાની જીવનશૈલીનો એક અંગ બનાવી લીધો હતો.

ઠા.શ્રી કેસરીસિંહજીનાં લગ્ન કોટડીના ચારણ કવિરાજા દેવીદાનજીની સુપુત્રી માણિકયકંવર સાથે વિ.સં.૧૯૪૭માં થયા હતા.

ઉદયપુરના મહારાણાશ્રી ફતેહસિંહજીના તેઓ મુખ્ય સલાહકાર અને માર્ગદર્શક હતા અને તેઓ હંમેશાં મહારાણા સાહેબ તથા તેમના અન્ય સાથી રિયાસતદારોમાં દેશભકિત તથા સ્વતંત્રતા અને સ્વરાજની ભાવનાઓને જાગૃત કરવા ક્રિયાશીલ રહેતા હતા.

સ્વતંત્રતા સેનાની ક્રાંતિગુરુ પંડિત શ્યામજી કૃષ્ણવર્મા, ઠાકુર કેસરીસિંહજીના નજીકનાં મિત્ર હોવાના કારણે તેઓ (પંડિત શ્યામજી કૃષ્ણવર્મા) ઉદયપુર રહેવા માટે આવ્યા હતા. જયાં પ્રખર દેશભકત ઠા.શ્રી કૃષ્ણસિંહજી, ઠા.શ્રી કેસરીસિંહજી અને પંડિત શ્યામજી કૃષ્ણવર્મા સાથે મળી આપસમાં વિચારવિમર્શ કરી, દેશમાં સ્વતંત્રતા અને સ્વરાજ માટેની જે ચળવળ ચાલી રહી હતી, તે તેઓના મત પ્રમાણે અપૂરતી અને જોશ વગરની તેમને જણાઈ અને તેથી તેમાં વધારે તીવ્રતા અને જોશ કેવી રીતે આવે અને તે ચળવળમાં ઓર તેજ ગતિ કેમ આવે, તેવી યોજનાઓનો આરંભ તેઓએ કરાવ્યો. અંગ્રેજી ગુપ્તચર પોલીસે બારહઠ પરિવારની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખવાનું પણ શરૂ કર્યું. આ લોકોએ રાજપૂતાનામાં 'અભિનવ ભારત' નામના એક સગંઠનની રચના કરી, જેમાં ઠા.કેસરીસિંહજી બારહઠ, ખરવા ઠાકુર ગોપાલસિંહજી તથા અર્જુનલાલજી શેઠી વગેરે મુખ્ય આયોજકો હતા. પાછળથી આ સંગઠનમાં ઠા.શ્રી કેસરીસિંહજીના લઘુબંધુ ઠા.જોરાવરસિંહજી તથા પુત્ર કુવર પ્રતાપસિંહજી પણ જોડાયા.

સને ૧૯૦૪-૧૯૦૫માં કેસરીસિંહજીએ કોટા રાજયના એથનોગ્રાફી વિભાગના રાજય

અધિક્ષક તરીકેની ફરજ બજાવી હતી અને ત્યાં તેઓને પ્રતિમાસ રૂા.૬૦/-નો પગાર મળતો હતો.

**ચેતાવણીના ચુંગટયા**

બ્રિટનના રાજા એડવર્ડ સાતમાંના રાજયાભિષેકના અવસરનાં અનુસંધાને ભારતના તે વખતના વાઈસરોય લોર્ડ કર્ઝને ભારતના રાજા રજવાડાઓ તથા ભારતના પ્રજાજનો ઉપર બ્રિટીશ સલ્તનતના આધિપત્યનું પ્રદર્શન કરવા માટે દિલ્હીમાં તા.૧/૧/૧૯૦૩ના રોજ દરબારનું આયોજન કર્યુ હતું. જેમાં બ્રિટીશના આધિપત્ય હેઠળના ભારતના તમામ રાજવીઓએ ફરજિયાત હાજર રહેવા માટે લોર્ડ કર્ઝને તા.૧૯/૩/૧૯૦૨ વાળો એક આદેશાત્મક આમંત્રણ પત્ર દરેક રજવાડાઓને પાઠવ્યો હતો. જેનો અપરોક્ષ હેતુ દરેક રજવાડાઓ ઉપર બ્રિટીશ શાસનનું દબાણ કરવાનું અને લાલચ આપવાનો હતો. જેનો સ્વીકાર મોટા ભાગનાં રજવાડાઓએ કર્યો. આ દરબારમાં ઉદયપુરના મહારાણાશ્રી ફતેસિંહજીએ હાજરી આપવાનું નક્કી કરતા તેઓ ઉદયપુરથી દિલ્હી જવા માટે રેલવે દ્વારા પ્રસ્થાન કર્યું. જેની જાણ સ્વતંત્રતા આંદોલનમાંના મુખ્ય સક્રિય ક્રાંતિકારીઓ ખરવા ઠાકુર શ્રી ગોપાલસિંહજી, શ્રી ભૂરસિંહજી મલસીસર, રાવ નરેન્દ્રસિંહજી જોબનેર તથા ઠા.કેસરીસિંહજીને અને અન્યોને થતા તેઓએ બધાને મલીસર હાઉસ, જયપુર ખાતે એક બેઠક બોલાવી આ વિષય પર વિચાર -વિમર્શ કર્યો. તે બેઠકમાં આ બધા ક્રાંતિકારીઓનો એવો મત રહ્યો કે સતત શતાબ્દીઓથી રાષ્ટ્રધર્મની રક્ષા કરવાવાળા મેવાડના મહારાણા દિલ્હી દરબારમાં ઉપસ્થિત રહી જો બ્રિટીશોની આધીનતાની સ્વીકારોક્તિનો સંદેશ આપશે તો સ્વતંત્રતા માટેના ભારતના આંદોલનકારીયોના મનોબળ ઉપર વિપરીત અને પ્રતિકૂળ પ્રભાવ પડશે. તેથી તેઓ બધાએ સાથે મળીને એવું નક્કી કર્યું કે કોઈ પણ રીતે મેવાડના મહારાણા ફતેહસિંહજીને આ દરબારમાં હાજરી આપવા જતા રોકવા અને તેની જવાબદારી અને ફરજ ઠા.શ્રી કેસરીસિંહજીને સોંપવામાં આવી.

ઠા.શ્રી કેસરીસિંહજીએ મહારાણા ફતેહસિંહજીને મળવા માટે ઉદયપુર જઈ તેમને સમજાવવાનું નક્કી કરતા, તેમને જાણવા મળ્યું કે આ દરબારમાં દિલ્હી હાજરી આપવા માટે મહારાણા સાહેબ સ્પેશિયલ ટ્રેનથી ઉદયપુરથી રવાના થઈ ગયા છે. તેથી તેમણે પોતાની વંશાનુગત સ્વાભિમાનનો ભાવ જાગૃત કરાવાવાળા અને ઉદયપુરના મહારાણાઓની સ્વતંત્રતા સૂર્ય સમાન તેજસ્વી પરંપરા રહી છે તેનું સ્મરણ કરાવી, જો તેઓ દિલ્હી દરબારમાં નત મસ્તક બ્રિટીશ સત્તાની આધીનતાનો સ્વીકાર કરશે તો તેવી સ્વતંત્રતા આંદોલનના મનોબળ પર પ્રતિકૂળ અસર પડશે. આ મતલબના **ચેતાવણીના ચુંગટયા**ના શીર્ષક હેઠળ એક કાવ્યની રચના કરી, તે કાવ્ય મહારાણા સાહેબને તેમની દિલ્હી ટ્રેઈનના રેલવે માર્ગ પર આવતા સરેરી (ભીલવાડા) સ્ટેશન ઉપર રેલવે રોકી આ લેખિત સંદેશો મહારાણા સાહેબને પહોંચાડવામાં આવ્યો. આ સંદેશો વાંચી મહારાણા સાહેબે મનોમન વિચાર્યું કે જો આ સંદેશો મને દિલ્હી રવાના થતા પહેલા ઉદયપુર જ મળી ગયો હોત તો હું દિલ્હી જાત જ નહીં, પરંતુ હવે દિલ્હી જઈ હું આ દરબારમાં હાજરી નહીં આપું. દિલ્હી દરબારમાં આમંત્રિત રજવાડાઓની પ્રત્યેક બેઠક ઉપર તેમના નામ લખવામાં આવ્યા હતા. ત્યાં હાજર રહેલા તમામ રાજવીઓમાં, વાઈસરોય સમક્ષ નતમસ્તક થવામાં મને તેમની સમક્ષ કિંમતી ભેટસોગાદો આપવાની એકબીજાથી ચડે તેવી હોડ લાગી હતી. પરંતુ આ દરબારમાં મેવાડના મહારાણા ફતેહસિંહજી માટેની નિશ્ચિત થયેલ બેઠક ખાલી રહેવા પામી હતી. **(ક્રમશઃ)**

(૯૯૨૫૪ ૩૪૬૭૭)

# નિરગુણ કળા મારા નાથની...(નાનકસાહેબની વાણી)

• ડૉ.નિરંજન રાજયગુરુ

**ચિત્રકૂટ પર ચમર ઢોળાવું, અલખ ઉતારૂં તારી આરતી,**
**ઝીણા ઝીણા સરોદા વાગે શૂન્યમાં,ગડહડ નોબત ત્યાં ગડી.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**સૂંઢાળા તમે છો દુ:ખભંજણા, દૂંદાળા તમે છો દયાનિધિ,**
**સરવે વિઘન મારાં દૂર હટાવો, પાય લાગું ગરવા ગુણના પતિ.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**અજપા જાપના સમરણ કરી લઉં,ઈ છે જુગતિમાં મુગતિ,**
**હરદમ હરદમ હરિ સુમર લઉં,એવી કરો મારી શુભ મતિ.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**અષ્ટકૂળ પર્વત, સાત સમંદર,અઢાર ભાર માંય વનસ્પતિ,**
**અઠસઠ તીરથ મારા ગુરુને ચરણે,ગંગા–જમુના– સરસ્વતી.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**ત્રિવેણીના તીર ઉપરે, નિરગુણ કળા છે નાથની;**
**પાંચ–પચીસાં જાણી લેજો, દશમે મોલે સુરતા ચડી.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**ત્રિકૂટિ મહેલ પર જુઓ તપાસી,અલખ બેઠા છે જયોતિ રૂપી;**
**તામસ નાગણીને દૂર હટાવો,તો ઝળહળ ઝળહળ જયોત ખડી.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**
**અમાસ એકમ ને બીજ બાપજી, પૂરી કળા છે પૂનમ પતિ;**
**કહે 'નાનક' ગુરુ ગંગને ચરણે,સોળ વાલ પર એક રતિ.**
**– અલગ ઉતારૂં તારી આરતી...**

નાનકસાહેબ દ્વારા રચાયેલી આ છે ગુણપતિ વંદના. જેમાં આત્મસાધના, ગુરુવંદના, અજપાજાપ, અનાહતનાદ વગેરે સાધનાની પરિભાષાથી સગુણ-નિર્ગુણ પરિબ્રહ્મની અનુભૂતિનું વર્ણન થયું છે. રવિ–ભાણ સંપ્રદાયના ગંગસાહેબના શિષ્ય એવા નાનકસાહેબ (ઈ.સ. ૧૭૯૪-૧૯૦૧) ભજનિક સંત કવિ હતા, સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના દીગસર ગામે ગરો/ગુરુ બ્રાહ્મણ જ્ઞાતિમાં એમનો જન્મ વિ.સં.૧૮૫૦ માગશર સુદ-૭ને સોમવારે થયેલો. પિતાનું નામ કૃષ્ણદાસ, માતાનું નામ અમૃતબાઈ. પત્ની ગૌરીબાઈ અને પુત્રનું નામ ખીમદાસ. નાનકસાહેબે ૩૦૦ જેટલાં ભજનોની રચના કરી હોવાનું મનાય છે. ૧૦૭ વર્ષનું આયુષ્ય ભોગવીને નાનકસાહેબનું અવસાન વિ.સં.૧૯૫૭ના આસો સુદ-૧૧ના દિવસે થયેલું.

નાનકસાહેબની વાણીમાં સંતસાધના, કબીરસાહેબનો શબ્દસૂરત યોગ અને નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના સાથે સતત સદ્‌ગુરુનો મહિમા ગવાયો છે.

**સકલ હંસમાં રામ હમારા, રામ વિનાનું ઠામ નથી;**
**પિંડ–બ્રહ્માંડમાં જુઓ તપાસી,નામ સમોવડ કોઈ નથી.**
**– સકલ હંસમાં રામ હમારા.**

એ ભજન રચના ભારતભરના અનેક હિન્દીભાષી ભજનિકો–કલાકારો શિખધર્મના ગુરુ નાનકની રચના તરીકે ગાઈ રહ્યા છે. ખરેખર એ રચના સૌરાષ્ટ્રના રવિ–ભાણ સંપ્રદાયના આ કવિની છે. એવી જ એક અન્ય રચના છે સિતારના રૂપક સાથેની.

**સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો....**
**(સાખી) સાચા સુથારે કોરીઓ, ઠારી પોતાનું ઠામ,**
**દાંડી માથે પાટી જડાવી, એના ગમે ગમે રચાવ્યાં ગામ,**
**એનો વગાડનારો વિવેકી રે, હસીને આપે હોંકારો...**
**હંસની સામે દિયે હોંકારો...**
**એવી સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો...**
**(સાખી) પાંચ પચીસ મળી કરીને, દેહનો બાંધ્યો દુવારો,**
**ઊગ્યા સૂર ને રજની ન આવે, સદાય છે સુખ સવારો,**

**એવો રોમે રોમે રમિયો રે, તાંતે તાંતે તૂંહિકારો...**
**એવી સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો...**

આ શરીરને આપણા સંતો બહુતંત્રી વિણા તરીકે ઓળખાવે છે. આ ભજનને સમજવા માટે સર્વ પ્રથમ તો સંગીતના એક તંતુ વાદ્ય સિતારનું સ્વરૂપ કેવું હોય છે, એનું સર્જન કઈ રીતે થાય છે, એની રચનાની જાણકારી આપણી પાસે હોવી જોઈએ. સંતસાધનાના પારિભાષિક શબ્દોનું અર્થઘટન દરેક સાધક પોતપોતાની સાધના કે અનુભૂતિ મુજબ કરતા હોય છે, એક એક આ એવી સોરંગી એટલે કે ખૂબસુરત રંગરંગીલી સિતાર છે જેની અંદર સાતમો ઝારો જરી રહ્યો છે. (યોગની સાતમી ભૂમિકાએ – અથવા તો પિંડતા છ ચક્રો ઉપરના સપ્તમ્ શૂન્ય ચક્રમાંથી એવો ગૂઢ અનુભૂતિનો પ્રવાહ ઝરણા રૂપે વહી રહ્યો છે) એને નૂરતે અને સૂરતે નીરખવાનો છે. જે બાવન અક્ષરની વર્ણમાલાથી બહાર રહીને બોલે છે. હરદમ હોંકારો દઈ રહ્યો છે.

કેવો છે આ સિતાર? એનું કોતરકામ કર્યું છે સાચા સુતારે એટલે કે સતગુરુએ. જેમણે પોતાનું ઠામ-વાસણ-પાત્ર-પિંડને ઠાર્યું છે એટલે કે તંબૂડાને પૂરેપૂરું પાકવા દઈને અંદરના બીજ - રેસા વગેરે કાઢીને સંપૂર્ણ ખાલી કરેલ છે. આ સિતારની દાંડી(માનવ શરીરની કરોડરજ્જુ) ઉપર વિવિધ સ્થાને ધાતુની પટ્ટીઓ લગાડી એમાં વિવિધ સ્વરોના ચોક્કસ સ્થાને ગમા એટલે કે આંગળી દબાવવાના ટેકા(ગામડાં)નું જડતર કરેલ છે. એનો વગાડનારો વિવેકી એટલે સંપૂર્ણ શરણાગતિ ધરાવનારો હોય, તો આ સિતાર હસીને હંસની(આત્મા)ની સામે હોંકારો આપે છે એટલે કે સંપૂર્ણ સૂરમાં વાગે છે.

**એવી સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો...**

પાંચ તત્ત્વ,ત્રણ ગુણ,પચીસ પ્રકૃતિનો મેળ કરીને આ દેહની રચના થયેલી છે. એનો રોમ રોમ મહીં જયારે સંગીતના સ્વરો રણઝણી ઉઠે, તંતુએ તંતુ જયારે તૂંહિ...તૂંહિ....તૂંહિ...ના અજપાજાપ સાથે એકતાર થઈ ગયા હોય, એની તાળી લાગી ગઈ હોય ત્યારે કરોડો સૂર્યના પ્રકાશનું અજવાળું ભીતર પ્રગટે. હવે અજ્ઞાનરૂપી અંધકાર કયારેય આવવાનો નથી, સદૈવ સુખની સવાર જ રહેવાની છે.

**(સાખી) ઈંગલા પિંગલા સુખમણા નારી,તરવેણી ઘાટ તમારો,**
**ગગન મંડળમાં ગુંજી રિયો, એનો ધરણી માથે ધમકારો..**
**એવો લોચનિયામાં લાગ્યો રે, સુંદર વરનો સનકારો..**
**એવી સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો...**
**(સાખી) આતમ રૂપી એક છે, બાંધ્યો વરણ તણો વાડો,**
**ઊંચ નીચ ને ઉત્તમ મધ્યમ, અંતે સરવનો એક આરો,**
**ચતુરાઈ કરે સંસારમાં, ન્યાં છે એકાકારો,**
**નાનક કહે છે નીરખો રે, ભેળો બેઠો છે એને ભાળો..**
**કહે નાનક ગંગને ચરણે રે, કાયમ ભેળો છે એનો ભાળો..**
**એવી સતાર સોરંગી રે, જરે માંહી સાતમો ઝારો,**
**એને નૂરતે સુરતે નીરખો રે, બોલી રિયો બાવન બારો...**

ત્રણ મુખ્ય નાડી-ઈડા, પિંગલા અને સુષુમ્ણા જયારે ત્રિવેણીના ઘાટે - સંગમસ્થળે એકમેકમાં ભળીને એકરૂપ બની જાય અથવા તો સૂર્ય અને ચંદ્ર-ઈડા અને પિંગલા સ્થિર થઈ જાય ને ત્રીજી ગુપ્ત-સૂપ્ત સુષુમ્ણા જાગૃત થાય ત્યારે ગગનમંડળમાં વીજળીના ચમકારા સાથે મેઘની ગડગડાટી (અનાહત નાદ) સંભળાય અને લોચનમાં – અંતર્દ્રષ્ટિમાં – સુંદરવરની સાન પ્રાપ્ત થઈ જાય. એમાં ઊંચા-નીચા, નાના-મોટા, સ્ત્રી-પુરુષ એવા કોઈ જ ભેદ નથી. આત્મા રૂપે સૌ

એકસરખાં જ છે. પરંતુ અહિયાં આ સંસારમાં આપણે વાટાઓ બાંધેલા છે, ઊંચ-નીચ, ઉત્તમ, મધ્યમ, કનિષ્ટ એ દરેક જીવનો મૃત્યુ રૂપી અંત તો એકસરખો જ હોય, અહીં સંસારમાં પોતાની નાત-જાત,પોતાની સંપત્તિ-સત્તા,પોતાનાં ડહાપણ - ચતુરાઈ દેખાડનારા દરેકનો અંતે એક જ આરો હોય, પરમાત્માના ઘરમાં તો એકાકારો જ છે એટલે તો ગુરુ ગંગસાહેબના શરણમાં નાનકસાહેબ કહે છે કે જે કાયમ તમારી ભેળો જ છે તે અંતરાત્માનો પરિચય કરી લ્યો, એને ઓળખી લ્યો.

નાનકસાહેબ(ઈ.સ.૧૭૯૪-૧૯૦૧)ની ૧૦૩ જેટલી રચનાઓ 'સત્ય શબ્દ નાનક વાણી-વિલાસ'ના નામથી મહારાજશ્રી મૂળદાસ કેશવદાસ શુકલ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. જેમાં અનેક રચનાઓના પાઠાંતરો પ્રાપ્ત થયા છે. લોકભજનિકોના કંઠેથી સાંપડેલી નાનકસાહેબની અન્ય રચનાઓ જોઈએ-

**લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**
**સતગુરુ સાહેબ સનમુખ ભાળ્યાં, નિરખો નયને નૂર તો ઝરે.**
**– લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**
**મોર મુકુટ શિર ઉપરે સોહે, મુખ પર મુરલી ઠીક બજે,**
**શંખ ચક્ર ગદા ને પદમ છે, મારા છબીલાની શોભા ભજે.**
**– લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**
**રાસ રમવા હાલી'તી રીંછડી,એને ગોપી કીધી મોટા ગજે,**
**રાધાજી તો રીસે ભરાણાં, સતભામા શણગાર સજે.**
**– લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**
**તારા નામે પાપો પ્રજળે, ગુણિકા ગુરુ ગોવિંદ ભજે,**
**શિલા તણા તેં શ્રાપ ઉતાર્યા,એવી અહલ્યા તારા જાપ જપે.**
**– લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**
**મુગતિ કેરો મારગ મોટો, સાચવાળાને ચડે સહેજે,**
**કહે નાનક ગુરુ ગંગ પ્રતાપે, રહેણી–કરણીમાં ભજને રહેજે.**
**– લક્ષ્મીવર લટકાળો મેલી, બીજાં કીરતન કોણ કરે?**

૦૦૦

**(રામગરી)**

**હે જી વ્હાલા! રાખોને પ્રીતું રામની,**
**પલ પલ આવે તારી પાસે,**
**આતમ રૂપી એક છે,**
**સમરી લ્યો શ્વાસે શ્વાસે..**
**– હે જી વ્હાલા! રાખોને પ્રીતું રામની**
**હે જી વ્હાલા! ધ્યાન ધરો તો હરિ ઢૂંકડા,**
**રૂદિયામાં રાખો વિસવાસે,**
**માયાની છાયામાં છૂપાઈ રિયો,**
**ભગતુંના દરશનની આશે.**
**– હે જી વ્હાલા! રાખોને પ્રીતું રામની**
**હે જી વ્હાલા ! ખડકી અગમ કેરી ખોલજો,**
**વાજાં છતરીશ વાગે,**
**તિમિર ભાંગો તો તાળાં ઉઘડે,**
**દેવ તો દેવળમાં જાગે.**
**– હે જી વ્હાલા! રાખોને પ્રીતું રામની**
**હે જી વ્હાલા ! આનંદે આતમ ધ્યાનથી,**
**સુરતાને સાધી લ્યો સુવાંતે,**
**કહે રે નાનક ગંગને ચરણે,**
**પછી નિર્ગુણ જપજો નિરાંતે.**
**– હે જી વ્હાલા! રાખોને પ્રીતું રામની**

(૯૮૨૪૩ ૭૧૯૦૪)

•••

**ભૂલ કરવા માટે કોઈપણ સમય સારો નથી હોતો અને ભૂલ સુધારવા માટે કોઈપણ સમય ખરાબ નથી હોતો**

**સંપત્તિ દે તો શામળા,**
**મનની મોટપ દે,**
**નહિંતર પાછી લે,**
**કારણ વગરની કાગડા**
**– દુલા ભાયા કાગ**

# મૂળીની કવિ – પરંપરા

• રાજુલ દવે

કવિ દલપતરામે કાવ્યશિક્ષણ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ મૂળી ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિ દેવાનંદ સ્વામી પાસેથી મેળવેલું. મૂળી એટલે પરમારોની રાજધાની. સ્વામિનારાયણ સંપ્રદાયમાં સ્વયં શ્રીજી મહારાજે જે છ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા કરેલી તેમાં મૂળીનો સમાવેશ થાય છે અને આથી મૂળી એ સંપ્રદાયમાં 'પ્રસાદીના મંદિર'નું આદરણીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. માંડવરાયજીનું પ્રસિદ્ધ મંદિર પણ મૂળીને આંગણે જ આવેલું છે. મૂળીમાં શૌર્ય, ધર્મ અને અધ્યાત્મનું સુરીલું સંગીત બજયું છે. આવી નગરીમાં કવિકુળ ન પાંગરે તો જ નવાઈ!

મૂળીને અર્ધ્ય આપતા કવિ દલપતરામે લખ્યું છે–

**પુર મૂળી પરમારનું, જગત બધામાં જાણ;**
**નર પટાધર નીપજે, કવિઓ ને કે કાણ.**

મૂળીના બોક્ષા શાખાના ચારણ પરિવારે ચાર પેઢીથી કાવ્યસર્જન તેમજ ઉપાસનાની પરંપરા જાળવી રાખી છે. આ પરંપરાના કવિઓમાં પ્રભુદાનભાઈ બોક્ષા, શિવદાનભાઈ પ્રભુદાનભાઈ બોક્ષા,પથાભાઈ પ્રભુદાનભાઈ બોક્ષા,અચળદાનભાઈ શિવદાનભાઈ બોક્ષા વગેરેનો સમાવેશ થાય છે (આ અંકના કાવ્ય વિભાગમાં શિવદાનભાઈ અને પથાભાઈની કાવ્યરચનાઓ નમૂના દાખલ પ્રસિદ્ધ કરેલ છે.)

પ્રભુદાનભાઈ ચારણી સાહિત્યના અભ્યાસી અને જાજરમાન વ્યકિતત્વ ધરાવતા ચારણ કવિ હતા. ચારણ હિતવર્ધક સભાનું દ્વિતીય અધિવેશન ૧૯૩૬માં તેમણે મૂળીમાં સફળ રીતે યોજેલું. ઉત્તમ છંદો તેઓ રચતા. તેમાંથી માંડવરાયજીનો અને મહાદેવજીનો છંદ અનેક લોકો નિત્યપાઠ સ્વરૂપે બોલતા. તેમનો સમયગાળો સંવત ૧૯૨૨ થી ૧૯૮૪ સુધીનો હતો.

પ્રભુદાનજી બોક્ષાના બન્ને પુત્રો પથાભાઈ અને શિવદાનભાઈ પણ સારા કવિઓ હતા. પથાભાઈએ ૧૯૧૦ના દાયકામાં કોલેજનો અભ્યાસ કરેલો અને પછી સ્કૂલના શિક્ષક તથા બાદમાં આચાર્ય તરીકે રહીને અનેક વિદ્યાર્થીઓનું ઘડતર કર્યું હતું. હારીજ ખાતે રવિશંકર મહારાજના સાંનિધ્યમાં ૧૯૬૩ના નવેમ્બર માસમાં, ચારણ સમાજના આગેવાનો જ્ઞાતિમાં સંપ–સુલેહ માટે મળ્યા ત્યારે નિરાકરણનો દસ્તાવેજ તૈયાર થયો હતો. એ દસ્તાવેજમાં અન્ય અગ્રણીઓની સાથે પથાભાઈએ પણ સહી કરી હતી. તેમનો સમયગાળો તા.૧૩/૭/૧૮૯૪ થી તા.૧૪/૧/૧૯૭૨ હતો.

પથાભાઈના નાનાભાઈ શિવદાનભાઈ મૂળીના રાજકવિ હતા. સ્વરાજય આવ્યા પછી તેઓ ખેતી કરતા. તેમણે કવિત, છંદ, દુહા વગેરેની રચના કરેલી. ૧૯૫૦થી ૧૯૬૦ના વર્ષોમાં નવી રાજય વ્યવસ્થામાં તંત્રને ઉપયોગી થઈ, લોકોના પ્રશ્નો ઉકેલવા ઘણું કામ કરેલું. તેમનો જન્મ તા.૧૫/૬/૧૯૧૦ અને મૃત્યુ તા.૩૦/૭/૧૯૬૧.

પથાભાઈના પુત્ર પ્રવીણદાનભાઈ (પી. પી. બોક્ષા) રાજય સરકારમાં વિવિધ જવાબદારી ભર્યા હોદ્દાઓ ઉપર રહીને છેલ્લે કલેકટર પદેથી વયમર્યાદાને લીધે નિવૃત્ત થયા હતા. શિવદાનભાઈના ત્રણ પુત્રો પૈકી અચળદાનભાઈ પંચાયતની સેવામાં હતા. તેઓ સુરેન્દ્રનગર ખાતે

રહી છેલ્લા ૨૯ વર્ષથી 'હરિરસ સ્વાધ્યાય સભા'નું સંચાલન કરે છે. (તેનો વિસ્તૃત અહેવાલ અંક નં.૫૦/૫૧માં પ્રસિદ્ધ થયો હોવાથી અત્રે તેની પુનરુકિત નિવારી છે.)

મૂળીના આ પરિવારમાં તા.૧૯/૧૧/૨૦૨૩ થી તા.૨૫/૧૧/૨૦૨૩ સુધી ભાગવત સપ્તાહનું આયોજન 'ચારણપા'માં આવેલા તેમના નિવાસસ્થાનના વિશાળ ફળિયામાં કરવામાં આવ્યું હતું. કથાના વકતા શાસ્ત્રી દેવાનંદબાપુ (ચંદ્રકાંતભાઈ જોષી) હતા. ગામ-પરગામથી મહેમાનોએ અનુકૂળતા મુજબ આ કથામાં હાજરી આપી હતી. સમગ્ર આયોજન રૂડી રીતે પાર પાડવા માટે મહેશભાઈ, ડો.સંજયભાઈ, યોગેશભાઈ, હિતેશભાઈ, સહદેવભાઈ બોક્ષા સહિત બોક્ષા પરિવારના તમામ સભ્યોએ જહેમત ઊઠાવી હતી. ખાસ કરીને પરિવારની દીકરીઓની કામગીરી પણ નોંધપાત્ર હતી.

(૯૪૨૬૨ ૨૯૫૧૭)

•••

---

**G.P.S.C. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા ગુજરાત વહીવટી સેવા વર્ગ–૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ–૧ તથા વર્ગ–૨ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ચારણ ગઢવી સમાજના નીચે મુજબના ઉમેદવારો અધિકારી તરીકે પસંદ પામ્યા છે**

**: વર્ગ–૧ અધિકારીશ્રીઓ :**

○ પ્રશાંતભાઈ ગંભીરદાનભાઈ ગોરવાળીયા - નાયબ કલેકટરશ્રી (મોણીયા,તા.વિસાવદર, જિ.જૂનાગઢ)

○ હરેશભાઈ નાગાજણભાઈ ટાપરીયા - સહાયક રાજયવેરા કમિશનર (ઝરપરા, તા.મુન્દ્રા,જિ.કચ્છ)

○ રાજદીપભાઈ દેવીસંગભાઈ ગઢવી - સહાયક રાજય વેરા કમિશનર (કવાડીયા, તા.હળવદ, જિ.મોરબી)

○ કિશનકુમાર મનહરદાનભાઈ ગઢવી - સહાયક રાજય વેરા કમિશનર (સીતાપુર)

○ યોગીતાબેન ધનરાજભાઈ ગઢવી - સહાય રાજય વેરા કમિશનર (ગાંધીધામ, જિ.કચ્છ)

**: વર્ગ–૨ અધિકારીશ્રીઓ :**

○ જયદીપસિંહ ઘનશ્યામસિંહ ઝુલા - તાલુકા વિકાસ અધિકારીશ્રી.

---

**ગુજરાત રાજય સરકારના મહેસૂલ તથા પંચાયત વિભાગ દ્વારા સેવારત અધિકારીઓની બઢતી સહ બદલી યાદી જાહેર થતાં નીચે દર્શાવેલ બે ગઢવી અધિકારીઓને વર્ગ–૧માં બઢતી મળી હતી**

○ વિવેકદાન એચ. બારહટ - મામલતદાર (વર્ગ-૨) બઢતી : નાયબ કલેકટરશ્રી, મહેસાણા.

○ વિમલદાન કે. ગઢવી - તાલુકા વિકાસ અધિકારી(વર્ગ-૨)બઢતી : નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત,જામનગર.

# અર્પણનો સિદ્ધાંત

• નરસંગભાઈ ઠાકરિયા

સંતોએ જીવનમાં સફળતા પ્રાપ્ત કરવા માટે કેટલાક આધ્યાત્મિક સિદ્ધાંતો દર્શાવેલ છે જેવા કે – કર્મનો સિદ્ધાંત, વિશુદ્ધ ઊર્જાનો સિદ્ધાંત આ સિદ્ધાંતો પૈકી એક સિદ્ધાંત 'અર્પણનો સિદ્ધાંત' છે. અર્પણનો સિદ્ધાંત એટલે બીજાને આપવા માટેનો સિદ્ધાંત, આને આપવા લેવાનો સિદ્ધાંત પણ કહી શકાય. કારણ કે, આ જગત આદાન–પ્રદાન ઉપર ચાલે છે. અહીં કંઈપણ સ્થિર નથી. આપણું શરીર ગતિશીલ છે. જગતના શરીર સાથે નિરંતર આદાન–પ્રદાન કરતું રહે છે. આપણું મન વૈશ્વિક મન સાથે આદાન–પ્રદાન કરતું રહે છે. આપણી અંદર રહેલી શકિત વૈશ્વિક ઊર્જાની અભિવ્યકિત છે.

જીવનનો પ્રવાહ બીજું કશું નથી, પરંતુ જીવનની રચના કરનાર તત્ત્વો સાથે તાલમેળ જાળવવો એ એનું મુખ્ય કાર્ય છે. આ તાલમેળ અને સંબંધ સમન્વય આપણા જીવનમાં અર્પણના સિદ્ધાંતને કાર્યરત રાખે છે કારણ કે આપણું શરીર, આપણું મન અને આ જગત લગાતાર આદાન–પ્રદાનની પ્રક્રિયામાં સક્રિય રહે છે. આદાન–પ્રદાનની ઊર્જાના ચક્રને થંભાવી દેવું લોહીના પ્રવાહને થંભાવી દેવા જેવું છે. લોહીનો પ્રવાહ જયારે રુકાવટ પામે છે, ત્યારે તેમાં ગાંઠ બંધાય છે અને લોંહી જામવા લાગે છે એટલા માટે આપણે ધન, સંપત્તિ, સમૃદ્ધિ મેળવવા માટે એને આપવું અને મેળવવું આવશ્યક છે. જેથી આપણા જીવનમાં એનું ચક્ર ચાલુ રહે.

જો તમે ધન આપશો નહિ તો ધન મેળવવાની પ્રક્રિયા બંધ થઈ જશે એટલા માટે આપણી નિયત પૈસા પકડી રાખવાનો અને તેને તિજોરીમાં બંધ રાખવાની હશે તો આપણે ધનના પ્રવાહને, એના ચક્રને રોકી દઈશું. ધન શકિતને આપણા જીવનમાં ફરીને લાવવા માટે એના ચક્રને ચાલુ રાખવું જરૂરી છે. ધનનું પ્રવાહમાં રહેવું ધન ને જીવંત રાખશે, અન્યથા એની જીવન શકિત મૃત્યુ પામશે. પ્રત્યેક બીજમાં ઉપજાવ શકિત પડેલી છે. જો એને યોગ્ય જમીનમાં ઉગાડવામાં આવે તો જ સારું પરિણામ પ્રાપ્ત થઈ શકે.

જેટલું વધારે આપ આપશો એટલું જ વધારે આપણને પ્રાપ્ત થશે કારણ કે તમે જગતની સમૃદ્ધિની પ્રચુરતાના ચક્રને તમારા જીવનમાં મૂલ્ય આપો છો. જીવનમાં જે કાંઈપણ મહત્ત્વપૂર્ણ છે, તેમાં વધારો ત્યારે જ થાય છે, જયારે તમે તેને બીજાના કલ્યાણ માટે વાપરો છો.

જયારે તમે દાન દુઃખી મનથી અથવા અનિચ્છાએ આપો છો ત્યારે તેનું યોગ્ય ફળ તમને પ્રાપ્ત થતું નથી. તમે જે મેળવવા ઈચ્છો છો, તેને તમે આપવાનું શીખી લ્યો છો ત્યારે આપ ઉત્કૃષ્ટ, ઊર્જાવાન અને જીવનદાયી ગતિવાળી એ પ્રક્રિયાને અમલમાં મૂકો છો જે જીવનની શાશ્વત સ્પંદનની અભિવ્યકિત છે.

**દરેક સબંધ લેણદેણનો હોય છે,**
**આપવું એ મેળવવાનું બીજ છે**
**ખરેખર મેળવવું જ આપવાનું પર્યાય છે.**
**આપવું અને દેવું એ જગતની ઊર્જાનો પ્રવાહ છે.**

જેટલું અધિક આપ આપશો એટલું જ

અધિક આપણને પ્રાપ્ત થશે કારણ કે, જીવનમાં જે કાંઈપણ મહત્ત્વનું છે, તે આપવાથી જ મળે છે. જયારે હૃદયથી આપવાનું થાય અને અપેક્ષા વિના આપવાનું થાય ત્યારે પાછું મળવાની પ્રક્રિયામાં પરમાત્મા અને પ્રકૃતિની કૃપા સમાયેલી હોય છે.

જયારે તમે કોઈને મળો ત્યારે એને સ્નેહ આપો, પ્રેમ આપો, શુભકામના આપો, તેના માટે હસી ખુશી પ્રાર્થના કરો, આમ આ પ્રકારનું મૌનદાન શકિતશાળી હોય છે. જો તમે ઈચ્છતા હો કે તમારા જીવનમાં બધું કલ્યાણકારી ઘટે તો તમે તમારા મનથી હંમેશા બીજાના કલ્યાણની ભાવના કરો. આપવાનો વિચાર કરવો, બીજાનું ભલું ઈચ્છવું અથવા બીજા માટે પ્રાર્થના કરવી, એ પણ અરસ-પરસ હિતકર બને છે.

આ ચૈતન્ય જગતમાં આપણને ચેતનાના એક પિંડ રૂપ છે, 'ચેતના' શબ્દમાં શકિત અને પ્રજ્ઞાન સમાયેલ છે. જે વિચારના રુપમાં જીવન દેખાય છે. વિચારમાં પરિવર્તન પમાડવાની ક્ષમતા રહેલી છે.

હકીકતમાં ચેતનાનું એ શાશ્વત નૃત્ય છે. જે સૂક્ષ્મ જગત અને સ્થૂળ જગતની વચ્ચે માનવ દેહ અને બ્રહ્માંડ દેહ વચ્ચે અને માનવ અને બ્રહ્માંડીય મન વચ્ચે પ્રજ્ઞાના સ્વરુપમાં સ્વયં એક સક્રિય આદાન-પ્રદાનની અભિવ્યકિત કરે છે.

જે તમે મેળવવા માગો છો એને આપવાનું શીખી લો છો ત્યારે ઉત્કૃષ્ટ ઊર્જાવાન અને જીવંત ગતિવાળા અને નૃત્યનું સંચાલન કરો છો, જે જીવનનું શાશ્વત અભિન્ન અંગ છે.

અર્પણના સિદ્ધાંત ઉપર આચરણ કરવાના ચક્રને પુરા કરવાની સાચી રીત એ જ છે કે, આપ જયારે કોઈને મળો ત્યારે કોઈને કાંઈક જરૂર આપો. આ આપવાનું વસ્તુના રુપમાં હોય, આશીર્વાદના રુપમાં હોઈ શકે.

જયાં સુધી આપ આપતા રહેશો, ત્યાં સુધી આપ મેળવતા રહેશો. આ ચૈતન્ય રુપ જગતમાં આપણે ચેતનાના પીંડ રુપે અસ્તિત્વ ધરાવીએ છીએ. 'ચેતના' શબ્દમાં ઊર્જા અને જ્ઞાન ઉપરાંત ઘણું બધું સમાયેલ છે જેથી આ ઊર્જા થકી, આ જ્ઞાન થકી આપણે વિશ્વના કલ્યાણનો વિચાર કરી શકીએ છીએ. આ વિચારમાં પરિવર્તન પામવાની ક્ષમતા રહેલી છે.

જયાં સુધી આપતા રહેશો ત્યાં સુધી આપ પ્રાપ્ત કરતા રહેશો. જેટલું વધારે આપશો, એટલો અધિક વિશ્વાસ આપનો વધતો જશે. આ મોટી ઘટના છે કારણ કે, આપણી મૂળ પ્રકૃતિ ઊર્જા અને સંભાવનાવાળી છે. એટલા માટે આપણે સમજી લેવું જરૂરી છે કે આપણે જન્મજાત સમૃદ્ધ છીએ. જેટલી પણ સમૃદ્ધિ પ્રકૃતિમાં જોવા મળે છે, એનો મૂળ સ્ત્રોત ઊર્જા છે, 'ચેતના' છે. જે બધાની બધી જ જરૂરિયાતને જાણે છે. બધાની મૂળ જરૂરિયાત આનંદ, પ્રેમ, ખુશી, શાંતિ છે.

જો તમે આનંદ, પ્રેમ, શાંતિ ઈચ્છો છો તો આ તમામ વસ્તુઓ તમને સહજ રીતે પ્રાપ્ત થશે. અર્પણના સિદ્ધાંત ઉપર આચરણ કરવું તથા આદાન-પ્રદાનના ચક્રને ચાલુ રાખવા માટે બધાથી ઉત્તમ ઉપાય આ જ છે.

**'અર્પણ કરો અને પ્રાપ્ત કરો'**

(૯૪૨૬૩ ૬૨૨૫૩)

•••

# જીવદયાના આજીવન ઉપાસકો

• વી.એસ. ગઢવી

સર્વ ભૂત હિતે રતાઃ એવું શાસ્ત્રોનું વિધાન છે. જીવમાત્ર તરફ સમભાવ અને મમભાવનો મહિમા છે. આજના કપરા કાળમાં પણ કોઈ આપણી નજર સામે આવું કામ સહજપણે કરે તો મનમાં આદર તથા પ્રસન્નતાના ભાવ પ્રગટ થાય છે. જીવદયાના આવા એક કાર્યની પ્રતીતિ પૂજય આઈશ્રી હાંસબાઈમાના આશીર્વાદથી થતી જોઈ. રતડીયા(તા.માંડવી કચ્છ)ગામની તથા સમગ્ર કચ્છની શોભા સમાન હાંસબાઈમાએ દયા તથા મમતાના સંસ્કાર વહાવ્યા છે. માના બે સમર્પિત સેવિકાઓ – **ખીમશ્રીમા તથા ધનબાઈમા** – આજે પણ હાંસબાઈમાની ઉજળી જયોતને ઉન્નત રાખીને બેઠા છે. કોઈ પ્રચાર નહિ. પ્રસિદ્ધિનો કોઈ મોહ નહિ. ભજન કરવું અને ભોજન કરાવવું એ જ આ બન્ને માતાજીઓનો જીવનમંત્ર છે.

હાંસબાઈમાની એ જ શિક્ષા તથા દીક્ષા છે. અમારા અદાણી ફાઉન્ડેશનના સાથી તથા આઈ હાંસબાઈમાના આજીવન સેવક ભાઈ માવજીભાઈ બારૈયાએ એક સરસ વાત કરી. આ વાત સતત મનમાં રહી અને તેની ખુશીનો પણ કેફ રહ્યો. માવજીભાઈએ કહ્યું કે માતાજીની સાત એકર જમીન જે રતડીયાથી ચારેક કિલોમીટર દૂર છે ત્યાં ગૌચર માટે ઘાસનું વાવેતર કરવામાં આવ્યું હતું. ઘાસ તૈયાર થયું. કચ્છમાં પશુઓ માટેનો ઘાસચારો મેળવવો તે મોંઘું તથા મુશ્કેલ કાર્ય ગણાય છે. હાંસબાઈમાના સંસ્કારથી ઘડાયેલા બન્ને માતાજીઓએ આ સાત એકર જમીનમાં થયેલો ઘાસચારો પ્રાણીઓ માટે કોઈ અપેક્ષા સિવાય ઉપયોગ કરવાનો નિર્ધાર કર્યો. નવરાત્રિ પહેલાની આ ઘટના છે. આજે અનેક સમાચાર મનમાં નિરાશા કે ઉદાસીનતાનો ભાવ પ્રગટાવે તેવા મળતા હોય છે. આવા કપરા માહોલમાં આ સમાચાર મનમાં શ્રદ્ધા તથા નિષ્ઠાનો ભાવ પ્રગટાવે છે.

આઈશ્રી સોનલ શતાબ્દી મહોત્સવની ભવ્યતામાં વૃદ્ધિ કરે તેવો આ બનાવ નજર સામે છે, કોઈ તથાકથિત ઘટના નથી. રતડીયા આસપાસના ડોણ તથા રાજડા ગામના અનેક પશુઓએ આ ઘાસનો ઉપયોગ કર્યો અને મૂંગા જીવોની અમૂલ્ય આશિષ પણ મળી. ખીમશ્રીમા અને ધનબાઈમા, હાંસબાઈ માતાજીના સંસ્કારને સાચવીને બેઠા છે. સ્વયં ઘસાઈને થયેલી આ પરોપજીવી ઘટનાના સંદર્ભમાં ભગતબાપુના શબ્દો સ્મૃતિમાં આવે છે–

**આપ બળે પર ઓલવે, લેતા લડથડિયાં;**
**એવા ઘડનારે ઘડિયા, કોક કોક માનવ કાગડા.**

પૂ.આઈશ્રી સોનબાઈમાની શતાબ્દી વર્ષની ઉજવણી ચાલી રહી છે. માતાજી તરફના અનોખા ભાવનું તેમાં દર્શન થાય છે. રતડીયાની ઘટના ઉજવણીની ઉજળી સાંકળનો એક ભાગ છે. બ્રહ્માર્પણ કરવાના આ જોગમાયાઓના સંસ્કાર થકી જ સમગ્ર સમાજે આ માતાજીઓને આદરના ઊંચા સિંહાસને બેસાડયા છે. આઈ હાંસબાઈમાના ગોખલે ટમટમતા આ તેજસ્વી દીવડાઓ ગાઢ અંધકારને પણ પડકારી શકે તેવા શકિતશાળી છે. આત્માના તેજે પૃથ્વીને શણગારે તેવા આ તેજલિસોટા છે.

બળદેવભાઈ નરેલાના શબ્દો માતાજીઓની ઉજળી પરંપરાને અર્પણ કરીએ–

**દેવી છે દયાળુ એના,**
**થાનકે મળે છે થાળી,**
**આત્માને તેજે પૃથ્વી ઉજાળી**
**રે માતાજી તારી મૂર્તિ.**
**મઢડામાં ભાળી મેં મર્માળી**
**રે માતાજી તારી મૂર્તિ.**

(૯૦૯૯૯ ૯૧૦૬૩)

• • •

# આદેશ મા સોનલનો...ઝોકની લાજ રાખીએ

• ઈસુભાઈ ગઢવી

મા સોનલ કાયમ કહેતાં કે ચારણો માતાજીને તો માને જ સાથો-સાથ માતાજીનું પણ માને.

માતાજીનું શાબ્દિક મહિમા ગાન, માતાજીની લૌકિક સેવા પૂજા અને માતાજીના ચુસ્ત ભકત હોવાનું મિથ્યાભિમાન એ માતાજીની પ્રસન્નતા પ્રાપ્ત કરવાના સાધનો નથી. માતાજીમાં માનવું અને માતાજીનું માનવું એમાં પાયાનો ભેદ છે. આપણે આપણા કુટુંબને માનીએ પણ કુટુંબના કોઈ કાયદાને ન માનીએ! આપણે આપણા વડીલોને માનીએ પણ વડીલની કોઈ વાતને ન માનીએ ! આપણે વૈદ્ય ડોકટરની વૈદ્યતાને વખાણીએ પણ એમને આપેલ ઉપચારને ન પાળીએ ! આપણે શિક્ષકને સ્વીકારીએ પણ એમણે આપેલ શિક્ષણને ન સ્વીકારીએ! અધ્યાત્મ માર્ગમાં આપણે ગુરુ દ્વારા દીક્ષિત બનીએ પણ ગુરુએ આપેલ જ્ઞાનને આત્મસાત ન કરીએ! તો આ બધું માનવું વ્યર્થ છે.

માતાજીનું માનવું એટલે? મા ઉમાના અંશાવતાર મા આવડથી માંડી મા સોનલ અને વર્તમાનકાળના તમામ આઈ અવતારો ચારણોને એક જ વાત કાયમ દ્રઢાવે છે કે ચારણો જો આઈ તત્વના સીધા વંશજો હોય તો ચારણો આઈ કુળનું ઉત્તરદાયિત્વ પૂરેપુરું નિભાવે.

ચારણનું ઉત્તરદાયિત્વ કયું? ચારણ કોઈ જાતિવાચક ઓળખાણ નથી. ચારણ એક સસ્કારનું નામ છે. ચારણ એક સનાતન સંસ્કૃતિની ધરોહર છે. ચારણ એક તાત્ત્વિક દર્શન અને સાત્ત્વિક વિચારનું સરનામું છે. ચારણ મનસા, વાચા, કર્મણાની શુદ્ધતાનું પ્રમાણ છે. ચારણ આચાર, વિચાર અને વ્યવહારનો પથદર્શક છે. મા સોનલના મનમાં ચારણની આ સાર્થક ઓળખાણ છે.

સનાતન શાત્રોના શાશ્વત વચનો છે કે તમે તમારા સ્વને ઓળખો. તમારી જાતને જાણો, તમારા નિજ ધર્મને ધારો, ભગવત ગીતામાં શ્રીકૃષ્ણે પણ આદેશ આપ્યો કે 'સ્વધર્મે નિધનં શ્રેય પર ધર્મો ભયાવહ'. નિજ ધર્મના પાલન માટે નિધન પણ કલ્યાણકારી છે એવી મક્કમતા આપણી આઈ પરંપરાએ આપણને આપી છે.

આ સ્વ ધર્મ એટલે શું ? પરંપરાથી પળાતો આવતાં ધાર્મિક કર્મ કે ક્રિયાકાંડ એ સ્વ ધર્મ નથી. સ્વ ધર્મ એટલે નિજ ધર્મ અને નિજ ધર્મ એટલે શેહ શુદ્ધ ચારણ ધર્મ.

આ ચારણ ધર્મ કયો? ચારણ ધર્મ એટલે શાશ્વત સંસ્કાર, નિર્ભિક સત્ય, અટલ શ્રદ્ધા, નક્કર નીતિમત્તા, અણી શુદ્ધ ચારિત્ર્ય,વાણી અને વર્તનની એકરૂપતા, નિર્ભેળ ભકિત અને માણસ પણાની સો ટચની સમજણ 'મહાજનો ગતાઃ સ પંથાઃ' જે પંથે આપણા પ્રતાપી પૂર્વજોએ ચારણપણાની કેડી કંડારી એ આપણો રાજમાર્ગ.

પરિવર્તન અને પ્રગતિના પાખંડ હેઠળ કોઈ ચારણી રાજ પંથનો ચિલો ચાતરે ત્યારે એનું ચારણપણું નંદવાય છે. સ્વતંત્રતા અને સ્વચ્છન્દતાના છેતરામણા નામે કોઈ ચારણી મર્યાદાની લક્ષ્મણ રેખા ઓળંગે છે ત્યારે ચારણી સંસ્કારનું સીતાહરણ થાય છે. આધુનિકતા અને અર્વાચીનતાના ઉન્માદમાં કોઈ જયારે ચારણપણાની વાડી ઓળંગી જાય છે ત્યારે ચારણી ઝોકની મરજાદ જોખમાય છે. ગીર

પંથકના નેસડાઈ ભાવમાં કહેવું હોય તો કહેવાય કે ચારણી સંસ્કાર એ નેસડાની ઝોક છે. ઝોકમાં રહીએ ત્યાં સુધી આપણાપણું સચવાય. ગીર પંથકની એક ઘટના પ્રેરણા દાયક છે.

દોઢસો વર્ષ પહેલાનો પ્રસંગ છે. જૂનાગઢ મંદિરમાં સ્વામિનારાયણ ભગવાનના થાળમાં દૂધ ધરાવવા ગીરના ગાળાની એકાદ દૂધાળી ગાયની જરૂર પડતાં મંદિરના સાધુ સેવક ગીરના એક નેસડામાં ગયા. ભગવાન માટે દૂધાળી ગાયની વાત કરી. માલધારીએ સારામાં સારી ગાય ભેટમાં આપીને દોરી આપી. એ વખતે માલધારીનાં ઘરવાળાં હટાણું કરવા બહાર ગયાં હતાં. ગાય લઈને સાધુ સેવક થોડાક દૂર ગયા ત્યાં એ માલધારી બાઈ સામે મળ્યાં. એમણે એમના નેસડાની ગાય જોઈ. ભગવાન અને મંદિર માટે લઈ જવાની વાત જાણી. ખૂબ રાજી થઈ. એ બાઈએ સાધુસેવકને આ ગાય બે-પાંચ ઘડી નેસડામાં પાછી લઈ જવાની વિનંતી કરી. ગાય નેસડામાં પાછી લાવીને એ માલધારી બાઈએ ગાયને ખીલે બાંધી. એના કપાળમાં કંકુનો ચાંદલો કર્યો. ચોખા ચોડયા. એની પૂજા કરી. પછી બે હાથ જોડી જાણે સગી દીકરીને લગન પછી વિદાય દેતી વેળાએ જેમ શિખામણ આપે એમ બાઈએ ગાયને વિનવણી કરી.

'આજ સુધી તે જગતના જીવોને તારાં અમૃત પાઈ હૈયા ધરવ કરાવ્યો છે. તારું અહોભાગ્ય કે આજ તું ભગવાનને ધરવવા જાય છે. આ નેસડાની ઝોકમાં તું વર્ષો સુધી રહી છો. આજ અમારો નેસડો અને નેસડાની ઝોક મૂકીને કાયમી જાય છે ત્યારે તને અરજ કરુ છું કે આ ઝોકની લાજ રાખજે. ભગવાન, સંત, સાધુને જાત્રાળુને તારા દૂધથી ધરવી દેજે. દોવા ટાણે પૂરો પારહો દેજે. ટાણે કટાણે પણ દોવા દેજે. કોઈ દી' અહીં ગોવાળને રાજી કર્યા છે હવે ત્યાં ગોપાળને રાજી કરજે. બે હાથ જોડીને તને વિનવું છું. આ નેસડાની ઝોકની લાજ રાખજે. તારા કોઈ નાનકડા વાંકે તારી આ ઝોક લજવાય એવું કાંઈ કરતી નહીં. માવડી આ ઝોકની લાજને જાળવજે.' આટલું કહી એ બાઈએ ગાયનાં દુઃખણાં લીધાં. ભીની થયેલ આંખ્યું ને હથેળીયુંથી લૂછીને એ બાઈએ બેય હાથ ગાયની માથે મૂકી સાધુ સેવકને દોરી આપી.

આપણે આ ચારણી ઝોકમાં જીવીએ છીએ. નેસડાની એક બાઈને એની ઝોકનો એટલો ખટકો હોય તો આપણને કેમ ના હોય? આપણે તો ચારણ છીએ. એક વાર ઝોકની બહાર જતા રહેલ ઢોરને હરાયું કહેવાય છે. પછી બધાં એને હડધૂત કરે છે. એક વાર ખીલો તૂટયો કે છૂટયો એટલે કોઈના નહીં, ઘંટીના ખીલાને પકડી રાખે છે એ દાણા દળાતા નથી પણ બચી જાય છે. આપણે આપણો ખમતીધર ચારણી ખીલો ના મૂકાય. આડા અવળા થઈશું તો દળાઈ જઈશું.

પાંચ હજારના નવા નકોર પેન્ટને અધ વચાળે ફાડી નાખીને ઢીંચણ દેખાડવાની કુચેસ્ટા કરનાર ચારણના દીકરા-દીકરીને આપણી આઈયું એ ચીંધેલ ચારણી મલાજાની લક્ષ્મણ રેખા કેમ દેખાતી નથી ! નોરતા ટાણે જગદંબાની મૂર્તિ આગળ અશોભનીય વસ્ત્રો પહેરી, અસભ્ય ચેનચાળા કરી, અભદ્ર ગાણાં ગાઈને કયું માઈ તત્ત્વ રાજી થતું હશે ?

ચારણી મરજાદના રખોપા ખાતર પોતાનો જીવ આપી દેવાની એક ઘટના વર્ષો પહેલાં ઝાલાવાડ પંથકના પીપળા ગામમાં ઘટી હતી તેનું સ્મરણ થાય છે. પીપળા ગામની દીકરી પરણીને સાસરે ગઈ હતી. દેવાંશી રૂપવાળી આ દીકરી ઘરની પછી તે ગામઠી નાવણિયામાં નહાતી હતી ત્યારે ત્યાંથી પસાર થતા પીપળા ગામના

ઢાઢીની નજર અજાણતાં આ દીકરીના ઉઘાડા પગ ઉપર પડી અને પગ ઉપરનું લાખુ એનાથી દેખાઈ ગયું. એણે ગામમાં આવીને આ દીકરીના ભાઈ આગળ જ પગના રૂપ અને લાખુનાં અભદ્ર વખાણ કર્યાં. પોતાની બહેનના ઉઘાડા અંગને એક ઢાઢી જોઈ જાય એ રીતે નહાતી હોય એ એનાથી સહન ન થયું. મારતે ઘોડે ભાઈ બહેનના સાસરે પહોંચી બહેનને તેડી પીપળા આવવા નિકળ્યો. મારગમાં ભાઈએ ચારણની દીકરીની મરજાદ લોપવા અંગે કપરા કવેણ કીધાં. શેહ શુદ્ધ ચારણી દીકરીથી આ કવેણ આકરાં લાગ્યાં. એણે પેટ કટારી નાખી મોતને વહાલું કરી લીધું. સગા ભાઈથી બહેનનો ભોગ જીરવાયો નહીં અને આઈએ પણ પેટ કટાર નાખી બહેનની હારે મોટું ગામતરું કરી લીધું. આ જ પણ પીપળા ગામની સીમમાં ચારણી મરજાદનાં સિંદૂરભર્યા પાળિયા ઉભા છે.

આજના ઘોર કળિયુગમાં ચારિત્ર્ય અને શીલ માટે અને નિજ કૂળની મરજાદ માટે પોતાનું બલિદાન આપવાની વાતને કોઈ વ્યાજબી નહીં ગણે. પરંતુ થોડોક મરજાદ લોપ કેવડી મોટી દુર્ઘટના સર્જી શકે તેનું આ ઉદાહરણ છે. આપણે તો માત્ર આટલી હદનાં બલિદાન આપવાની પરિસ્થિતિ જ ન સર્જાય એ માટેની સજાગતા રાખવાની છે.

ચારણી લાજ મરજાદ ઝોકમાં અને ચારણી પરંપરાની વાડમાં આ જ અનેક છીંડાં પડી રહ્યા છે. એ છીંડાં નરી આંખે દેખાય અને સગા હાથે પુરાય એવું બુદ્ધિ બળ આપણને સૌને મળે એવી મા સોનલને એમની જન્મ શતાબ્દીના અવસરે અરજ.

(૯૮૨૫૯ ૬૧૨૭૦)

•••

## મારે કરવાં કાયમ તમને રાજી સોનલ

મારે કરવાં કાયમ તમને રાજી સોનલ,
તારી મરજીમાં કાયમ મારી હાજી સોનલ.

મારે તપ ને તિરથ કોઈ કરવાં નથી,
મારે જપ ને જગન હાથ ધરવા નથી.

મારા પંડિત તમે ને મારા કાજી સોનલ,
મારે કરવાં કાયમ તમને રાજી સોનલ.

મારી પૂજા તમે ને મારી સેવા તમે છો,
મારું મંદિર તમે ને મારાં દેવ તમે છો.

હું તો જીવતરની જીતી ગયો બાજી સોનલ,
મારે કરવાં કાયમ તમને રાજી સોનલ.

તારાં એક એક વેણ મારે વેદ ને પુરાણ,
તારાં એક એક કહેણ મારે શાસ્ત્રનાં પ્રમાણ.

તારી કૃપાના કેફમાં હું પાજી સોનલ,
મારે કરવાં કાયમ તમને રાજી સોનલ.

મારા હૈયામાં રહેજો માડી હાજરા હજુર,
મારા ભીતરમાં રહેજો તારી ભકિત ભરપૂર.

નથી અરજુ મારી કોઈ ઝાઝી સોનલ,
મારે કરવાં કાયમ તમને રાજી સોનલ.

**– ઈસુભાઈ ગઢવી**

## સુખની શોધમાં

• ચંડીદાન ગઢવી

સર્વ પ્રાણીઓનું અંતિમ લક્ષ્ય સુખ પ્રાપ્તિનું હોય છે. પરંતુ આપણી સુખ વિશેની માન્યતાઓ, સાત અંધજનોએ કરેલ હાથીના વર્ણન જેવી હોય છે.

ગૃહસ્થનું સુખ મહદ્અંશે ધન પ્રાપ્તિ અને પરિવારની સારસંભાળમાં સમાયેલું મનાય છે. તેથી *'અર્થો હિ લોકે પુરુષસ્ય બન્ધુ'* કહેવાય છે. વ્યવહાર કર્મો અને જીવનનું ચાલક બળ દ્રવ્ય રહ્યુંછે. તેથી તેની પ્રાપ્તિ અને સંચયમાં રચ્યા પચ્યા રહી, અજંપો, ઉચાટ, માનસિક શાંતિના ભોગે, ભૌતિક ઉપલબ્ધિઓ અને સુવિધાઓના ખડકલામાં સુખ માની, ટોલ્સ્ટોયના લોભી ખેડૂતની જેમ, સતત દોડયા જ કરીએ છીએ. છેવટે દફન માટે છ ફૂટ જમીન મેળવીને, ત્યાં જ અંતિમ શ્વાસ લઈએ છીએ. 'ગ્રીડી બેગર' - અંગેજી કાવ્યમાં, પ્રભુએ ભિખારીની ધન લાલસાની યાચના સંતોષવા ઝોળી ફેલાવવાનું કહ્યું, શર્ત સાથે. જો સોનામહોરનો એક પણ સિક્કો જમીન પર પડશે તો બધું ધૂળમાં ભળી જશે. ભિખારીની હવસ હજી થોડી વધુ સુવર્ણ મુદ્રાઓ - તેની જીર્ણ ઝોળી ફાટફાટ થતી હતી. પ્રભુએ ચેતવ્યો પણ ખરો...હવે એક જ - હા માત્ર એક જ સિક્કો આપો... અને તે ચિરાઈ ગઈ. પત્યું - ધનવૃદ્ધિની લાલસાનો સતત વધતો અગ્નિ આપણને જ દઝાડે છે ! અતિ લોભઃ વિનશ્યતિ કામ (વાસના), દામ અને ઠામનો અમર્યાદસંગ્રહ, ભોગ, આપણી સુખની એકમાત્ર વ્યાખ્યા બની રહી છે. તેથી તેના અનંત ગુણાકાર કરવામાં જ આખું આયખું વીતી જાય છે. આંધળીને પાથરતાં જ વ્હાણું વાઈ જાય છે. સુવારું કયારે? જીવન સંધ્યાએ દળી દળીને ઢાંકણીમાં, ઠેરના ઠેર. એક કહેવત અનુસાર શ્રીમંતોને સંતાનો નહિ વારસદારો હોય છે. વાલિયામાંથી વાલ્મીકિ બનવાનું સુખ તો દૂર જ રહ્યું !

કલાકારો માટે, પ્રશંસકોની બેશુમાર ભીડ, માન-અકરામ, એવોર્ડ્સ, ચંદ્રકો અને ટ્રોફીઓ સુખના પર્યાયો બની રહે છે. તે નિહાળી ફૂલ્યા ન સમાતા. જમીનથી તેમનો રથ વેંત અદ્ધર ચાલે છે અને જનસમુદાયથી પોતાને 'મુઠ્ઠી ઉંચેરા' માની પોરસાય છે. પરંતુ જયારે તેમાં ઓટ આવવાની શરૂઆત થાય છે ત્યારે ગુમનામીના અંધકારમાં, હતાશાની ઊંડી-ગર્તામાં ધકેલાઈ જાય છે. તેમનો રથ પાતાળમાં પણ શોધ્યો જડતો નથી.

જીવનના દરેક ક્ષેત્રમાં માની લીધેલાં સુખ બટકણાં હોય છે. તેમની ગેરહાજરી આભાસી સુખનો છેદ ઉડાડી દે છે. સ્નેજ ટીકા, નિંદા કે ઉપેક્ષા શારડીની જેમ વીંધી નાંખે છે.

તે સાચું સુખ નહોતું, માત્ર વસ્તુ આધારીત, પરિસ્થિતિ જન્ય, ક્ષણિક ઘટનાનો અલ્પજીવી અહેસાસ હતો. તેની ક્ષણિક હાજરી પણ માનવને અહંકારી અને તુમાખી શોષક અને અધિકારવાદી બનાવી દે છે. તેના સતત વિસ્તાર અને વૃદ્ધિની લહાયમાં, અન્યને પોતાનો ભક્ષ્ય બનાવી દાનવીય વૃત્તિમાં ધકેલાય છે. પર-પીડન વૃત્તિમાં જ અમાનવીય આનંદનું અટ્ટહાસ્ય કરે છે.

અમર્યાદ સંપત્તિ સત્તાની લાલસાની સગીબહેન છે. ચારે બાજુ જયજયકારના આભ આંબતા નારા, અન્ય સર્વ સંસાધનો તેમની

નિરંતર કુરનીશ બજાવતાં, તેમનાં ચરણ-કમળને પખાળવા કતારમાં ઊભા રહી જાય છે. 'જી','જી' ના ગળચટ્યા કૃતક અભિવાદનોથી ઉમડતી જંગી મેદનીના અફાટ મહાસાગર પર કૃપાભરી દૃષ્ટિ ફેંકતા સત્તાધીશોને તેમાં અલૌકિક સુખનાં સ્વર્ગ રચાતાં દેખાય છે. પરંતુ સત્તાના અખાડામાં કોણ કયારે ધરાશાયી બની પુરાતત્ત્વીય અવશેષ બની જાય તે તો આંખ ખુલે ત્યારે જ ખબર પડે!

ઘણીવાર આપણે આનંદ, ખુશીને સુખ માની લઈએ છીએ. અમુક હદ સુધી તે બરાબર પણ છે. પરંતુ તે સુખની આડ પેદાશો છે. તે કોઈ ઘટના, પ્રસંગ, પરિસ્થિતિમાંથી જન્મે છે પણ તે નિતાંત સુખ નથી. અલ્પજીવી અને તે સમયાધીન હોય છે. તેનો રોમાંચ ક્ષણિક હોય છે. વળી પાછા ઠેરના ઠેર.

તો પછી સુખ છે શું ? સુખ જેવું કશું હોય છે ખરું ? જો 'હા', તો તેની પ્રાપ્તિ કઈ રીતે થાય? કે દિલ બહેલાને કાં ખ્યાલ અચ્છા હૈ ? પ્રશ્નો થવા સ્વાભાવિક છે.

સામાન્ય રીતે આ બાબતોમાં સુખ મનાયું છે. પહેલું સુખ તે જાતે નર્યા. બીજું સુખ તે કોઠીએ જાર, ત્રીજું સુખ તે સુલક્ષણા નાર અને ચોથું સંસ્કારી સંતાનો. સંતોષ સમાન સુખ નહિ. તો સામે સંસારીનું સુખ ઝાંઝવાંના જળ જેવું પણ મનાયું છે. સુખ સાપેક્ષ અને વ્યકિતગત દૃષ્ટિકોણ પર આધારીત છે. કયારેક એકનું સુખ બીજાના દુ:ખનું કારણ પણ બની જાય છે.

એક વાત નિશ્ચિત છે : સુખ એ બહારથી મેળવવાની પ્રક્રિયા નથી. તે કોઈ ભૌતિક પદાર્થ નથી કે તેમાંથી પ્રાપ્તિની વસ્તુ નથી. તે કોઈ શોધવાની પ્રવૃત્તિ નથી. તે માત્ર ને માત્ર આંતરિક અનુભૂતિ છે. તે એક મનની નિર્વિકલ્પ સ્થિતિ છે. સ્થિરતા અને સમાધિ કક્ષાની ભાવ ક્ષણો છે. સંસાર અને બુદ્ધિ, તર્કજન્ય વિચારો અને આંદોલનોની તરંગ લીલા નથી. ભીતરની સંપદામાં જન્મતી અક્ષુણ્ણ, અવિચલ ભાવસાગરની અક્ષર અવિરત ચાલતી લીલા છે. કસ્તૂરી-મૃગની જેમ આંતરવિશ્વમાં વસતી સુગંધને બહાર ખોળવાનો ઉપક્રમ ઝાંઝવાનાં જળ જેવો છે. સુખી માણસનું પહેરણ મળે ખરૂં?

જીવનની સર્વ ઘટનાઓને સાક્ષીભાવે નિહાળવાની દૃષ્ટિ સર્વ દ્વંદ્વોમાંથી મુકત કરે છે. તીરે ઊભા રહેવાનું તાટસ્થ્ય કેળવવાની, અનંત પ્રક્રિયા છે. વસ્તુ કે પ્રસંગનું સાચુ આકલન તેનાથી દૂર ખસી નિહાળવાથી જ થાય છે. માત્ર દૃષ્ટાજ, કર્તા નહિ. નહિતર શકટનો ભાર જેમ શ્વાન તાણે તેવું થાય.

માટે ઉપનિષદ કહે છે, 'ત્યાગીને ભોગવો'. પરસ્પર માટે ત્યાગ એ જ વ્યકિત અને સમષ્ટિના સુખનું કારણ બની શકે. સ્વર્ગ અને નર્કની રૂપકકથાઓ તેના ભૌતિક સ્વરૂપમાં, દેવલોકમાં કોઈ ભેદ નથી. પરંતુ નર્કના જીવાત્માઓ, હાથે બાંધેલ કડછીમાંનો દૂધપાક પોતાના મુખમાં લઈ જવા નિષ્ફળ મથામણ કરી છેવટે હાથ ચાટતા, ઘાંઘા પશુઓ સાબિત થાય છે. જયારે સ્વર્ગના આત્માઓ પરસ્પર મુખમાં તે આહાર ધરી સુખ આસ્વાદે છે. સુખ વહેંચવાથી વધે છે અને દુ:ખ વહેંચવાથી ઘટે છે. ગમતાનો કરીએ ગુલાલ !

પરંતુ આપણી લાલસા અને સ્વાર્થપરક સ્વ-કેન્દ્રી જીવનશૈલી, ભૌતિક સમૃદ્ધિના ખડકલા કરવામાં આકંઠ છે. ભગવાન બુદ્ધે તૃષ્ણાને જ સર્વ દુ:ખોનું મૂળ કહ્યું છે. ઈચ્છાઓ તો અનંત છે. તેની તૃપ્તિ કરવાના મૃગજળિયા પ્રયાસો અનંત લોભ અને લાલસાઓ જન્માવે છે. સુખ પડછાયાની જેમ દૂર ને દૂર જ રહી જાય છે. તેની લાલચથી ઉફરા

ચાલશો તો તે પાછળ દોડશે કેમકે તે અંદરથી પ્રગટશે. સંસારની માન-અપમાન, કીર્તિ - અપકીર્તિથી દૂર રહી, એ સર્વથી ઉપર ઊઠી આંતરિક શાશ્વત શાંતિના સુખલોકમાં લઈ જાય છે. દુ:ખને અનંત અને શાશ્વત સુખના દેશમાં પ્રવેશવાનો વીઝા-પાસપોર્ટ બનાવી દે છે. પ્રભુના પ્રસાદમાં રૂપાંતરિત કરી, ઉન્નતિનું સોપાન બનાવે છે.

આપણા પ્રત્યેક વ્યવહાર-કર્મના, કડક ટીકાકાર અને સમીક્ષક બનવા માટે સમજણ અને જાગૃતિ, સાવધાની જરૂરી છે નાનામાં નાની બાબત શેનાથી પ્રેરિત છે તે પૃથ્થકરણ-વૃત્તિનો અભ્યાસ અને જરૂરી સુધારણા અને પરીક્ષણ સુખનો માર્ગ પ્રશસ્ત કરે છે. સમાજ-હિતમાં સ્વસુખની દૃષ્ટિ કેળવવાની મનોસ્થિતિનું નિર્માણ કરવું ઈષ્ટ છે. કોઈપણ પ્રાપ્તિ માટેના પ્રયત્નોના પુરુષાર્થમાં સુખની અનુભૂતિ છે ! પ્રાપ્તિ પછી પ્રમાદ અને એકવિધતાથી કંટાળો અને નીરસતામાં સરી ગયાનું ભાન પણ રહેતું નથી. માનવી સતત નવીનતા, પરિવર્તન ઝંખે છે. તેથી એક સમયે એકઠી કરેલી સામગ્રીનું આકર્ષણ થોડા સમય પછી તેને વિમુખ બનાવી દે છે.

સુખમાં આ પરિસ્થિતિ ઉદ્ભવતી નથી. તેમાં લાલસા, લોભનું તત્ત્વ હોતું નથી. કેવળ ચિત્તમાં ચિદાનંદની અનુભૂતિ. સર્વશ્રેષ્ઠ સુખની અવસ્થા તો સ્વના ચૈતન્ય, પરમાત્મામાં ઈશ્વરેચ્છા બલિયસિ માની એકાકાર થઈ જવું, અજ્ઞાનતામાં ઓગળી જવું જ છે. બહુ ઊંચી વસ્તુ છે પરંતુ ઊર્ધ્વયોગી બનવાની આ સફર ચાલવી, ચાલતી રાખવી એ જ જીવનધ્યેય, સુખપ્રાપ્તિના માર્ગનું આપણું પ્રથમ કદમ હોવું ઈચ્છનીય છે.

(૯૪૦૮૬ ૮૬૬૨૭)

•••


**-- આઈશ્રી સોનલમા ટ્રસ્ટ, રાજકોટની પ્રવૃત્તિઓ --**

- વાડી, લાઈબ્રેરી, ચારણ મેગેઝિન(ત્રિમાસિક) તથા સોનલમા ટ્રસ્ટની વેબસાઈટ, ચારણ સંસ્કૃતિ મેગેઝિન વોટ્સએપ ગ્રુપનુ સંચાલન
- મેડિકલ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન તેમજ મેડિકલ સહાય, વૃક્ષારોપણ,હોશિયાર/ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ
- નોકરી માટે વ્યાવસાયિક કારકિર્દી માર્ગદર્શન તેમજ ઉચ્ચ અભ્યાસ માટે સેમિનાર તથા સરસ્વતી સન્માન
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ-આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈનું વિતરણ
- આઈશ્રી સોનલમા એજયુકેશનલ એવોર્ડ
- સમાજ તેમજ રાષ્ટ્રને ઉપયોગી થઈ શકે તે માટે યુવાનોનું ઘડતર, સંગઠન, માર્ગદર્શન
- હરિરસના પાઠનું સામૂહિક પઠન
- પુસ્તકોનું પ્રકાશન / ડિસે.૨૦૨૩ રાજકોટ સમાજની ડિરેકટરની બીજી આવૃતિ પ્રકાશિત કરી
- રાષ્ટ્ર/રાજય કક્ષાના એવોર્ડ વિજેતાઓનું સન્માન
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ, આર્થિક સહાય
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું

# પગાર–સ્લીપ થી પેન્શન સુધીની યાત્રા

• મહેરબાનભાઈ ગઢવી

મનમાં નિષ્ઠા હોય, નીડરતા હોય, ઈરાદો મજબૂત હોય, કોઈ અપેક્ષા ન હોય, હાથ ઉપર લીધેલું કામ છોડવું નહિ એવો સંકલ્પ હોય, કાર્યવાહી નિયમાનુસાર હોય, વિષયનો તલસ્પર્શી અભ્યાસ પછીનો પ્રયાસ હોય અને કલમમાં શરૂઆતમાં કોમળતા અને પછી કઠોરતા હોય તો ચોક્કસ ધ્યેય પ્રાપ્ત થાય છે.

આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાંની વાત છે. જામનગરમાં રહેતા સ્વ.મુળાબા રૂખડદાન બાદાણી (નામમાં કદાચ વિસ્મૃતિ થાય તો દરગુજર કરશો) જે મારા નાનાભાઈનાં પત્નીના માસીબા થતાં તે એકવાર મારા ઘેર આવ્યા અને વાત-વાતમાં મારા પત્નીને કહે દીકરીયું, આ બધીયે ડોશીઓને પેન્શન મળે અને મને ન મળે. જો મને પેન્શન મળશે તો તમને બેય દેરાણી - જેઠાણીને સરસ સાડીઓ લઈ આપીશ. મારા પત્નીએ મને વાત કરી કે આ માસીબાનાં પેન્શનનું કંઈક કરી આપો ને! એમનાં પુત્ર સ્વ.નવલદાન રૂખડદાન બાદાણી જેઓ રેલવેમાં નોકરી કરતા તેને કહેવડાવતા તેમણે આ બાબતમાં લખેલા બે ત્રણ પત્ર લઈ મારી ઓફિસે આવ્યા. પત્રો એટલા વ્યવસ્થિત કે અસરદાર ન હતા. વાતચીત દરમ્યાન જાણવા મળ્યું કે તેમના સ્વ.પિતાશ્રી મામલતદાર કચેરી કાલાવડમાં ચતુર્થ શ્રેણીનાં કર્મચારી હતાં. પરંતુ તેમનું કોઈ સર્વિસ રેકોર્ડ મળતું નહોતું. ઘણાં પ્રયત્નો પછી જૂના રેકોર્ડમાંથી તેમની એક પગાર સ્લીપ મળી. જેમાં જરૂરી વિગતો હતી. પગાર સ્લીપનું બારીકાઈથી નિરીક્ષણ કરતાં જણાયું કે સ્વ. કર્મચારી જે પગાર સ્કેલમાં હતા તેમાં તેમણે ૭ થી ૮ વાર્ષિક ઈજાફા (ઈન્ક્રીમેન્ટ) મેળવેલા. દા.ત. રૂા.૨૦-૧-૩૦ નો પગાર સ્કેલ હોય તો અવસાન સમયે તેઓ છેલ્લો પગાર રૂા.૨૮ મેળવતા એટલે એ ઉપરથી એવું સાબિત થતું હતું કે તેમણે ૭ વર્ષથી વધારે નોકરી કરેલી છે, એટલે નિયમાનુસાર એની વિધવાને ફેમિલી પેન્શન મળવાપાત્ર છે.

રાબેતા મુજબની લખાપટ્ટી ચાલી. પગાર સ્લીપને પુરાવો બનાવ્યો ડેથ, સર્ટીફીકેટ રજૂ કર્યું, કાર્યવાહી આગળ ચાલી જે તે સમયના ઉચ્ચ અધિકારીઓએ સારો સહકાર આપ્યો ને ફેમિલી પેન્શન એરીયર્સ સાથે ચૂકવવાનો હુકમ થયો. હુકમ મામલતદાર કાલાવડને થયો જેની જાણ પેન્શનરને થઈ. મામલતદાર કચેરીમાં આ હુકમે બે માસ ઊંઘ કરી. સ્વ.નવલદાને આ બાબત મને જણાવી. શું કરું તેનું મનોમંથન ચાલતું હતું અચાનક એક બપોરે મારી ચેમ્બરમાં બેઠો હતો ત્યાં વિચાર આવ્યો. કલેકટર કચેરીએ પહોંચ્યો.

કલેકટરશ્રીને વિઝીટર સ્લીપ મોકલાવી, તો બાજુમાં ચેમ્બર ધરાવતા નિવાસી નાયબ કલેકટરે મને બોલાવ્યો ને કહે બોલો શું કામ છે ? હું કરી આપીશ. મેં કહ્યું મારે તો સમય વેડફ્યા વગર કલેકટરશ્રીને મળવું છે, નવરાશ મળે ત્યારે સાહેબને કહો બોલાવે. એકાદ કલાક બેઠો. હલચલ પરથી એવું લાગ્યું કે કલેકટરશ્રી હવે હળવાશની પળોમાં છે. બીજી એક સ્લીપ મોકલાવી તેમાં મારી ભાંગીતૂટી અંગ્રેજી ભાષામાં લખ્યું કે,હું ભારતનો નાગરિક છું, આપને મળવા એક કલાકથી બહાર બેઠો છું, હવે જો અડધી કલાકમાં મને બોલાવવામાં નહીં આવે તો આપની કચેરી છોડી જતો રહીશ.

ચિઠ્ઠી ટેબલ પર પહોંચતા કલેકટર સાહેબ અકળાયા. બેલ મારી મને અંદર બોલાવ્યો. મેં હકીકતોની રજૂઆત કરી. તેમણે મામલતદારનો ફોન પર સંપર્ક કર્યો અને આ હુકમ કેટલા સમયથી તમારી પાસે પડયો છે અને શા માટે? તેવો ખુલાસો માગ્યો. પાંગળા બચાવથી કલેકટરને સંતોષ ન થતાં કહ્યું કે અઠવાડિયામાં વિધવાને પેન્શન ચૂકવી દેજો. મારી સામે જોઈ મને કહે કે જો પેન્શન ન મળે તો અઠવાડિયા પછી ફરી મને મળજો.

માતુશ્રીને બે-ત્રણ દિવસ પછી તિજોરી કચેરીમાં બોલાવ્યા અને હસતા હસતા તિજોરી કચેરીનો સ્ટાફ કહે માજી તમારી તો લોટરી લાગી, લ્યો રૂા.૧,૫૦,૦૦૦/- (કે કદાચ વધારે યાદ નથી) નો ચેક અને આવતા મહિને પેન્શન ચાલુ થઈ જશે.

(૯૪૨૯૦ ૦૩૩૫૯)

•••

## ઝરપરાના યુવાન અધિક સચિવ પદે નિમાયા

કર્મનિષ્ઠ કચ્છી સનદી અધિકારી **શિવરાજ ધનરાજ ગીલવા**(ઝરપરા)એ છેલ્લા ૧૨ વર્ષથી સરકારમાં રહી વિવિધ વિભાગો અને જિલ્લાઓમાં પોતાની કાબેલિયત પુરવાર કરી છે. સરકારી નોકરીમાં મહત્ત્વની કામગીરીમાં અગ્રેસર રહી સરકારની નીતિ-રીતિઓમાં લક્ષ્યાંકો સિદ્ધ કરીને હાલ કેબિનેટ મંત્રી કુવરજીભાઈ બાવળીયાના અધિક અંગત સચિવ તરીકે સેવા આપી રહ્યા છે. તેમને તાજેતરમાં નાયબ કલેકટરમાંથી અધિક કલેકટર તરીકે પ્રમોશન મળ્યું હતું.

એસ.ડી.ગીલવાના નામથી જાણીતા અને ૨૦૧૧માં મામલતદાર તરીકે જોડાયેલા તેમજ સામાન્ય ખેડૂત પરિવારમાંથી આવતા અને ખેડૂત પુત્ર એવા શિવરાજ ગીલવાએ માતા હિરબાઈ અને પરિવારને ગૌરવ અપાવ્યું છે. વર્ષ ૨૦૧૧માં જીપીએસસીની પરીક્ષા પાસ કરી મામલતદાર તરીકે ઉમરગામ(વલસાડ)માં નિમણૂક મેળવી. ત્યારબાદ ડીસા મામલતદાર તરીકે અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. વર્ષ ૨૦૧૩માં ૮૦ પરિવારને રાશનકાર્ડ બનાવી આપ્યા હતા તેમજ માડા ગામે અનુસૂચિત જાતિના ૨૬ પરિવારના લોકોને સોડાપુર ગામે રહેણાંક માટે જમીન અપાવી પુનર્વસન કરાવ્યું હતું.

ડીસા ખાતે ફરજ બજાવતા હતા ત્યારે શ્રેષ્ઠ મદદનીશ મતદાર નોંધણી અધિકારી તરીકે રાજયપાલના હસ્તે સન્માનિત કરાયા હતા. મામલતદારમાંથી નાયબ કલેકટર તરીકે બઢતી મેળવીને રાધનપુર(પાટણ) ખાતે નિમણૂક થયેલ હતી. જયાં પૂરની તારાજીમાંથી ૪૩ ગામના ૬૫૦૦થી વધારે લોકોનું બચાવકાર્ય કરેલ હતું. ત્યાર બાદ જિલ્લા પુરવઠા અધિકારી, મહેસાણા ખાતે ફરજ બજાવેલ તેમજ ચૂંટણી અધિકારી ઊંઝા તરીકે પણ સારી કામગીરી કરેલ. ત્યાર બાદ હાલે કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના એડિશનલ પર્સનલ સેક્રેટરી(જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો) તરીકે ફરજ બજાવે છે. શિવરાજભાઈએ યુવાવર્ગને જણાવ્યું કે, સમાજ એ વ્યકિતઓમાંથી બને છે. વ્યકિત જેટલી કુશળ હશે એટલું સમાજનું ઘડતર વધુ મજબૂત હશે.

**– અહેવાલ – જીવરાજ ગઢવી(કોડાય)**

# તંદુરસ્ત અને સ્વસ્થ જીવનની ચાવી – યોગ

• ડો.હરીશ બી. રાબા

શરીર, મન અને આત્મા ત્રણેયની સાચવણી કરતું જો કોઈ વિજ્ઞાન હોય તો એ છે યોગ. આત્મા અને મનની શુદ્ધિ જીવનમાં ખૂબ ઉપયોગી છે, તેમજ જીવનના અનેક પ્રશ્નો દૂર કરે છે. યોગ માત્ર માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં, પરંતુ બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસમાં પણ ઉપયોગી સાબિત થાય છે. આજના સમયમાં માણસ ચિંતા અને તણાવયુકત જીવન જીવે છે. દરેક વ્યકિતને કોઈને કોઈ ચિંતા હોય છે. આ બધાની જો કોઈ ચાવી હોય તો એ યોગ છે. યોગનું મૂળ ભારતમાંથી અલગ અલગ ગુરુઓ દ્વારા વિકસિત કરવામાં આવ્યું એવું માનવામાં આવે છે. યોગ શરીરને મજબૂત, ચમકદાર અને મરોડદાર બનાવે છે. યોગ દ્વારા મન શાંત બને છે તેમજ ઈશ્વરની નજીક જઈ શકાય છે. શ્વાસની ક્રિયાને યોગ સુધારે છે.

એક સમય હતો જયારે એવું માનવામાં આવતું હતું કે યોગ સાધુઓ, સંન્યાસીઓ કે જેમણે સંસાર ત્યાગ કર્યો હોય એવા લોકો જ કરે છે. પરંતુ સમય જતા ઘણાં યોગગુરુઓ જેવા કે સ્વામી રામદેવ, શ્રી રવિ શંકર અને બીજા અનેક ગુરુઓએ યોગની અલગ અલગ શિબિરો અને કેમ્પનું આયોજન કરીને ખરેખર યોગ સાધના છે અને આજના સમયમાં કેટલું ઉપયોગી છે આ વિશે સાચું જ્ઞાન લોકોને આપ્યું છે. કોઈપણ જાતિ, જ્ઞાતિ, ધર્મ, કોઈપણ વ્યવસાય કે કોઈપણ ઉંમરના લોકો હોય, યોગ દ્વારા પોતાના માટે સારું સ્વાસ્થ્ય અને સુખી જીવન પસાર કરે છે. સાથેસાથે અત્યારના ઝડપી,વ્યસ્ત ને તણાવ યુકત જીવનમાંથી રાહતની અનુભૂતિ કરી શકે છે.

**મુખ્યત્વે યોગને આપને આ રીતે વિભાજિત કરી શકીએ :**

o **કર્મયોગ** – કોઈપણ કાર્ય કરવા માટે આપણે શરીરનો ઉપયોગ કરીએ છીએ અને શારીરિક પ્રવૃત્તિ દ્વારા કોઈ કામ કરીએ છે. કર્મ પ્રારબ્ધ એટલે કે વર્તમાન શરીર દ્વારા થઈ શકે, સંચિત એટલે કે પાછળના કર્મ જે પ્રારબ્ધ કર્મ પર અસર બતાવે છે અને ક્રિયમાંણ અથવા આગામી કર્મ એટલે કે અત્યારના કરેલ નિર્ણયો કે કાર્યો જેની અસરો ભવિષ્ય પર જોઈ શકાય છે.

o **જ્ઞાનયોગ** – જયાં આપણે આપણી અંદર રહેલી કોઈ બુદ્ધિ કે આપણા અંતર મનનો ઉપયોગ કરીએ છીએ.

o **ભકિતયોગ** – જયાં આપણે આપણી કોઈ લાગણી કે ભાવનાનો ઉપયોગ કરીએ છીએ. જેને ઈશ્વરીય શકિત સુધી જવાનો એક માર્ગ ગણવામાં આવે છે.

**ઋષિ પતંજલિએ યોગને આઠ ભાગમાં વિભાજિત કર્યા છે**

**૧) યમ અર્થાત સંયમ** – અહિંસા, સત્ય, અસ્તેય અર્થાત્ ચોરી ન કરવી, બ્રહ્મચર્ય અર્થાત્ શુદ્ધતા અને અપરિગ્રહ અર્થાત્ સંગ્રહ ન કરવો.

**૨) નિયમ** – એટલે કે સારી આદતોનો સંચય જેવી કે શૌચ એટલે મન, શરીર, વાણીની શુદ્ધિ, સંતોષ એટલે પરિસ્થિતિઓનો સ્વીકાર, તપસ એટલે અનુશાસન, સ્વાધ્યાય એટલે કે સ્વઅધ્યાય પોતાની વાણી અને કાર્યોનું અધ્યાય, ઈશ્વર પ્રણિધાન એટલે કે ઈશ્વરનું ચિંતન.

**૩) આસન** – એટલે કે જરૂરિયાત મુજબ કોઈ એક મુદ્રામાં શરીરને રાખવું. એ મુદ્રા સૂઈને,

બેસીને, ઊભા રહીને અલગ અલગ રીતે કરી શકાય છે. જે આસનથી દર્દની અનુભૂતિ થાય તેને આસન ન કહેવાય. સમય સાથે ધીરજ રાખી દરરોજ આનો અભ્યાસ કરવાથી કોઈ પણ મુદ્રામાં લાંબો સમય સુધી શરીરને રાખી શકાય છે.

**૪) પ્રાણાયામ** – પ્રાણાયામ એટલે શ્વાસનું નિયંત્રણ કરવાનો અભ્યાસ. જે અનેક રીતે શરીર માટે ઉપયોગી સાબિત થાય છે. શરીરની વાહિનીઓમાં રકતનું પરિભ્રમણ અને ઓકિસજનનું વહન સારી રીતે શકય બને છે. સામાન્ય રીતે પ્રાણાયામમાં શ્વાસ લેવામાં આવે છે. તેને રોકી શકાય ત્યાં સુધી રોકવામાં આવે છે અને પછી છોડવામાં આવે છે, જે સંપૂર્ણ શરીરની શુદ્ધિ માટે ઉપયોગી છે.

**૫) પ્રત્યાહાર** – પ્રત્યાહાર એટલે એક એવી યોગસાધના જેમાં મનને વિચલિત કરનારી માહિતી ઈન્દ્રિયો દ્વારા ન મળે તેવું કરવું. ઈન્દ્રિયોને આહારની વિપરીત દિશામાં લઈ જવી એટલે પ્રત્યાહાર. કાન દ્વારા કોઈ એવા વચનો અંદર ન જાય, આંખને કોઈ દ્રશ્ય જોવામાંથી પાછી વાળવી આ પ્રત્યાહાર છે. આજના યુગમાં પ્રત્યાહાર આવશ્યક છે.

**૬) ધારણા** – ધારણા એટલે એકાગ્રતા. મન અને આત્મા વચ્ચે એકાગ્રતા. ધારણાનો અર્થ છે કે મનને એક દિશા, વિષય કે બિંદુ ઉપર સ્થિર કરવું. જેને કોઈપણ બીજા વિષય પર ભટકવા કે જવા ન દેવાની ક્રિયા એટલે ધારણા.

**૭) ધ્યાન** – ધ્યાન એટલે આ વાત-વિષય પર ચિંતન મનન કરવું જેના પર ધારણા કરેલ છે. ધ્યાન એ ધારણા પછીનું યોગનું અંગ છે. મનને તમામ વિચારોથી મુકત કરી અથવા તો કોઈ એક વિષય પર એકાગ્ર થાય તે પરિસ્થિતિને ધ્યાન કહેવામાં આવે છે. ધ્યાનથી શાંતિ, પ્રસન્નતા, સ્થિરતા વગેરે કેળવાય છે.

**૮) સમાધિ** – જે ધ્યાન કર્યું છે માત્ર તે એક જ વસ્તુ કે ચિંતન જેમાં યાદ રહે છે તેવું યોગનું સર્વોચ્ચ સોપાન એટલે સમાધિ. ખુલ્લી આંખે કે બંધ આંખે જે વિષય, વસ્તુ કે દિશામાં જવું છે માત્ર તેનું જ ચિંતન-મનન રહે તેવી સ્થિતિ એટલે સમાધિ.

આચાર, વિચાર કે આચરણમાં શુદ્ધિ એટલે યોગ. યોગ માત્ર કોઈ આસન નથી, પણ સંપૂર્ણ શરીરનો વિકાસ છે. શરીરની ચિંતા, તણાવ એનાથી દૂર થાય છે. તમામ પ્રકારના દુઃખાવા નિયમિત યોગથી દૂર થાય છે. શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો થઈ જીવન ધોરણ સામાન્ય કરતાં ઊંચું આવી જાય છે. થાકનું પ્રમાણ દૂર થાય છે અને એનર્જીમાં વધારો થાય છે. બ્લડપ્રેશર, ડાયાબિટિસ, સ્થૂળતા, હૃદયરોગ જેવી નાની મોટી અનેક તકલીફો દૂર રહે છે. મેદસ્વિતા, હાયપર ટેન્શન જેવી તકલીફો દૂર કરે છે તેમજ રકત પરિભ્રમણને યોગ્ય કરે છે.

નિયમિત યોગ એ તંદુરસ્ત અને સ્વસ્થ જીવનનો પાયો છે. આપણે અખબારોમાં વાંચીએ છીએ કે અચાનક રમત રમતા નાની વયના યુવાન-યુવતીઓ મૃત્યુને ભેટી જાય છે. આજના સમયમાં ગરમીનું પ્રમાણ વધ્યું છે. વાતાવરણ અનિશ્ચિત બન્યું છે. ઋતુ ચક્રમાં પણ આપણને ફેરફાર જોવા મળે છે. ખોરાક પણ અનિયમિત અને રોગો ઉત્પન થાય તેવો લેવાનું પ્રમાણ વધ્યું છે ત્યારે યોગ એક માત્ર એક આવી નિશ્ચિત ઔષધિ સાબિત થાય છે કે જે કોઈપણ વયની વ્યકિતને માનસિક કે શારીરિક રીતે સ્વસ્થ બનાવી, તંદુરસ્ત જીવન આપી શકે છે. કોરોના જેવી કપરી પરિસ્થિતિ સમયે પણ નિયમિત યોગે અનેક લોકોને ગંભીર સ્થિતિમાંથી ફરી સાજા કર્યા છે.

**નિયમિત કરો યોગ ને દૂર રાખો દરેક રોગ;**
**જીવો સ્વસ્થ અને તંદુરસ્ત જીવન દરરોજ.**

**છેલ્લે જાણીએ થોડું રમત ગમતમાં અવનવું**

૧) પંકજ અડવાણીએ વર્લ્ડ બિલિયર્ડ્સ ચેમ્પિયનશિપ જીતીને રચ્યો ઈતિહાસ.

૨) વર્લ્ડ કપ માટે કુલ ૧૦ સ્થળો નક્કી કરવામાં આવ્યા હતા - અમદાવાદ, મુંબઈ, ધર્મશાલા, દિલ્હી, કોલકત્તા,હૈદરાબાદ, ચેન્નાઈ, બેંગલુગુરુ, લખનૌ અને પૂણે.

૩) ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા ચેમ્પિયન થયું હતું.

૪) વર્લ્ડ કપ ૨૦૨૩-૨૪માં ભારતના ખેલાડી વિરાટ કોહલીને મેન ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યા હતા.

૫) વિરાટ કોહલીએ આખી ટૂર્નામેન્ટમાં ૭૬૫ રન કર્યા હતા.

૬) વર્લ્ડ કપ ૨૦૨૩-૨૪માં આખી ટુર્નામેન્ટમાં સૌથી વધારે વિકેટ લેનાર ખેલાડી મોહમ્મદ શમીએ કુલ ૨૪ વિકેટ સાથે ટૂર્નામેન્ટનો સૌથી સફળ બોલર રહ્યો હતો.

૭) વર્લ્ડ કપ ટુર્નામેન્ટમાં સૌથી વધારે સિકસ અને બાઉન્ડ્રી મારનાર ભારતના જ ખેલાડી રોહિત શર્માને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

૮) વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં વિરાટ કોહલીએ ૫૦ સદીનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો.

૯) ભારત બે વખત ક્રિકેટ વર્લ્ડ કપમાં ચેમ્પિયન રહ્યું છે - ૧૯૮૩ અને ૨૦૧૧ અને બે વાર ભારતની ટીમ ફાઈનલમાં રમેલ છે ૨૦૦૩ અને ૨૦૨૩.

૧૦) વર્લ્ડ કપ ક્રિકેટ ૨૦૨૩-૨૪ના બ્રાન્ડ એમ્બેસેડર તરીકે શાહરુખખાનની પસંદગી કરવામાં આવી હતી.

(૭૩૮૩૬ ০૯૭૮૯)

•••

**સંસ્કૃતિ પરંપરા જાળવવા સમાજ જાગે**

દુનિયાના કોઈપણ ધર્મમાં મહિલા ભગવાન જેમ પૂજાતા નથી. આપણે માતાજી તરીકે માનીએ છીએ. આપણે વિદેશીઓ પ્રમાણે ચાલવાની જરૂર નથી. નવી પેઢી કાગબાપુ કે મેઘાણીને નહીં ઓળખે, પણ આપણે તેનું અનુસંધાન કરવાનું છે. આપણી ભાષા, પહેરવેશ, ખાન-પાન અને સંસ્કૃતિને જાળવવા માટે આવા પ્રસંગોએ સમાજના મોવડીઓ બેસીને મૂલ્યાંકન કરે અને આ દિશામાં પ્રયાસો કરે તો જ આપણે આપણી પરંપરાના વાહક બની શકશું એવું કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ વોવાર ચારણ સમાજ નિર્મિત મોરારદાદાના પુનઃનિર્મિત મંદિર પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદેથી સૂચન કર્યું હતું.

ત્રિ-દિવસીય કાર્યક્રમના તૃતીય દિવસે ચારણ સમાજના પરંપરાગત પહેરવેશથી ઉપસ્થિત અને ગ્રામ્ય સંસ્કૃતિની ઝલક સાથેના આ કાર્યક્રમમાં કેન્દ્રના પશુપાલન-ડેરી વિભાગના મંત્રી રૂપાલાએ ખાસ વકતવ્યમાં ટકોર પણ કરી હતી. તેમણે ઘણાં સમય પછી આ સમાજ વચ્ચે આવવાની તક મળ્યા બદલ આનંદ દર્શાવતા કહ્યું કે, ચારણ જન્મે જ જગદંબા છે. આ ભાવના યથાવત રહે એ જરૂરી છે. ગમે તેવા ફેશનેબલ વસ્ત્રો પહેરો, પણ ભેરિયાવાળીની સાથે જ શોભશો. ચારણને તો કલમ અને કટાર બે શોભે છે. એથી આ સમાજની જવાબદારી વધી જાય છે. એણે સમાજને સાચી દિશા દેખાડવાની છે, પણ સત્યને પડખે ઊભવું પડશે. સુખ, પૈસો ઘરમાં બદીઓ ન લાવે એ માટે આગેવાનો ચેતે.

**– અહેવાલ – માણેક ગઢવી(વોવાર)**

# થાક કેમ લાગે ? આ તો મારો ભાઈ છે ! કોઈ બોજ નથી !

• સતીષ ચારણ

ઈશ્વરના દર્શન કરવા માટે ઉત્કટ તાલાવેલી જરૂરી છે. સાથોસાથ શ્રદ્ધાપૂર્વક સાધના કરીને પણ સગુણ કે નિર્ગુણ સ્વરૂપે ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે કે તેની હાજરી અનુભવી શકાય છે.

ધોમધખતા તડકામાં પોતાની પાસે પગરખાં નથી તે માટે ઈશ્વરને દોષ દેતો ફકીર લંગડા માણસને જોઈ 'હે પ્રભુ, તારી કેટલી કૃપા કે તેં પગ તો આપ્યા' જેવા આભારવશ શબ્દો બોલી ઊઠે છે. આ રીતે આપણે રોજબરોજ ઈશ્વરને અનુભવી શકીએ છીએ.

રામકૃષ્ણ પરમહંસનું મન 'મા'ને પામવા માટે એટલું બધું વિહ્વળ થઈ જતું કે દિવસો સુધી તેઓ ઊંઘતા નહોતા. આંખો પરાણે બંધ કરવા મથતા, પણ તે બંધ થતી નહીં ત્યારે માને પોકારતા કે : 'મા ! તારે શરણે આવવાનું શું આ જ ફળ છે ? અરેરે ! આવું હઠીલું દર્દ તેં મને મોકલી આપ્યું છે !' પણ માનો સાક્ષાત્કાર કરવા આ તો કંઈ નથી એમ સમજી તેઓ શાંત થઈ જઈ મા ને કહેતા : 'તારી ઈચ્છામાં આવે તેમ કર.' ભક્તની ભગવાનને પામવાની પરાકાષ્ઠા છે.

આપણે ત્યાં ભગવાનને યાદ કરવાનો સંબંધ અસહાયતા, મુશ્કેલ સંજોગો અને દુઃખ સાથે છે. હેનરી મિલરને તેના દીકરાએ પ્રશ્ન કર્યો કે : 'ખરેખર ભગવાન છે ?' તેના જવાબમાં મિલરે હા પાડી. પુત્રે તેનું પ્રમાણ માગ્યું ત્યારે મિલરે કોઈ પ્રત્યુત્તર ન આપ્યો પણ એક જગ્યાએ તેણે લખ્યું કે : 'દીકરા, મોટો થઈશ ત્યારે તને ખબર પડશે. જ્યારે સમયના સંજોગો તને દીવાલ સરસો ભીંસી દેશે, ત્યાં ભગવાન દેખાશે.. તું આપમેળે ભગવાનને યાદ કરીશ.' ઈશ્વર સાક્ષાત્કાર એ અનુભવની વસ્તુ છે. મધર ટેરેસા કહેતાં કેઃ 'ભોઓબાન આચ્છેન' (ભગવાન છે) રામકૃષ્ણ પરમહંસ કહેતા કેઃ 'રાત્રે આકાશમાં અસંખ્ય તારલાઓ દેખાય, પણ સૂર્યોદય થતાં એ દેખાતા બંધ થઈ જાય છે એનો મતલબ એ નથી કે આકાશમાંથી તારાઓ નષ્ટ પામ્યા. એવી રીતે આપણી બુદ્ધિ ઉપર અજ્ઞાનનું આવરણ હોય ત્યારે ઈશ્વર નથી એમ ન માનવું જોઈએ.'

મહર્ષિ અરવિંદે કહ્યું છે : 'જ્યારે બધા તણાઈ જતા હોય ત્યારે મને એકને ઊગારે એ જ માત્ર ભગવાન નથી; પણ જ્યારે બધા ઊગરી જતા હોય ત્યારે મારો બચવાનો એક માત્ર સહારો, એક પાટિયું પણ જે ખેંચી લે એ પણ ભગવાન છે.' આમ, જ્યાં સરળ રસ્તો હોય ત્યાં દીવાલ ઊભી થઈ જાય અને જ્યાં દીવાલ છે ત્યાં સરળ રસ્તો થઈ જાય એનું નામ સંજોગો. આ સંજોગો માણસને કઈ રીતે ભરડામાં લે છે તેના આધારે તે ભગવાનમાં માનતો થઈ જાય છે.

આપણાં સાધુ-સંતો ભગવાન ગમે તે પરિસ્થિતિમાં રાખે, ભલે એ સુખની હોય કે દુઃખની, પણ તે અમારી સાથે રહેવો જોઈએ તેવું ઈચ્છે છે. ઈશ્વરના સાથ માટે સૂફી સંત અને કવયિત્રી રાબિયાને ગમે તેવી મુશ્કેલીઓ પણ મંજૂર છે, તે કહે છે–

**'ન અમી તૂ ન ખાહમ જહીમ બા તૂ રવાસ્ત,**
**કેહ બૂ તૂ શકર જહર અસ્ત બ બાતૂ જહર અસ્લ.'**

(અલ્લાહ સાથે ન હોય તો હું સ્વર્ગની પણ ઈચ્છા રાખતી નથી અને તારો સાથ હોય તો મને નરક પણ મંજૂર છે. તારી ગેરહાજરીમાં સાકર પણ મારા માટે ઝેર સમાન છે અને તારી હાજરીમાં

ઝેર પણ અમી છે.)

રાબિયા કોઈપણ સંજોગોમાં ઈશ્વરનો સાથ અને તેની શરણાગતિ સ્વીકારે છે અને તેથી જ ઈશ્વર પણ તેને પોતાનાથી ઉપર સમજે છે. આ શરણાગતિમાં કોઈ નાનું નથી ને કોઈ મોટું નથી. બન્ને પક્ષે સ્વૈચ્છિક શરણાગતિ. એક નાની છોકરી તેના ભાઈને કમરમાં તેડી ડુંગર ચડતી હતી. તે વખતે કોઈએ પૂછ્યું કે : 'આ તારા ભાઈનો વજન ઉપાડીને તું થાકી જતી હોઈશ ખરુંને?' ત્યારે પેલી છોકરીનો જવાબ સાંભળવા જેવો છે. તેણે કહ્યું કે : 'થાક કેમ લાગે? આ તો મારો ભાઈ છે! કોઈ બોજ નથી ! જો કોઈ વજન લઈને ચાલવાનું હોત તો જરૂર થાક લાગત'.

કુંતી ભગવાન પાસે પોતાને હંમેશા દુઃખ આપવાનું કહે છે ત્યારે કૃષ્ણ કુતૂહલવશ થઈ ફોઈને પૂછે છે કે આવું કેમ? જવાબમાં કુંતી કહે છેઃ 'સુખમાં હું પરમાત્માને ભૂલી પણ જાવ પણ જો મારે માથે દુઃખ હોય, વિપરિત સમય હોય તો મને પરમાત્માનું સતત સ્મરણ રહે.'

**દુઃખ મેં સુમિરન સબ કરે, સુખ મેં કરે ન કોઈ;**
**જો સુખ મેં સુમિરન કરે, દુઃખ કાહે કો હોઈ.**

સાંદીપનિ ઋષિના આશ્રમમાંથી છુટા પડતી વખતે સુદામા ભગવાન કૃષ્ણને ગદ્‌ગદ્ કંઠે કહે છેઃ'**ગદ્‌ગદ્ કંઠે કહે સુદામો, માગું દેવ મુરારિ; સદૈવ તમારાં ચરણ વિષે, મનસા રહેજો મારી.**' '**હું અલ્પજીવ એ સ્વયં ભગવાન, એકવાર પામું દરશન, તો હું જાણે પામ્યો ઈન્દ્રાસન.**'

આમાં, સુદામાની કૃષ્ણ સાથેની આત્મીયતા ભકિતથી પુષ્ટ થયેલી સહજ અને સજીવન લાગે છે.

(૯૪૨૮૨ ૧૯૦૩૧)

•••


**સોનલમા સ્મૃતિ સાંસ્કૃતિક ધામ, થલતેજ, અમદાવાદ**

પૂ.આઈશ્રી સોનલમા સ્મૃતિ સાંસ્કૃતિક ધામ ટ્રસ્ટની છ હજાર વાર જેટલી જમીન થલતેજ, અમદાવાદ ખાતે આવેલ છે.પૂ.આઈશ્રી ખીમશ્રીમા(મોટા ભાડીયા, માંડવી,કચ્છ)એ તા.૧/૩/૧૯૮૬ના રોજ આ ટ્રસ્ટની સ્થાપના કરેલ છે. જે ચેરિટી કમિશ્નરશ્રીની કચેરી, અમદાવાદમાં રજીસ્ટ્રેશન નં.૨૯૦૩/અમદાવાદથી તા.૧/૩/૧૯૮૬ના દિને નોંધાયેલ છે. ટ્રસ્ટનો મુખ્ય હેતુ આઈશ્રી સોનલમાનું મંદિર બનાવવાનો છે. સોનલમાના મંદિરનો શિલાન્યાસ તા.૨૫મી જાન્યુઆરી,૧૯૯૯ના રોજ પૂ.હાંસબાઈમાના હસ્તે કરવામાં આવેલ હતો. આ પ્રસંગે આઈશ્રી બનુમા અને મુનિશ્રી હરિદાનજી મહારાજના શુભાશિષ મળેલ હતા. આ પ્રસંગે સમાજના શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહ્યા હતા.

હાલમાં સદર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સુખદેવભાઈ કે. ગઢવી(સાંબરડા) અને ટ્રસ્ટીઓ તરીકે કનુભાઈ જે.શામળ(પાટડી), વાલજીભાઈ જે. ગઢવી(સિંધોડી,કચ્છ), ભૂપેન્દ્રભાઈ આર. દવે (અમદાવાદ), હનુભાઈ એસ.ગઢવી(શિહોર, હાલઃનવરંગપુરા), સતીષભાઈ એસ.ચારણ (વડગામડા, સાબરકાંઠા) છે. ઉપરાંત ટ્રસ્ટી મંડળની મળેલ બેઠકમાં અન્ય છ નવા ટ્રસ્ટીઓ સુભદ્રાબેન વસંતભાઈ ગઢવી(ભૃગુપુર, હાલઃગાંધીનગર), અભેસિંહ જે. ગઢવી (શિહોર, હાલઃગાંધીનગર), રામભાઈ જામંગ(રાજકોટ), મહેશભાઈ બી. ગઢવી (શિહોર, હાલઃગાંધીનગર), અભેસિંહ આર. ગઢવી (કુવાવા, હાલઃગાંધીનગર) અને અક્ષયભાઈ એસ.ગઢવી (શિહોર, હાલ નવરંગપુરા)નો ઉમેરો કરવામાં આવ્યો હતો.

– **સતીષ ચારણ** ( ૯૪૨૮૨ ૧૯૦૩૧)

# ૨૧મી સદીનો ગુરૂમંત્ર—માનવીય સ્વભાવનું પરિવર્તન

• વિનોદ મકવાણા

'સારો સ્વભાવ એ ગણિતના શૂન્ય જેવો છે, તેની આમ કોઈ કિંમત નથી પણ જો તે કોઈ એક ગુણ સાથે જોડતા તેની કિંમત દશ ગણી કરી નાખે છે.' આ સ્વભાવ એટલે શું ? તેનો સરળ ઉત્તર – સ્વ+ભાવ. આપણી અંદર પડેલી પ્રક્રિયાને વાચા આપવી તે સ્વભાવ. આપણે રોજબરોજ અનેક લોકોને મળતા હોઈએ છીએ. વ્યકિત-વ્યકિતએ અલગ-અલગ સ્વભાવના દર્શન-અનુભવ થાય છે. આપણે ત્યાં ઉકિત છે. 'પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય' આમાં પ્રકૃતિ એટલે માનવસ્વભાવ. સૃષ્ટિમાં મનુષ્ય યોનિ એવી છે કે જેમાં પોતાની બુદ્ધિનો આત્માના અવાજને અનુસરીને પોતાના સ્વભાવને શુદ્ધ બનાવી જીવનમુકત, તત્વજ્ઞ અને ભગવત્ ભકત બની શકાય. બીજી યોનિમાં આવો અવસર મળતો નથી. મનુષ્ય ધારે તો પોતાનો સ્વભાવ બદલી શકે? અશકય નથી. આનું શ્રેષ્ઠ ઉદાહરણ – સદીઓ પૂર્વે વાલિયા નામનો લૂટારો, નારદમુનિના સંગથી પોતાનો સ્વભાવ બદલી વાલ્મીકિઋષિ બની ગયા.

એકવીસમી સદીમાં આપણે ભજન, સ્મરણ, સેવા, દાન, ધ્યાન, જપ, કીર્તન, સત્સંગ, સ્વાધ્યાય, વ્રત, નિયમ, જેવા અનેક કાર્યમાં પ્રવૃત્ત થયા છીએ. અન્યને આપણા જ્ઞાન, કાર્યની વાત કરવા તલપાપડ થઈએ છીએ. પરંતુ વ્યવહારમાં સ્વાર્થના સમયે આ યાદ આવતું નથી ! સામેની વ્યકિત સાથે વાદ-વિવાદમાં ઉતરી ક્રોધિત થઈ, હું જ સાચો છું એવું સાબીત કરવા માંગીએ છીએ, કારણ આપણી અંદર રહેલી સ્વાર્થ વૃત્તિ. જેને કારણે અભિમાન આવે છે. સુખ ભોગવવાને કારણે અહંકાર ઉત્પન્ન થાય છે. આપણે જાણીએ છીએ બધું જ. બીજાને બદલવા આગ્રહ રાખીએ છીએ. સ્વ સાથે જોડાયેલા અહમ્‌ને દૂર કરી શકતા નથી. જેને કારણે આપણો સ્વભાવ બદલાતો નથી. વ્યકિતએ પોતાની પ્રકૃતિ સમજવી એ મોટી વૃત્તિ છે. એ પ્રકૃતિ સમજી વર્તવું એ વળી એનાથી દુષ્કર કાર્ય છે.

માનવના વ્યકિતત્વનો અરીસો તેનો સ્વભાવ છે. આપણી વાણી, વર્તન, વ્યવહાર અને વિચારોથી સ્વભાવ છતો થાય છે. ઈશ્વરે આપણને જીભ અને હૃદય જેવા અત્યંત કોમળ હાડકા વગરના અંગોની ભેટ આપેલ છે. પરંતુ આપણા સ્વભાવથી તેમાં પરિવર્તન કરી કઠણ કરી નાખ્યા છે. આપણી આજુબાજુ બનતી ઘટના વ્યકિતમાં નકારાત્મક દૃષ્ટિકોણથી ગુસ્સો જલ્દી આવે છે, જેને કારણે શ્વાસ વધુ લેવા પડે છે. જેથી જીવનનો લય ખોરવાઈ જાય છે. આથી નકારાત્મકતા, બેચેની, માનસિક તાણ જેવા શત્રુઓનો પ્રવેશ થાય છે.

વ્યકિતએ પોતાનો સ્વભાવ સુધારવા કયા ઉપાયો અજમાવવા જોઈએ? આ રહ્યા તે માટેના સાત પગલાં :

૧) સૌ પ્રથમ માણસે ગુસ્સા પર નિયંત્રણ મેળવી લેતા શીખી લેવું જોઈએ. નમ્રતાની સીધી અસર તમારા વ્યવહાર પર પડશે. સ્વભાવ શાંત થશે. સકારાત્મક વિચાર આવશે. આગળનો માર્ગ જડશે. દા.ત. કાચબાને કયારેય ગુસ્સે થતો જોયો છે? કોઈનો સ્પર્શ થતા, કાયા સંકેલી લે છે. ફરી કાર્યરત થઈ જાય છે. જીવનમાં આવતી કોઈપણ પરિસ્થિતિને સ્વીકારી, તેમાંથી રસ્તો કાઢીએ એ

જ, આપણા જ્ઞાનની સમજણ કે સ્વભાવ.

૨) સ્વાર્થ, સ્વાભિમાન અને અહંકાર જેવા આસુરી ગુણો સ્વભાવને બગાડે છે. આપણા સંતો ભજનમાં મૂલ્યવાન શીખ આપતા ગાય છે કે, 'મત કર તું અભિમાન રે બંદે, જુઠી તેરી સાન રે, તેરે જેસે લાખો આયે, લાખો ઈસ માટી ને ખાયે, રહા ન નામ નિશાન રે..' આવા અવગુણોનો ત્યાગ કરવો.

૩) વ્યકિતએ જીવનમાં બીજાને અનુકુળ થવું, મનગમતું મુકવું, ઘસાવું અને સહન કરવું. આ ચાર સિદ્ધાંતો તમારા જીવન તથા પરિવાર ચોક્કસ સુખી કરી શકશે. તમારા વર્તનથી કીરદારનું કાર્ય મહેકી ઊઠશે. સામેની વ્યકિત પર પ્રભાવ પાડવાની જરૂર નહીં રહે.

૪) જીવનમાં દુરાગ્રહ, હઠાગ્રહ અને જીદને વશ ન થવાનો સંકલ્પ કરો. આ માટે ભટકતા મનને નિયંત્રણમાં રાખો. આ માટે યાદ રાખવા જેવું સૂત્ર 'પ્રત્યેક માણસ મારા કરતા કોઈને કોઈ બાબતમાં ચડિયાતો-શ્રેષ્ઠ છે જ. એ અર્થમાં મારો ગુરુ છે'. સામેની વ્યકિતની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરીએ તો સ્વભાવમાં પરિવર્તન આવે.

૫) દુનિયામાં બધાનો સ્વભાવ ખરાબ જ છે. હું મારો સ્વભાવ શા માટે સુધારૂં? આવા નકારાત્મક તર્કનો સદંતર ત્યાગ કરો. મારે જીવનમાં સુખી થવું છે ? મારા પરિવાર, સમાજ અને દેશને સુખી કરવો છે ? મારાથી શું શરૂઆત ન થઈ શકે ? હું મારા સ્વભાવમાં સુધારો કરીશ, તો મારા માટે દુનિયા સુધરી જશે.

૬) સારો સ્વભાવ તમારી અંદર રહેલા ગુણોથી બને છે. જેમકે વિવેકને લીધે તમે બીજાનું અપમાન કરવાનું ટાળો છો. ઉદારતા વડે તમે બીજાને જીતી શકો છો. પ્રામાણિકતાને લીધે માણસો તમારા પર વિશ્વાસ કરશે. ઉત્સુકતા અને ભલાઈ વડે સફળતા પ્રાપ્ત કરી શકશો. આ પંચામૃત જેવા ગુણો જીવનને સભરસ બનાવશે. આથી તમારી હાજરી-ગુણોની નોંધ આજુબાજુના લોકો લેશે.

૭) જીવનમાં સદ્‌વાંચન, સત્સંગ, સારા માણસોનો સંગ અને સદાચારમાં શ્રદ્ધા સેવવાથી અને બીજાના સહવર્તન, પ્રેમ અને લાગણીની કદર કરવાથી સ્વભાવમાં સુધારો થશે. ઈશ્વરમાં શ્રદ્ધા વધશે. માનવ જીવનનો મર્મ-પુણ્યનો દાખલો આપી કવિ કહે છે, 'ખીલવું અને ખરવું એ બન્ને હરી થકી પણ બન્ને વચ્ચે મહેકી... મઘમઘી જવું એ સ્વભાવ થકી.'

ઉપર મુજબની સપ્તપદીનો જીવનમાં અમલ કરવા પ્રયત્ન કરીશું તો અવશ્ય આપણા સ્વભાવમાં સુધારો થશે.

(૯૪૨૭૨ ૦૦૦૯૬)

•••

**પરિવાર જેવી અકસીર દવા અને મિત્રો જેવી રોગપ્રતિકારક શકિત હોય તો કોઈ દિવસ કોઈ રોગ ન થાય**

**સારૂં સ્વાસ્થ્ય સૌથી મોટી ભેટ છે,**
**સંતોષ એ સૌથી મોટું ધન છે**
**અને**
**વફાદારી એ સૌથી મોટો સંબંધ છે**

**ખોટી વ્યકિતથી મોટી આશા**
**અને**
**મોટી વ્યકિતથી ખોટી આશા કયારેય ના રાખવી...**

**જ્ઞાન સંઘરશો તો ઘટશે, વહેંચશો તો વધશે.**

**પુસ્તકો તે દુનિયાની સમૃદ્ધિનો ખજાનો છે;**
**અનેક પેઢીઓ અને રાષ્ટ્રનો સાચો વારસો છે**

# મૂળી–બોક્ષાની ડેલીએ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

• નટવરદાન વિશ્નુદાન વિઠુ

**પુર મૂળી પરમાર જગત બધામાં જાણ,**
**નર પટાધટ નીપજે કવિઓને કે કાણ.**

ઉપરોકત દુહો મૂળી વિશે ગુજરાતી સાહિત્યના કવિ દલપતરામ લખેલ છે. મૂળીની ધરતી શૂરવીર દાતાર અને અશ્વ માટે જગ પ્રસિદ્ધ છે. મૂળી ગામમાં પ્રવેશતા આજે પણ વાવ પ્રખ્યાત છે. કહેવાય છે કે આ વાવનું પાણી વછેરા (ઘોડાના બચ્ચાને) પીવડાવવામાં આવે તો એ અશ્વ છ મહિનામાં તેજવંત ઘોડાનું સ્વરૂપ ધારણ કરે છે.આ વાવના પાણીનો ઉત્તમ ગુણ છે.

મૂળી પરમાર ક્ષત્રિયોનો શૂરવીર યોદ્ધાઓ તરીકેનો ઈતિહાસ જગપ્રસિદ્ધ છે એક તેતરને બચાવવા માટે યુદ્ધ કરીને આઈ જોમબાઈમાના ક્ષાત્રત્વની શૂરવિરતાને શોભાવી માથાના દાન દીધેલા આ ગૌરવવંત સ્થાન આજે પણ ઈતિહાસની સાક્ષી પુરે છે. મૂળી માંડવરાયજી સૂર્યનારાયણ ભગવાન પરમારોના ઈષ્ટદેવ તરીકે પુજાય છે. અનેક પરચાઓ આજે પણ લોકોની શ્રદ્ધા અને ભકિતની સાક્ષી પુરે છે. મૂળી મંદિરમાં બિરાજેલ શ્રીજી મહારાજ ઘનશ્યામ મહારાજ અને રાધાકૃષ્ણદેવ સંપ્રદાય અને સેવક પરિવારોની સુખાકારી માટે શ્રદ્ધામાં દિન-પ્રતિદિન વૃદ્ધિ કરે છે.

છોટી કાશી સમાન મૂળીમાં અનેક સંતો, કવિઓ, સાહિત્યકારો પ્રતિભાશીલ જાજરમાન વ્યકિતઓની વાતો દરેક ઘરે અને લત્તાઓમાં યાદગીરી બની રહી છે. મૂળી બોક્ષાની ડેલીના પ્રભુદાન બોક્ષાની ડેલીએ ડાયરામાં મૂળીમાં વસતા સોળ શાખના ચારણો બેસતા અને વિદ્વત્તા તેમજ સમાજ જીવનની વાતો એ જમાનામાં ગૌરવપદ રીતે કરતા હતા.

મૂળી ચારણપા ના ચોરામાં મૂળીના વિદ્વાન કવિઓ ઉપરાંત ભગવાન શ્રીજી મહારાજ પધારેલ જેથી આ ચોરો સંપ્રદાયમાં પ્રસાદીનો ચોરો ગણાય છે. શ્રીજી મહારાજના સખા ચારણ કવિ બ્રહ્માનંદ સ્વામી આ ચોરામાં આવીને કવિઓ સાથે સાહિત્ય અને ધર્મની ચર્ચા કરતા હતા.

એક સમયની ગૌરવવંતી ચારણ કવિઓની આ ભૂમિ છોટી કાશી તરીકે ઓળખાતી હતી. કવિશ્રી દેવાનંદ સ્વામી પાસે દલપતરામ કવિએ પિંગલ શાસ્ત્રનો અભ્યાસ કરેલ હતો.

મૂળી પ્રભુદાન બોક્ષાએ એ સમયે ૧૯૩૬ (ઓગણીસો છત્રીસમાં)મૂળીમાં 'અખિલ હિન્દ' ચારણ સંમેલન યોજયુ હતું. આ સંમેલનમાં પૂજય ભગતબાપુ(કાગબાપુ), પિંગલશીબાપુ નરેલા, પોરબંદર યશકરણદાન બાપુ, કવિરાજ શંકરદાનબાપુ જેવા અડીખમ આગેવાનોએ ઉપસ્થિત રહી સંમેલનનું ગૌરવ વધાર્યું હતું. આ સંમેલન ચારણ હિતવર્ધક સભાના ઉપક્રમથી યોજાયેલ સોળ શાખાના ચારણો અને ગામના ઠાકોર સાહેબ તેમજ સ્વામિનારાયણ મંદિરે આ સંમેલન સફળ બનાવેલ હતું.

મૂળીના સોળ શાખાના પરિવારોએ ત્યારથી આજદિન સુધી આત્મીયતાથી સંપપૂર્વક જીવવાનું ગૌરવ અનુભવે છે.

મૂળી પથાભાઈ બોક્ષા અને શિવદાન બોક્ષાના પરિવારના દરેક દીકરાઓએ તાજેતરમાં મૂળી બોક્ષાની ડેલીએ તા.૧૯/૧૧/૨૦૨૩ થી તા.૨૫/૧૧/૨૦૨૩ સાત દિવસની ભાગવત જ્ઞાન સપ્તાહનું આયોજન કર્યું હતું તેમાં મૂળીના ઘણા

વર્ષોથી બહાર વસતા પરિવારોને તેમજ દીકરીબા, ભાણીઓને ખાસ આમંત્રણ આપી બોલાવ્યા હતા. ત્રણ પેઢીની મૂળીની નવી પેઢીના દરેક શાખાના ચારણોને અને દીકરા-દીકરીઓને મળવાનો અવસર મળે, તે હેતુને લક્ષમાં રાખી આ આયોજન કરવામાં આવ્યું હતું. આ જ્ઞાન સપ્તાહમાં મૂળીની સોળ શાખાના ચારણોને યજમાન તરીકે શોભાવવામાં આવ્યા હતા.

આ ભાગવત જ્ઞાન સપ્તાહમાં ચારણ સમાજના તમામ અંગત મહેમાનો અને સમાજના આગેવાન ચારણો ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર તેમજ ઝાલાવાડના ચારણ સમાજ ગામોના આગેવાનો, સગાઓ અને સંબંધીઓએ ઉપસ્થિત રહી પ્રસંગને શોભાવ્યો હતો, જે માટે મૂળી ચારણપા સોળ શાખાના ચારણો ધન્યતા અનુભવે છે.

જશકરણ શિવદાન બોક્ષાના પાંચેય દીકરાઓ પી.પી.બોક્ષા સાહેબના દીકરા ઈશ્વરદાન શિવદાન બોક્ષાના ત્રણેય દીકરાઓ શુભકરણ બોક્ષાના દીકરા તેમજ અચળદાન શિવદાન બોક્ષાના દીકરાઓએ વ્યવસ્થા ગ્રુપ બનાવી મૂળીના ચારણો અને મહેમાનો દ્વારા આ પ્રસંગને દિપાવ્યો હતો.

કચ્છ કોડાઈથી પૂજ્ય ગંગામા ઉપસ્થિત રહી તમામ પરિવારોને આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ પાણેધરા વાળા આઈ બેલી મોગલમા પણ આ પ્રસંગે ઉપસ્થિત રહી આશીર્વાદ આપ્યા હતા.

(૯૯૯૮૬ ૦૭૩૧૧)

•••

**ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટ**

**આ અંકના સમય દરમિયાન મળેલ દાનની યાદી**

| દાતાશ્રીનું નામ | રકમ (રૂા.) | વિગત | પહોંચ નં. |
|---|---|---|---|
| ○ શ્રી પ્રતાપભાઈ જાળફવા | ૫૦૦૦૦-૦૦ | અનાજ વિતરણ | ૧૬૭ |
| ○ શ્રી પ્રતાપભાઈ જાળફવા | ૨૩૨૩૦-૦૦ | શૈક્ષણિક | ૧૬૮ |

**– સંકલન : શ્રી યોગેશભાઈ પારેખ(એકાઉન્ટન્ટ)(૯૯૭૮૪ ૪૨૭૬૫)**
**શ્રી ચંદુભાઈ સાબા(પ્રમુખ)(૮૧૨૮૮ ૮૨૭૭૫)**



# અમીરસ ઈતિહાસનો(૩૫)

• રામભાઈ જામંગ

પૂ.સોનબાઈમાની શતાબ્દી ઉજવાઈ રહી છે. સારા-સારા પ્રસંગો, ધાર્મિક અને સમાજ ઉપયોગી કાર્યો થઈ રહ્યા છે. ભાગવત કથાઓના રાજકોટ, મૂળી, સુરેન્દ્રનગર, ચાડધ્રા, જાંબુડામાં આયોજન થઈ રહ્યા છે. અમોને પણ કાનને પવિત્ર કરવાનો લાભ મળી રહ્યો છે. સૌથી પ્રથમ મૂળી મુકામે ચારણ પા બોક્ષા પરિવારની ડેલીએ શ્રી પી.પી. બોક્ષા સાહેબ (નિવૃત્ત કલેકટરશ્રી) (કાયમી દાતા અને ચારણ સંસ્કૃતિ મેગેઝિનનું વિચાર બીજ વાવનાર) અને માન.શ્રી અચલદાન બોક્ષા(હરિરસની હેલી જગાડનાર)(હરિરસ સ્વાધ્યાયનું ગામોગામ અને ઘરે શ્રવણ કરાવનારના લાગણીસભર આમંત્રણથી હું અને શ્રી ચંદુભાઈ સાબા કથાનું શ્રવણ પાન કરવા એકાદ ટંક મૂળીની ઐતિહાસિક બોક્ષાની ડેલીએ વંચાતી ભાગવત કથાનો લાભ લઈ શકયા હતા.

આ દિવસે અમોને પરિવારના વડીલશ્રી બોક્ષા સાહેબે આવકાર્યા હતા. ભાઈશ્રી યોગેશ બોક્ષા તથા તેમના લઘુબંધુ હિતેશ બોક્ષા તેમજ ડો.સંજય ગઢવી આ પરિવારના યુવાનોએ આતિથ્યને ઉજળું કરી બતાવ્યું હતું. તે દિવસે શાસ્ત્રીજી દેવાનંદ બાપુની વાણીની સાથે પૂ.ગંગામા (કચ્છ)ના દર્શનના અને ઐતિહાસિક ધરોહર સમા સ્વામિનારાયણ મંદિર જેમની સાથે બ્રહ્માનંદ સ્વામીના સ્મરણો સમાવાયા છે તેના તેમજ માંડવરાયજીના દર્શનનો પણ લાભ મળ્યો.

વિશેષ તો આ મૂળીની બોક્ષા પરિવારની ડેલીએ આજે પણ ઐતિહાસિક વાતો અને વિભૂતિઓના બેસણાના પગરવ અને પડઘા સંભળાઈ રહ્યા છે. જે ગામમાં આજે પણ IAS અને IPS (નિવૃત્ત) ઓફિસરો ઉપસ્થિત છે. તો હરિરસને હર ઘર પર હેત વરસાવનાર શ્રી અચલદાન બોક્ષા અને તેમનું ભજનમંડળ ભાવથી ઈશરડાડાને ભજે છે અને ભજવાનો લાભ આપે છે. તો યોગેશ બોક્ષા સાહિત્ય અને રાજકીય ક્ષેત્રે શિરમોર છે તેનાથી સવાયુ તેમના પુત્ર આદિત્ય ગઢવી, ગાયકીની દુનિયામાં મક્કમતા સાથે નાની ઉંમરમાં પગરવ પાડી રહ્યા એના પડઘા વિશ્વકપ ક્રિકેટ(ફાઈનલ)માં કલવર સ્વરૂપે ગુંજી રહ્યા.

આ અત્યારનો ઈતિહાસ બની રહ્યો છે પણ તે અગાઉ આઝાદી પહેલા ચારણ સમાજના મહાનુભાવો પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા-ભાવનગર, શંકરદાન જેઠીભાઈ દેથા- લીંબડી, પ્રભુદાન માવભાઈ બોક્ષા-મૂળી, દુલાભાઈ ભાયાભાઈ કાગ-મજાદર, વાડીલાલ નથુભાઈ રતનું-અધેળી, પિંગલશી પરબતજી પાયક-ભાવનગર વિગેરે અહીં આવતા અને જે ડેલીમાં ડાયરો જામતો તે ડેલીના દર્શન કરવાનો પણ અમોને લહાવો મળ્યો. અરે આજે જેની શતાબ્દી ઉજવાઈ રહી છે તે આઈશ્રી સોનલમા મૂળી પધારેલ તે અને જયાં વર્ષોથી મોગલમાના ફળા બિરાજમાન છે તે ઓરડો પણ અડીખમ ઉભો છે તેનો આ ભાગવત કથામાં પધારેલાને નજીકથી અને દૂરથી દર્શન કરવાનો લાભ મળ્યો. તે દિવસે અમારી સાથે શ્રી ઘનશ્યામ મોડ- રાણેસર, શ્રી ચંદુભાઈ સાબા-રાજકોટ, શ્રી રતનદાન જી. ગઢવી-વિરવદરકા, દાદુભાઈ ગઢવી-મોરબી નટુભાઈ, ગોવિંદભાઈ, પ્રફુલ્લભાઈ બોક્ષા, અજીતદાન કરણીદાન બારહટ- ગાંધીનગર,

માધુભા ગઢવી પરિવાર આયોજિત (ગામઃ ચાડધ્રા)શ્રી શાંતિભાઈ શિવાભાઈ નેચડા પરિવાર આયોજિત (ગામઃ જાંબુડા)જશજીત રત્નુ વિગેરેને મળવાનો લાભ મળ્યો. આઝાદી પહેલા અહીં ૧૯૩૬માં ચારણ હિતવર્ધક સભાનું યાદગાર સંમેલન મળેલ અને સમાજની ચિંતા કરનાર મહાનુભાવો એકત્ર થયેલા તેના આમંત્રણનો સ્પષ્ટ એજન્ડા સાથેનો અપ્રાપ્ય પત્ર અહીંથી પ્રાપ્ત થયેલ છે. જે આ કોલમની નીચે રજૂ કરું છું જે અત્યારના આગેવાનો, મહાનુભાવો અને સમાજના કાર્યકર્તાઓને જરૂરથી આનંદ સાથે નવી આશાઓ પ્રગટાવશે.

૦૦૦

—પત્ર—

***શ્રી ચારણ હિતવર્ધક સભા ઓફિસ***

*પોસ્ટ ઓફિસ પાસે*

*ભાવનગર તા.૧૧/૫/૧૯૩૬.*

*શ્રીમાન મહાશય,*

*શ્રી ચારણ હિતવર્ધક સભાનું બીજું અધિવેશન સંવત ૧૯૯૨ના જેઠ સુદ ૧૩,૧૪, ૧૫ તા.૩,૪,૫ માહે જૂન ૧૯૩૬ના દિવસોએ મૂળી મુકામે મળવાનું છે. સર્વે ચારણ બંધુઓને પધારવા વિનંતી છે.*

*પ્રમુખ તેમજ બીજા હોદ્દેદારોની ચૂંટણી ખુલ્લી બેઠકમાં થશે. સભ્ય રહેનાર તથા બનનારને જ મત આપવાનો હકક છે. આપ તથા આપના ગામના જ્ઞાતિ બંધુઓ જરૂર પધારશો, એ જ પ્રાર્થના.*

*લી.સેવકો*

*૧) પિંગળશીભાઈ પાતાભાઈ નરેલા, ભાવનગર*
*૨) શંકરદાન જેઠીભાઈ દેથા, લીંબડી.*
*૩) પ્રભુદાન માવભાઈ બોક્ષા, મૂળી.*
*૪) દુલાભાઈ ભાયાભાઈ કાગ, મજાદર.*
*૫) વાડીલાલ નથુભાઈ રતનું, અઘેળી.*
*૬) પિંગલશી પરબતજી પાયક, ભાવનગર.*

*તા.ક.આપના વાર્ષિક લવાજમના રૂા.૨/-(બે) તુરંત મોકલી આપવા કૃપા કરશો. એ જ પ્રાર્થના.*

**લી.સેવક પિંગલ પાયક**

૦૦૦

સપ્તાહના તે દિવસની પૂર્ણાહુતિને શ્રીયોગેશભાઈ બોક્ષાએ મહેમાનોના પરિચય, સન્માન, વ્યાસ પીઠના વકતાની વિનમ્રતા સાથે વંદના, સાહિત્ય સરવાણી સાથે સોનલમા શતાબ્દીની યાદી કરીને પોતાની આ સોનલ શતાબ્દીની રચના રજૂ કરીને સૌને રાજી કર્યા હતા અને પૂજ્ય ગંગામા પધારતા તેઓની સાથેની સત્સંગની યાદો તાજી કરીને 'મા'ને અદકેરા આદર સાથે બોક્ષાની ડેલીએ આવકાર્યા હતા.

આ કથાનો અહેવાલ મૂળીથી મળતાં અહીં આ ટૂંકી નોંધ પણ કરેલ છે. અન્ય જગ્યાએ ભાગવત ભજન થઈ રહ્યું છે જેમાં ચાડધ્રામાં માધુભા ટાપરિયા પરિવાર, રાજકોટમાં દાંતી પરિવાર, સુરેન્દ્રનગરમાં ડો.વિજયભાઈ બાટી પરિવારની આ કથામાં ભાગવત કથાનું પાન કરવાનું અમોને સજોડે સદભાગ્ય પ્રાપ્ત થયું તેનો અનેરો આનંદ છે. જાંબુડામાં શાંતિભાઈ નેચડા પરિવાર વિગેરેને પણ તેઓશ્રીના અહેવાલ મળ્યા બાદ અહીંયાથી યાદ કરીશું.

આ ભાગવત્ સપ્તાહમાં અન્યોની સાથે મૂળીના અમારા કોલેજ સમયના મિત્ર અને હાલના ઉદ્યોગપતિ અને રાજપૂત સમાજના આગેવાન શ્રી નિરૂભા પરમારને અને તે સમયના જ પરમ સ્નેહી શ્રી બટુકસિંહભાઈને મળવાનો લહાવો આનંદમય રહ્યો. રાજકોટમાં શ્રી મનુભાઈ દાતી પરિવારની ભાગવત કથાની વ્યવસ્થા પણ દાદ માંગી લે તેવી હતી. ભાઈશ્રી સુમિતે અમોને

સ્નેહસભર આવકાર્યા હતા.

ગતાંકમાં આ કોલમમાં રાજકોટમાં હિરાસરમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ થતાં પ્લેન બાબતની થોડી માહિતી પ્રસ્તુત કરી હતી. તે વાંચ્યા બાદ આપણાં નિયમિત વાચક અને લેખક મહેન્દ્રસિંહ ચુડાસમાએ બે-એક બાબતોની યાદી અપાવી જ હતી. ખૂબ જ સારી હતી જેમાં લીંબડી સ્ટેટના શ્રી ભરતસિંહજી અચ્છા પાઈલોટ હતા. પોતાના વિમાનને એટલું નીચે લઈ આવી શકતા કે લીંબડી તળાવમાંથી એ પાણીનો જગ ભરીને લઈ શકતા. તેઓશ્રીની કાબેલિયતને દાદ દેવી પડે. તેમજ જામનગર સ્ટેટના જામસાહેબ વિશે પણ તેઓએ વાત કરી અને આપણે તેઓશ્રીને આ બાબતે વિગતે અહેવાલ લખી મોકલવા જણાવેલ છે, આવ્યેથી પ્રકાશિત કરવાનું ધ્યાને લઈશું.

તો ચાલો ઈતિહાસની અણમોલ ઘડીનાં ઈન્તજાર માણવાનો મહામૂલો સમય છડી પોકારી રહ્યો છે. આ અંક આપ સહુમાં વંચાણમાં જાન્યુઆરી ૨૦૨૪ની શરૂઆતમાં આવશે અને જાન્યુઆરી ૧૧,૧૨ અને ૧૩ના દિવસે મઢડા મુકામે આપણે આઈમાને મળવા દર્શન કરવા અને શતાબ્દી મહોત્સવને માણવાના મહામૂલા પ્રસંગે મળીશું.

(૯૮૨૪૨ ૮૮૮૫૨)

## રાઘવ ગઢવી જીપીએસસીની પરીક્ષા પાસ કરી સંશોધન અધિકારી(વર્ગ–૧)બન્યા

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના જામથડા ગામના વતની છે. માતા હેમલતાબેન અને પિતા કરણીદાનભાઈ ગઢવીના ઘેર તા.૨૮/૧૦/૧૯૮૯ના જન્મેલ રાઘવભાઈ સામાન્ય ચારણ પરિવારમાંથી આવે છે. પિતા ગુજરાત એસ.ટી.માં ડ્રાઈવર હોવાથી બદલીના લીધે પ્રાથમિક શિક્ષણ મુંદ્રા તાલુકાનાં બારોઈ અને દેશલપર કંઠી તેમજ માંડવી તાલુકાના લૂડવા અને જામથડા પ્રાથમિક શાળામાં મેળવ્યું. ત્યાર બાદ માંડવી ચારણ બોર્ડિંગ કે જયાં ભીમશી બાપા પાસેથી આઈશ્રી સોનલ આદેશનું મહત્વ સમજાયું. ત્યાં રહી ધો.૮ થી ૧૦ શેઠ ગોકલદાસ હંસરાજ વિવિધલક્ષી વિદ્યાલય, માંડવી ખાતે અભ્યાસ કરી, ત્યાર બાદ ધો.૧૧ અને ધો.૧૨ (સાયન્સ) શેઠ ખીમજી રામદાસ વિદ્યાલય માંડવી ખાતે શ્રી લક્ષ્મણ રાગ ચારણ બોર્ડિંગ, માંડવીમાં રહીને અભ્યાસ કર્યો. ચારણ બોર્ડિંગ, માંડવીએ તેમના જીવન-ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

ત્યાર બાદ જીઓલોજી વિષયમાં સ્નાતકની ડિગ્રી એમ.જી.સાયન્સ કોલેજ અમદાવાદ ખાતે અને અનુસ્નાતકની ડિગ્રી કચ્છ યુનિવર્સિટી ખાતે મેળવી અભ્યાસ પૂર્ણ કરી શરૂઆતની કારકિર્દી વાસ્મોમાં ૨૦૧૪ થી ૨૦૧૮ સુધી જૂનાગઢ ખાતે જીઓલોજિસ્ટ તરીકે બજાવી અને ત્યાર બાદ જીપીએસસીની પરીક્ષા માટે તૈયારી કરી અને તેમાં ઉત્તીર્ણ થઈને રોહડીયા પરિવાર સાથે ગામ અને સમસ્ત ચારણ સમાજનું ગૌરવ વધાર્યું. વર્ષ ૨૦૧૮માં જીઓલોજિસ્ટ વર્ગ-૨ તરીકે નિમણૂક પામી હાલ રાજકોટ ખાતે સિંચાઈ વિભાગમાં ફરજ બજાવે છે.

જેઓ તાજેતરમાં જીપીએસસી દ્વારા લેવાયેલી રિસર્ચ ઓફિસર(વર્ગ-૧), નર્મદા, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની પરીક્ષા પાસ કરી રિસર્ચ ઓફિસર(વર્ગ-૧) કલાસ વન અધિકારી બન્યા હતા.

**– અહેવાલ – વેજાંધ ગઢવી**

# આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ
# રાજકોટ ચારણ(ગઢવી) ડિરેકટરી (*બીજી આવૃત્તિ*)

• રાજુલ દવે

રાજકોટમાં વસતા ચારણ(ગઢવી) સમાજના પરિવારોની સંશોધિત-સંવર્ધિત થયેલી બીજી આવૃત્તિનું તાજેતરમાં રાજકોટ ખાતે શ્રી ખોડીયાર યુવક મંડળના સોનલબીજ સંબંધિત કાર્યક્રમમાં વિમોચન કરવામાં આવેલ હતું. આ પ્રસંગે ચારણ આઈમાઓ, સંતો, સમાજના અધિકારીઓ, આગેવાનો તેમજ વિવિધ સંસ્થાના પદાધિકારીઓ અને ચારણ તથા ચારણેતર સાહિત્યકારોની ગૌરવપ્રદ ઉપસ્થિતિ રહી હતી.

આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ૨૦૦૯માં પ્રથમ આવૃત્તિનું પ્રકાશન થયું હતું. ૨૦૨૦માં નવી આવૃત્તિ કરવી તેમ નકકી થયું. બે વર્ષનો કોરોના કાળ આવ્યો. સમાજના યુવાન કાર્યકરોએ સારી એવી જહેમત ઉઠાવીને વિગતો એકત્રિત કરી, તેનું સંસ્થાના પદાધિકારીઓએ યોગ્ય સંપાદન કરીને આ બીજી આવૃત્તિમાં છેલ્લામાં છેલ્લી વિગતો સમાવવાનો પ્રયાસ કર્યો છે. જોગાનુજોગ આઈશ્રી સોનલમાનું આ શતાબ્દી વર્ષ છે ત્યારે જ નવી આવૃત્તિ પ્રકાશિત થયેલ છે.

આ નવી આવૃત્તિમાં રાજકોટમાં રહેતા કુલ-૧૦૯૬ પરિવારોના અટક પ્રમાણે સરનામા આપવામાં આવ્યા છે. ચારણ સમાજની ૧૨૫ અટકો જોવા મળે છે. એની યાદી પણ આરંભના પૃષ્ઠોમાં અપાયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચારણ સમાજના કેટલા છાત્રાલયો, બોર્ડીંગો, સમૂહ લગ્ન સમિતિઓ, જ્ઞાતિની વાડીઓ, સામયિકો અને રાજકોટની સંસ્થાઓની સુચિ પુસ્તિકાના અંતે મુકીને તેને વિશેષ વાંચનક્ષમ કરવાનો સંપાદકોનો પ્રયાસ છે.

રાજકોટ ચારણ(ગઢવી) ડિરેકટરીનું પ્રાપ્તિ સ્થાન : શ્રી સોનલ સ્ટોર્સ, ચારણવાડી પાસે, સુખરામનગર, વિનોદનગરના ટાંકા સામે, રાજકોટ(૯૭૨૩૨ ૭૦૬૯૭) છે. કિંમત રૂા.૧૦૦ છે.આ ડિરેકટરીનું પ્રિન્ટીંગ,ટાઈટલ, ટાઈપસેટીંગ વગેરે ગેટઅપ સુચારુ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટની વેબસાઈટ ઉપર પણ આ ડિરેકટરી જોઈ શકાશે.

•••



## ચારણ કેવો હોય

ચારણ સત્ય સદા મુખ બોલે,
ચારણ બોલ અમોલ જ તોલે,
ચારણ હેત વ્રસે જબ હેલી,
**ચારણ કાવ્ય અમૂલખ બેલી...૧**
ચારણ રીત પ્રમાણિક માના
ચારણ શીલ અખંડ ખજાના,
ચારણ વીર ક્ષમા કર દેશે,
**ચારણ સત્ય અણી પર રેશે..૨**
ચારણ જ્ઞાન મહાન બનાવે,
ચારણ મારગ મોક્ષ બતાવે,
ચારણ મોહન સે મિલવાદે,
**ચારણ ક્ષાત્રકુ રણ ભિજવાદે..૩**
ચારણ વાદ વિવાદ ન કીજે,
ચારણ રંક કુ દુઃખ ન દીજે,
ચારણ નિત્ય સદા ઉપકારી,
**ચારણ કર્મ સદા સુખકારી..૪**
ચારણ યુદ્ધ કરે વટ રાખી,
ચારણ ભારત ઈજ્જત ભાંખી,
ચારણ દુઃખ હરે સબ પીરા,
**ચારણ વર્ણ તણા બલ વીરા..૫**
ચારણ વીર લડે બલવાના,
ચારણ શૌર્ય મહા જગ જાના,
ચારણ ધીરજ કા ધનવાના,
**ચારણ લાજ અમૂલખ બાના..૬**
ચારણ ચોર નહીં કરલીના,
ચારણ દાન બડા કર દીના,
ચારણ શીખ સચી જગ દેતા,
**ચારણ બાત અગાધ પ્રણેતા..૭**
ચારણ છંદ પ્રમેસર ગાવે,
ચારણ ભકિત સદા ઉપજાવે,
ચારણ ગાન કરે સબ ગીતા,
**ચારણ વેદ પ્રમાણ વદીતા..૮**
ચારણ જૂઠ તજી સબ માયા,
ચારણ દેવ મોહન કહાયા,
ચારણ શાસ્ત્ર પઢે સત બાની,
**ચારણ માનસ પ્રેમ કહાની..૯**
ચારણ આઠ પહોર જપંતા,
ચારણ સત્ય ઉચાર અનંતા,
ચારણ કી ગત એક જ ન્યારી,
**ચારણ પ્રીત પ્રમેસર પ્યારી..૧૦**
ચારણ વેદ પુરાણ પઢાવે,
ચારણ જ્ઞાન મહાન બઢાવે,
ચારણ જે મુખ વેણ ઉચારે,
**ચારણ વેણ ભવોભવ તારે..૧૧**
ચારણ લોભ નહીં લલચાવે
ચારણ સત્ય તણે પથ લાવે,
ચારણ રામ કથા ગુણ ગાતા,
**ચારણ પ્રેમ થકી પરખાતા..૧૨**
ચારણ માત ઉપાસક કીના,
ચારણ શીવ પ્રમેસર લીન્ના,
ચારણ કા ગુણ ઉત્તમ જાની,
**ચારણ દેવ પુજાય પ્રમાની..૧૩**
ચારણ ચીજ અમૂલખ માની,
ચારણ મિત્ર બડા સુખ દાની,
ચારણ કા મન ગીત ગજાવે,
**ચારણ મોજ સદા હરખાવે..૧૪**
ચારણ રાજ નહીં મન મોહા,
ચારણ શ્યામ ધણીય સમોહા,
ચારણ ભકિત કરે મન ભાવે,
**ચારણ ત્રીકમના ગુણ ગાવે..૧૫**
ચારણ આજ ઉજાગર માના,
ચારણ વેણ પ્રબીન બખાના,
ચારણ ભૂપત પાર ન પાવા,
**ચારણ ગૂણ પ્રમેસર ગાવા..૧૬**

**– ભૂપતદાન રોહડીયા, ઝંડાળા**
(૯૩૧૬૩ ૭૮૦૧૫)

## ચારણની દીકરિયું

*(ઢોલીડા ઢોલ રે વગાડ...એ ઢાળ)*

ચારણની દીકરિયું તમે જોગમાયા છો,
જોગમાયા છો તમે ગંગની ધારા છો, **ચારણની...૧**

તારા પંડની રગે રગમાં લોહી મોગલનું વહે,
લોહી મોગલનું વહે કે લોહી આવડનું વહે, **ચારણની..૨**

તારી માથે ચુંદડી તે તો ચારણની શોભે,
ચારણની શોભે બીજા કોઈની ન ચડે, **ચારણની..૩**

ચારણનું જ સિંદુર તારા સેંથામાં શોભે,
ચારણ વિના કોઈના ઘરનું પાણી ના ભરે, **ચારણની..૪**

દિલે દેવે તો કોઈ રુડા ચારણ ને દીયે,
ચારણની દીકરિયું કોઈ દી ભૂલી ના પડે, **ચારણની..૫**

લખમણની રેખાયુ એ તો કદી ન ચળે,
ચારણ કેરી ધીડીયુ ખોટું પગલું ન ભરે, **ચારણની..૬**

સાવજ સામે હાકલા પાડે કોઈથી ના ડરે,
મોટા મોટા ભૂપ તમારા ચરણે શિર ધરે, **ચારણની..૭**

શુક કહે આવી દીકરિયું તો દેવ ને મળે,
જોઈ ને એના બાપનું હૈયું કેવું રે ઠરે, **ચારણની..૮**

**– શુકદેવભાઈ ગઢવી**(૯૮૨૪૫ ૧૬૩૪૮)

## કહી ધો કલિકાળને

કહી ધો કલિકાળ ને, તું તારું સંભાળને
ખાલી શબ્દો ખખડાવી, છંછેડાય ના ચારણ બાળને
દેવળ ફેરવ્યા દ્વારિકાના, જુનાણે ઈતિહાસ જાગે
ચરાડવા થી દિલ્હી પોગતા, વાર કેટલી લાગે
અમે અમારું કરી લઈશું, તું તારાને પંપાળને
**કહી ધો કલિકાળને, તું તારું સંભાળને..**

ઝળહળે છે જગદમ્બા કેરી, આજેય જયોતું એવી
ધા સૂણીને ધોડી આવે, કૃપા કેવડી કેવી
સુવાણ્ય કરીયે સાથે બેસી, છોડી જગ જંજાળ ને
**કહી ધો કલિકાળને, તું તારું સંભાળને..**

સજ્જનને ના સલાહ દઈએ, દુર્જનને ન દઈએ ડારો
આપીએ ના કોઈ દી' અમે તો, અકર્મી ને આવકારો
જે ડાળ પર પંખી બેસે, તોડીયે ના એ ડાળને
**કહી ધો કલિકાળને, તું તારું સંભાળને..**

વસુધૈવ કુટુમ્બકમ્ કેરો, ભીતર અમાણે ભાવ
સૌનું સારું ઈચ્છીએ ચારણ, અમોને લાગણી સાથે લગાવ
જાત સાથે જિદ કરીયે તો, કરડી ખાઈએ કાળને
**કહી ધો કલિકાળને, તું તારું સંભાળને..**

**– જીલુભા ગઢવી**(૭૦૪૩૩ ૯૯૦૯૩)


**–– ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ,રાજકોટની પ્રવૃત્તિઓ ––**

- મેડિકલ કેમ્પનું સર્વજ્ઞાતિય વિનામૂલ્યે આયોજન સૌરાષ્ટ્ર-કચ્છમાં અંતરિયાળ ગામડાઓમાં કરવામાં આવે છે તેમજ બ્લડ ડોનેશન કેમ્પ, મેડિકલ સહાય.
- સૌરાષ્ટ્રના ઉચ્ચ અભ્યાસ કરતા સ્કોલર વિદ્યાર્થીઓ તથા અતિ જરૂરિયાતમંદ અને હેન્ડીકેપ વિદ્યાર્થીઓને સ્કોલરશિપનું વિતરણ.
- જરૂરિયાતમંદ, વિધવા બહેનોના પરિવારોને વિનામૂલ્યે દર વર્ષે અનાજકિટનું તથા દિવાળી/ સાતમ -આઠમના તહેવારોમાં તેમના બાળકોને મીઠાઈ વિતરણમાં સહયોગ.
- અન્ય ટ્રસ્ટને શૈક્ષણિક તેમજ સામાજિક પ્રવૃત્તિમાં સહયોગ તેમજ આર્થિક સહાય.
- કારકિર્દી ઘડતરના ટ્રેનીંગ કલાસમાં યુવાનોને સહયોગી બનવું.

## શિવદાનજી બોક્ષા(મૂળી)ની રચનાઓ

### *શ્રી શારદાય નમઃ કવિત*

વાસનાકે વ્રર્ણ હૈન માનસ હૈ સ્વસ્થ જાકો
ઈર્ષા અહમૈવ આદિ નાહિ પાક પરૂ હૈ
ઉપાર્જન અર્થકાજ કર્તન અનર્થ કબુ
પ્રાપ્ત બિચ માનત સંતોષ સુખ જરૂ હૈ
સમતા સુશિલ શિવદાન ગુણ ઉત્તમતા
મંજુલ મનોર્થ ફલદાયી કામ તરૂ હૈ
ઈશ્વરતા પુર્ણ ભરી સૃષ્ટિ ભરપૂર દીસે
હરિમય સર્વથાકું હરિહરુ ભરૂ હૈ

(**અર્થ :** જેના મનમાં વાસનાના (તૃષ્ણાના) ગુમડા નથી અને જેનું મન ચોખ્ખું છે, અને ઈર્ષા અભિમાનાદિપાકની રસી મૂળ માત્ર નથી પૈસા ઉત્પન્ન કરવા માટે જે એક પણ અનર્થ કરતો નથી. જે કાંઈ પોતાના પાપ રહિત પ્રયાસથી પ્રાપ્ત થાય તેમાં સંપૂર્ણ સંતોષ માને છે. વળી જે સમતા અને સુશીલ દરેક ઉત્તમ ગુણથી યુકત છે. શિવદાન કવિ કહે છે કે, જેના મનમાં દરેક વિચારો ઉજજવલ છે અને એ શ્રેષ્ઠ વિચારો કલ્પવૃક્ષના જેવા ઈચ્છીત ફળ દેવાવાળાં છે. વળી જેને આ સમગ્ર જગત હરિના ભગવાનના નિવાસરૂપ દેખાય છે જેને હરિમય તમામ જગત છે તેના સાનિધ્યમાં હરિ હરૂભરૂ-હાજરાહજુર રહે છે.)

### કવિત : અસાધ્ય

અકથ અગાધ તોય ધીકો તાગ તાગે તૂર્ત
જોરી શર્ત બેનતેય, આગે પંથે વહહી
ધારે કર ધરાધર, નભકે ઉતારે તારે
વારિધર વારી બુંદ સારે ગીની કહહી
કહે શિવદાન ભારી અલૌકિક જયુકિત
અજાગલ અંચલતે હોઈ દૂધ ગહહી
એતો સબ કષ્ટસાધ્ય પણ હોઈ પે અસાધ્ય એક
દુર્જન દુસાધ્ય તેન કોઈ લાભ લહહી.

(**અર્થ :** ન કથી શકાય એવા અગાધ જલધી (સમુદ્ર)નો તાગ લાવવા કોઈ ચાહે તો લાવી શકે, અને વાનતેય (ગરૂડ)ની સાથે કોઈ સ્પર્ધા કરીને પંથ કાપવામાં આગળ નીકળી શકે વળી પહાડને પણ પોતાના હાથથી કોઈ ઉપાડી લે અને આકાશમાંથી તારા પણ નીચે ઉતારી શકે કવિ કહે છે કે અજાયબ યુકિતથી બકરીના ગળાના આંચળમાંથી કોઈ પણ દૂધ મેળવી શકે આ બધું મુશ્કેલ છે છતાં સાધ્ય છે, અસાધ્ય વસ્તુ ફકત એક જ છે અને તે દુર્જનને સાધવો. દુર્જન મનુષ્યને સાધીને કિંચીત માત્ર પણ લાભ મેળવીએ તે કેવળ અસંભવ છે.)

**– શિવદાનજી પ્રભુદાનજી બોક્ષા**

**––કાગવાણી સંદેશ––**

કાગવાણી સંદેશ મંથલી જે જામનગરથી પ્રકાશિત થતું મુખપત્ર પોતાના સોળમા વર્ષમાં પ્રવેશી રહ્યું છે. નિયમિતપણે પ્રકાશિત થતાં આ મુખપત્રને અને તેની સમગ્ર ટીમને, તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક શ્રી પી.પી.ગઢવી અને સહયોગીશ્રી ભરત ગઢવી તેમજ મુખપત્રને તન, મન અને ધનથી સહયોગી બનનાર સહુકોઈને સોનલમા ટ્રસ્ટ, રાજકોટ અને ચારણ સંસ્કૃતિના વાચકો તરફથી અભિનંદન સાથે શુભેચ્છાઓ. સૌને પોતિકું લાગતું આ મુખપત્રને જીવંત રાખવા માટે ગ્રાહક બનીએ અને નિયમિત લવાજમ રીન્યુ કરાવીએ, આર્થિક સહયોગ આપીએ. **– તંત્રી**

## *સંત કવિ બ્રહ્માનંદજીનું પ્રશસ્તિ કાવ્ય*

સંતત સુહાત વસુધામે સરિતા સમૂહ
હેના કુભાગી એસી તુલ્ય પાતક હે
રાજત શશાંક દુનિવંત શુભ્ર રાત્રિનમેં
વિમલ વિશેષ તિથિ પૂર્ણીમા વિભાવરી
નર્ભર નિતાંત સંપ્રદાયુત સુનગ્રહિમે
નિપત અદ્વૈત ઘનસ્વામિનિકી નગરી
પરિત વિશુદ્ધ ઊદ કવિકી ત્યોં કવિતા
બ્રહ્મ કાવ્ય કૃતિકી ન પાવત બરાવરી

**– પથાભાઈ પ્રભુદાનજી બોક્ષા**

## આઈમા સોનલ

આઈમા સોનલ તું સવાઈ સારી સોરઠી
દેશ રે આખાની અનોખી તું દેવ
મા સોનલ, તું સવાઈ સાચી સોરઠી
આદીનનાં અજવાળા માડી તારે આંગણે
રાણી રાંદલના ઘોડલિયા ઘૂમે છે તારા ચોકમાં
મા સોનલ, તું સવાઈ સાચી સોરઠી
ચુંદર કેરા અમરત છલકે માડી તારે આંગણે
ઘુંઘર ઘંટારવ ગુંજે છે માડી તારા ચોકમાં
લાખેણી લખમીજી પગલીયું પાડે તારે આંગણે
નર રે નારાયણ નવલા તારા ચોકમાં
વાયુના વિંઝણલા વાય રે માડી તારે આંગણે
વાયુ રે વિઝંણલા ઢોળે માડી તારે આંગણે
શારદની શરણાયું ગુંજે છે માડી તારા ચોકમાં
યોગી ને ઉપયોગી એવી બીજ ઉજવાય તારે આંગણે
આભ કૃપાળી અંબા તું અવતરી ચારણ નાતમાં.

- **યોગેશ ગઢવી,** અમદાવાદ (૯૮૨૫૫ ૭૬૮૦૭)
*(સોનલમા શતાબ્દીના સંદર્ભમાં)*

## આદેશ સોનલમાનો

**દુહો**

સમજો સોનલ માતને, અંબા નો અવતાર,
કર જોડી કે કાનભા, આઈ તેજ અપાર.

**છંદ – હરિગીત**

આદેશ સોનલ આઈના પ્રેમે સહુ જન પાળજો,
ઈર્ષાળુ કેરે ઓટલે બેઠક હવેથી ટાળજો,
દારૂ દહેજો દંભથી માતા ઘણી મુંઝાય છે,
**સમજો હવે તો ચારણો, સોનલ અતિ અકળાય છે(૧)**

પડદા હટાવી પાપનાં ઊઠી અઘોરી ઊંઘથી,
દ્વારો ઉઘાડી દિલનાં વાંચો હરિરસ હેતથી,
આદેશ સાચાં આઈના વાતો મહીં વિસરાય છે,
**સમજો હવે તો ચારણો, સોનલ અતિ અકળાય છે(૨)**

મેલો અબોલા મોટપુ, સાથે રહો સૌ સંપથી,
છોડી કજીયા ચારણો, ભેગા વસો સૌ ભાવથી,
ભેંકાર દૂષણ ભાળતાં દલથી ઘણી દૂભાય છે,
**સમજો હવે તો ચારણો, સોનલ અતિ અકળાય છે(૩)**

સંસ્કાર છોડી ચાલતાં પાછાં વળો ને પાપથી,
આક્રોશ અહ્મો ઊગ્રતા અળગા કરીને આપથી,
સંતાન હાલત દેખતાં આઈ હૃદય રૂંધાય છે,
**સમજો હવે તો ચારણો, સોનલ અતિ અકળાય છે(૪)**

વિચરો ભલે પરદેશમાં અપનાવજો ગત આપણી,
પોષાક પેરણ પાઘડી મુકશો નહીં ઢબ ચારણી,
શણગાર સજતા શોખના વહરાય ખૂબ વરતાય છે,
**સમજો હવે તો ચારણો, સોનલ અતિ અકળાય છે(૫)**

ભવપાર કરવા ભાઈઓ ભેગા મળો સૌ ભાવથી,
સોનલ શતાબ્દી ઊજવો લાખો કરોડો ભાવથી,
કડવી હકીકત કાનભા શબ્દો થકી વરણાઈ છે.

**- કાનભા મોખિયા**

## મળવા જેવા માનવી

## (૧) પત્રકારત્વના પ્રહરી – ભૂપેન્દ્રભાઈ દવે

• અચલદાનજી બોક્ષા (સુરેન્દ્રનગર)

ઝાલાવાડની ધરતી એટલે મીઠો મલક. સૂકી ધરા અને મીઠાશથી ભરેલ માનવ સહજ સ્વભાવ.

આ ઝાલાવાડની ધરતી વિશે એક જમાનામાં કહેવાતું હતું કે ઝાલાવાડની ધરતીમાં પાણી અને જમીનને મેળ ન હતો એટલે એ જમાનામાં કદાચ ખેત-પેદાશ ઓછી થતી હશે. પણ સાથોસાથ એમ પણ કહેવામાં આવતું કે ઝાલાવાડની ધરતીમાં અન્ન ઓછું પાકવાની માન્યતા લોકોમાં હતી તેમ છતાં લોકો ગૌરવથી કહેતા હતાં કે ઝાલાવાડની ધરતીમાં મરદ પુરુષો પાકતાં એટલે કે શ્રેષ્ઠ અને ગુણવાન માણસો ઝાલાવાડની ઓળખ હતી. તેના કારણે ઝાલાવાડની ધરતી ગુણિયલ અને ખમીરવાળી હતી.

આજે તો ઝાલાવાડની ધરતીમાં નર્મદા મૈયાની પાણીની કેનાલો પહોંચી ગઈ છે. ખેડૂતો પણ સમૃદ્ધ બન્યા છે.

સ્વામિનારાયણ ભગવાન પણ ઝાલાવાડની ધરતી મૂળી, વઢવાણ અને ગઢડાના મંદિરમાં બીરાજયાં છે.

ભગવાન માંડવરાયજી થરપારકરથી નીકળીને પરમારો સાથે મૂળી ગામમાં આવીને બિરાજયા છે.

ઝાલાવડનો ઈતિહાસ, ઝાલાવાડનું સાહિત્ય અને ઝાલાવાડની પરંપરા તેમજ ખમીર કદી ઓછું કે ઉણું ઊતર્યું નથી અને ઉતરશે પણ નહીં કારણકે, જનસમુદાયની શ્રદ્ધા અતૂટ છે.

ઈતિહાસકારોએ આલેખેલા ઝાલાવાડના ઈતિહાસના પાના સુવર્ણઅંકિત છે.

રાજા મહારાજાઓનાં ઠાઠ, ખમીર આ ઝાલાવાડની ધરતીના ગામોગામની શોભા છે.

કવિઓ, સાહિત્યકારો, કલાકારો અને પત્રકારો આ ધરતીના મોરપીંછની કળાએ ખીલેલા છે. કવિઓ, કલાકારો, સાહિત્યકારો અને પત્રકારો સમાજના તમામ જ્ઞાતિના સમુદાય માટે આનંદ અને જીવનની કલા વિકસાવવાનું માધ્યમ બન્યા છે.

ભાતૃભાવ, ગીત, ગાન, કળા અને વૈભવના રંગથી આ ધરતી શોભાયમાન રહેશે.

કવિ, લેખક, પત્રકાર, સાહિત્યકારોએ ધરતીને અમૃત રસની પીંછીમાં ઝબોળીને સંસ્કાર, સાહિત્ય અને સાચા જીવનનાં મલ્યો સમાજને આપેલ છે. ઝાલાવાડની ધીંગીધરાના મોંઘામૂલના માનવીઓને યાદ કરીને મૂલવવામાં આવે તો ખ્યાલ આવે કે અહીં એક-એક વ્યકિતએ સંસ્થા કરતાં પણ ઊંચા કાર્યો કરેલ છે.

ઝાલાવાડનાં કવિઓ કવિશ્રી પ્રભુરામ રાવલ, દલપતરામ કવિ એવા અનેક કવિઓ અને સાહિત્યકારોએ પોતાના કાવ્યોમાં આ ધરતીને શણગારેલ છે.

આઝાદીના લડવૈયાઓના આ ધરતીમાં ગામો ગામ પવિત્ર અને વફાદાર જૂથોએ જમાનાની ઝાલાવાડની ધરતીને ગૌરવ અપાવ્યું છે.

રાણપુર, વઢવાણ, હળવદ, મૂળી, ચોવીશી, ચોટીલાના ગામોએ આઝાદીના ઈતિહાસની ગૌરવગાથાને ગૌરવવંત બનાવેલ છે.

આજે એવી ઝાલાવાડ રાણપુરની એક વ્યકિતની વાત કરવાની છે કે જેણે પોતાનું આખું

જીવન પ્રજાકાર્યમાં લોકહિત માટે જીવી બતાવ્યું છે.

સાંઈઠ વર્ષ પહેલાના રાણપુરની આઝાદીના લડવૈયાઓ સાથે કિશોરાવસ્થામાં વિદ્યાર્થી તરીકે લડવૈયાઓ સાથેનો અનુભવ મેળવી દેશભકિત,સમાજસેવા અને પત્રકારત્વને પોતાના જીવનનું મૂલ્ય સમજી અભ્યાસ પૂર્ણ કર્યો.

આ સમયે સૌરાષ્ટ્રનું ખ્યાતનામ 'ફૂલછાબ' દૈનિક હાલ રાજકોટથી પ્રસિદ્ધ થાય છે તે સાપ્તાહિક રૂપે રાણપુરથી પ્રકાશિત થતું.

શ્રી ઝવેરચંદ મેઘાણી પણ બોટાદ અને રાણપુર વિસ્તારમાં ફૂલછાબના તંત્રી તરીકે અને લોકસાહિત્યના કલા કસબી તરીકે પ્રસિદ્ધ હતા. આવી વ્યકિતઓની છત્રછાયા નીચે ભૂપેન્દ્રભાઈ દવેએ પોતાનું ઘડતર કરેલ હતું. ભૂપેન્દ્રભાઈ મોહનલાલ દવે અભ્યાસ પૂર્ણ કરીને સરકારશ્રીના માહિતી વિભાગમાં માહિતી અધિકારી તરીકે સુરેન્દ્રનગરમાં જોડાયા.

માહિતી અધિકારી ભૂપેન્દ્રભાઈ દવે સરકારી અધિકારી તરીકે તો તેમને સરકારે નીમેલા પણ તેમના ગુણ અને સંસ્કાર તેમની રગે રગમાં આજે પણ વહી રહ્યા છે. ઝાલાવડ જિલ્લાના એ સમયના લોક આગેવાનો, સમાજ જ્ઞાતિના વડાઓ, રાજકીય નેતાઓ તમામને માટે ચાહના, આદર અને માન.ભૂપેન્દ્રભાઈ દવે ધરાવતા હતાં.

દવે સાહેબ એટલે માહિતી અધિકારી નહીં પણ સમાજના દરેક વર્ગના હિતના કામકાજ માટેના જાગૃત અધિકારી હતાં. એ જમાનામાં જિલ્લાના અડાભીડ રાજકીય નેતાઓ પણ દવે સાહેબના જીવનથી પ્રભાવિત હતાં. નિસ્પૃહ આગેવાન અરવિંદભાઈ આચાર્ય તથા એ સમયનાં મંત્રીશ્રી ત્રંબકલાલ દવે પણ તેમને આદરથી જોતા હતા. ભાનુભાઈ શુકલ (પ્રખર પત્રકાર) પણ દવેસાહેબને આદરથી જોતા. બાબુભાઈ રાણપુરા અને ઝાલાવાડના સાહિત્યકારો તથા કલાકારોનો તેમજ વઢવાણના બચુભાઈ ગઢવી પણ દવે સાહેબને આદરથી માન આપતાં સ્વ.બચુભાઈ ગઢવી સમગ્ર ગુજરાતનું ગૌરવવંતું નામ હતું.

કેળવણીકાર અને સમાજ સેવક નાગજીભાઈ દેશાઈની સમાજ સેવામાં દવે સાહેબ સહભાગી બનતાં. ઝાલાવાડની સમાજ સેવામાં દવે સાહેબ અને એન્જિનિયર ઓઝા સાહેબની જુગલ જોડી સેવાના ભેખધારી ગણાતા.

પત્રકારત્વની દુનિયાને ઝાલાવાડમાં ધબકતી રાખવામાં દવે સાહેબના ગુણ અને કૌશલ્યના વખાણ થતાં રહ્યા છે. ગ્રામ્ય જીવનની ઘટનાઓ અને સમાચારોને સાચા અર્થમાં સત્ય અને નિષ્ઠા સાથે પ્રકાશિત કરી લોકો સુધી પહોંચાડવાનું કાર્ય ભૂપેન્દ્રભાઈ દવેએ હંમેશા કરેલ છે.

નાના-નાના કલાકારોને લોકડાયરા સુધી પહોંચાડીને, રોજગારી અપાવી અનેક ગરીબોના અંતર ઠારેલ છે. દરેક ગામડે એ સમયની અવિકસિત પરિસ્થિતિમાં કામકાજ વિના મુંઝાતા યુવાનોને અને મહિલાઓને તેમને અનુકુળ રોજીરોટી અપાવવામાં દવે સાહેબનો અગત્યનો ફાળો હતો.

ભૂપેન્દ્રભાઈ દવે અને તેમનો પરિવાર સુરેન્દ્રનગરમાં આજે પણ વસવાટ કરે છે તેમના ત્રણે દીકરાઓ પોતાના અંગત કાર્ય ઉપરાંત સમાજ ઉપયોગી કાર્યોમાં અગ્રેસર હોય છે.

(૯૦૯૯૮ ૫૧૧૨૫)

•••

## (૨) બહુમુખી પ્રતિભા ધરાવતા અમારા ગુરુજી – ડી.કે. ચારણ (ઝુલા)

• સૌરભસિંહ નરેન્દ્રસિંહ ગઢવી (વીરેશ્વર)

સીત્તેર વર્ષની જૈફ ઉંમરે પણ જે સતત દોડતા અને કાર્યરત જોવા મળે એવા ડી.કે. ચારણ આચાર્ય તરીકે સેવાનિવૃત્ત થયા છતાં આજીવન વિદ્યાર્થી છે. સતત વાંચનશીલ, સતત પ્રવૃત્તિશીલ અને વિદ્યાર્થીપ્રિય એવી આ વ્યકિત સાદગીથી પણ પૂર્ણ છે. ગાંધીજીના ૧૧ વ્રતોમાંથી મોટાભાગના નિયમોના અનુશીલન કરવું એ તેમનું જીવન છે.

૧૯૫૦ના જૂન મહિનાની ૨૫મી તારીખે જન્મેલા ગુરુજીએ બાળપણ વતનમાં ૧ થી ૭ ધોરણ પસાર કર્યા. ધો-૮થી અમદાવાદની સરસપુરની સરસ્વતી વિદ્યાલય અભ્યાસ માટે ગયા. ગુરુપૂર્ણિમા પ્રસંગે શાળામાં થયેલા ઉત્સવમાં એમણે ગુરુ વિષે આપેલ પ્રવચનથી ભાવનગરની ઘરશાળા અને દક્ષિણામૂર્તિવાળા હરભાઈ ત્રિવેદી, વિઠ્ઠલભાઈ ઓઝા અને રઘુભાઈ નાયક વગેરે રાજી થયા.

બાળપણથી દુહા-છંદ અને કવિતા ગાવા વાંચવાનો, સંગ્રહ કરવાનો શોખ. તેથી અમદાવાદના અભ્યાસ દરમિયાન અમદાવાદમાં નોકરી કરતા સૌરાષ્ટ્રના ચારણો પાસેથી ચારણી છંદો,કવિતા વગેરે એકઠા કર્યા. એ સમયે ધો-૮માં આઈશ્રી સોનલમાના દર્શન કર્યા. નવરંગપુરામાં એક સોની ભગતને ત્યાં રોકાયા હતા ત્યાં આઈમાને કવિ કાગબાપુનો રચેલ છંદ **'નવલાખ પોશણ અકળ નરહી, એ જ સોનલ અવતરી'** આઈમા સમક્ષ ગાઈને રજૂ કર્યો.

કોલેજ કાળમાં વિવેકાનંદ કોલેજમાં તેમણે પ્રવેશ લીધો. શ્રી બી.કે. ગઢવી સાહેબનું સાંનિધ્ય મળ્યું. યુનિ. આર્ટિસ્ટ બન્યા. સમૂહગાનની ટુકડીમાં સતત બે વર્ષ યુનિ. પ્રથમ રહ્યા. યુ.જી.સી તરફથી ઈંદોર અને ઉજજૈનની યુનિ. સંલગ્ન કોલેજમાં સાંસ્કૃતિક કાર્યક્રમ આપવા ગયા. હસમુખ ભાવસાર, ભરતસિંહ ઝાલા, પ્રવીણ કે. ગઢવી વગેરે સાથે એકાંકીમાં પણ ભાગ લીધો.

હાઈસ્કૂલના શિક્ષક તરીકે બી.એડ. થયા પછી ૧૯૭૨-૭૩થી ભિલોડા તાલુકાની મુનાઈ હાઈસ્કૂલમાં ૧૪ વર્ષ શિક્ષક અને આચાર્ય તરીકે સેવા કરી. બાળકોનો વિકાસ એ જ એમનું જીવનલક્ષ્ય. સતત પ્રવૃત્તિશીલ રહી શાળાને જિલ્લા અને રાજયકક્ષાએ નાટક, નૃત્ય, સંગીત વગેરેમાં અગ્રેસર કરવામાં મુખ્ય ભાગ ભજવ્યો.

માત્ર બે જોડી ખાદીના ઝભ્ભા લેંઘા વર્ષમાં રાખતા. આ ગાંધીવાદી આચાર્ય ટાઈમ, ટિફિન અને ટિકિટે પોતાની જાતે ભગવાનનું કાર્ય પણ ખેડબ્રહ્મા તાલુકાના ગામોમાં રજાના દિવસે જઈને કર્યું અને પોતાની જાતને પાંડુરંગ દાદાના વિચારોથી પ્રજવલિત કર્યા.

ગામના શાખા મંદિર અને રસ્તાના કામોમાં આર્થિક રીતે સતત આગળ રહી યુવકોને પ્રેરણા આપે. સાંયાજીના જન્મોત્સવ વખતે મહેમાનોને આમંત્રણ આપવા સ્વખર્ચે જાય તેમને ત્યાં મહેમાન રોકાય અને મહેમાનગતિ કરે તેવો તેમનો સ્વભાવ.

વિદ્યાર્થીકાળથી કાવ્ય, વાર્તા, નાટક લખવાની હોંશ. શાળા-કોલેજની સાહિત્યિક પ્રવૃત્તિમાં એમના લેખો હોય છે. યુવક મહોત્સવમાં પાદપૂર્તિ અને કાવ્યલેખન સ્પર્ધામાં તેઓ જિલ્લા કક્ષાએ પ્રથમ રહેતા. તેમના લેખો સુરેન્દ્રનગર

બી.એડ.કોલેજના મોતીભાઈ પટેલ દ્વારા સામયિકમાં પ્રસિદ્ધ થતા.

છેલ્લા પાંચ વર્ષોથી ગુરુ અને ગુરુપત્ની હરદ્વાર કનખલ ખાતે આવેલ મહિલા માનવ મંદિર આશ્રમમાં શ્રાવણ માસમાં જાય છે. એમના પેન્શનનો ૧૦ ટકા ભાગ ભગવાનના કામમાં પ્રયોજવો તેવો તેમનો નિયમ છે. એ ન્યાયે તેઓને ત્યાં કોઈપણ સંસ્થા કે વ્યકિત આર્થિક ફાળા માટે જાય તો તેઓ ના નથી પાડતા.

**પ્રકાશન અને સંપાદન :**

૧) નાગદમણ – સાંયાજી ઝુલા કૃત

૨) રુકિમણી હરણ – સાંયાજી ઝુલા કૃત

**ભવિષ્યમાં પ્રકાશિત થનાર પુસ્તકો :**

૧) બુંગચો – રાજસ્થાની પુસ્તક અનુવાદ

૨) પાંડવ યશેન્દુચંદ્રિકા

૩) ભવાટવિના પગથારે – આત્મકથા

(૯૯૧૩૦ ૭૯૬૫૩)

•••

## (૩) સાહિત્ય ખાણમાંથી રત્નો શોધવાની ઘેલછા – પ્રવીણભા મધુડા

• જવલંત છાયા

સાહિત્યરસિકો લાખો હોય, સંશોધકો હજારો હોય અને વિદ્વાનો પણ સેંકડો હોય, પરંતુ રાજકોટમાં તો એક એવી વ્યકિત વસે છે, જેને ચારણી સાહિત્યના સંશોધનનું ઘેલું લાગ્યું છે. દોઢ દાયકા દરમિયાન સેંકડો કિલોમીટરનો પ્રવાસ અને લાખો રૂપિયાનો ખર્ચ કરીને સ્વાંતઃ સુખાય એ કંઈક કંઈક શોધી લાવે છે, વહેંચી દે છે જિજ્ઞાસુઓની વચ્ચે.

રાજસ્થાનના કોટાના રાજકવિ કૃષ્ણસિંહ બારહઠે 'ચારણકુળ પ્રકાશ' નામનો એક માહિતીપ્રદ ગ્રંથ લખ્યો હતો. સોએક વર્ષ થયાં હશે એ વાતને. એ કયાંય ઉપલબ્ધ નહોતો. કૃષ્ણસિંહજીનાં પૌત્રી રાજલક્ષ્મીજી ઉર્ફે સાધનાદેવીને એ જોઈતો હતો. એમની ઉંમર પણ ૯૦ વર્ષની આસપાસ હતી. કયાંય ગ્રંથનો પત્તો ન લાગે. કોઈએ એમને રાજકોટનું એક સરનામું આપ્યું.

સાધનાદેવી અને એમના પતિ ઉદયપુરમાં રહે છે. એમણે રાજકોટમાં કોઈનો સંપર્ક કર્યો. એમને એ ગ્રંથ તો પ્રાપ્ત થયો જ સાથે એમાં ખૂટતી કેટલીક વાતો પણ મળી. એનું પ્રકાશન થયું ત્યારે પ્રૂફરીડિંગ, ઘટતી કડીઓનું કામ પણ અહીં થયું. ૨૦૧૨માં થયેલા આ કામથી સાધનાદેવીને પોતાના વડીલનું કાર્ય પુનઃ સંપાદિત કર્યાનો સંતોષ થયો.

જેમનો સંપર્ક એમણે રાજકોટમાં કર્યો એ કોઈ સંશોધન કેન્દ્ર કે સંસ્થા–ટ્રસ્ટ ચલાવનારી વ્યકિત નથી. ભણતરના હિસાબે જોઈએ તો એ એવા વિદ્વાન પણ નથી. જો કે પ્રવીણભા મધુડા નામના આ યુવાને પોતે જે કામ કર્યું છે અને જે સાહિત્ય એમની પાસે છે, એ એવું છે કે કોઈ માણસ એના પરથી ચારણી સાહિત્ય, લોકસાહિત્યના સંદર્ભે ઊંડું સંશોધન કરી શકે એમ છે.

પ્રવીણભા છેલ્લાં તેર વર્ષથી પ્રતિબદ્ધતાથી આ કાર્ય કરી રહ્યા છે. અત્યારે એ જે કામ હાથ પર લઈને બેઠા છે એ કદાચ અગાઉ નજીકના ભૂતકાળમાં ન થયું હોય એવું છે. ૧૫મી સદીથી લઈને ૨૧મી સદી સુધીમાં દેશભરના ચારણ કવિઓએ શિવની–શંકર ભગવાનની જે સ્તુતિઓ રચી છે, એ તમામને સમાવીને એક ગ્રંથ પ્રવીણભા તૈયાર કરી રહ્યા છે.

૭૦૦ વર્ષ દરમિયાન ચારણ કવિઓએ લખેલી શિવસ્તુતિઓ 'શિવમહિમાગાન' નામે એ પ્રકાશિત કરવાના છે. કોઈ પુસ્તકની પ્રસ્તાવના કદાચ લાંબી હોઈ શકે, પરંતુ આ શિવમહિમાગાન ગ્રંથની તો અનુક્રમણિકા સુદ્ધાં ૫૦ પાનાંની થવાની છે. કવિ, એની કૃતિ, કવિનો પરિચય, એનો પ્રકાર એટલે કે એ ડીંગળી સાહિત્ય છે કે શું, વગેરે વિગત પણ આપવામાં આવશે. ડીંગળ ભાષાનો એક પ્રકાર છે અને ચારણોને કુદર દત્ત અભિવ્યકિત કળા છે. સપાખરું, સાણોર, જાંગડું, એવા કુલ ૭૪ પ્રકારનાં ગીતો ડીંગળમાં હોય છે.

પ્રવીણભા મધુડાનો જન્મ ૧૧ જૂન, ૧૯૮૬ના દિવસે સુરેન્દ્રનગરના મૂળી તાલુકાના રામપરડા ગામે માતા રામબાઈ અને પિતા હરૂભા. હરૂભાને દેવરાજ અને રાજભા નામે બીજા બે પુત્રો પણ ખરા. ચારણોમાં આમ તો નાનપણથી જ દુહા-છંદ સાંભળવા અને કહેવા ગાવાના સંસ્કાર હોય, એટલે પ્રવીણભાને એમાં રસ તો ખરો જ. જો કે એને આ રીતે અપનાવી શકાશે એવો ખ્યાલ ઊંડે ઊંડે પણ નહોતો. ૨૦૦૮માં એમણે એક પુસ્તક વાંચ્યું, એમાં અનેક કવિ એવા હતા, જે અન્ય જ્ઞાતિના હતા, છતાં એમને બારોટ દર્શાવવામાં આવ્યા હતા. પ્રવીણભાને થયું કે આવો હકીકતદોષ જાય એ તો ખોટું, કારણ કે દરેક વ્યકિતને એના કામની પ્રતિષ્ઠા તો મળવી જોઈએ.

પ્રશ્ન એ હતો કે આ બધું મેળવવું કયાંથી? પ્રવીણભા ભણતા હતા ત્યારે પિતાને પેડુની બીમારી થઈ એટલે ઘર અને ત્યાંનું આઠ ધોરણ પછીનું ભણતર બન્ને છોડીને એ ગામડે વસ્યા હતા. આગળ ભણ્યા જ નહીં અને મહિને ૮૫૦ રૂપિયા મળે એમાં પિતા-૧-પુત્ર ૩૫ ભેંસ ચારતા. ૨૦૦૨માં રાજકોટ આવીને વસ્યા અને એક કારખાનામાં નોકરી મળી. પછી આ રસ વિકસ્યો. અત્યારે તો એમનું પોતાનું કારખાનું છે અને બન્ને ભાઈઓ એ સંભાળે છે. અલબત્ત, પ્રવીણભા તો આ જ પ્રવૃત્તિમાં ઓતપ્રોત છે. રાજકોટની પીપલ્સ કો.ઓપરેટિવ બેંકમાં એમને નોકરી પણ છે અને એના પ્રણેતા શ્યામજીભાઈ ખૂંટ પણ સાહિત્યપ્રેમી છે એટલે પ્રવીણભાને પ્રોત્સાહન આપવા એમણે છૂટ આપી છે કે આવું કામ કરતા હો ત્યાં સુધી બેંકે નહીં આવો તોય પગાર ચાલુ રહેશે!

પ્રવીણભા આ તમામ વાત કરતાં કહે છેઃ 'મને ચારણી સાહિત્યનું ઘેલું લાગ્યું. કોઈ ગઢવી, કોઈ બારોટ મળે એટલે હું એની પાસે બેસી જાઉં. કયા ગ્રંથમાં કઈ વાતનો તાળો મળશે એ પૂછું. ડીંગળ શીખ્યો. છંદ પણ આમ જ સાંભળીને શીખ્યો. ચારણ કુળનાં સૌ માતાજીમાં મને અપાર શ્રદ્ધા છે. જે કંઈ છે એ આઈશ્રી મોગલમા તેમજ શ્રી સોનલમાની કૃપા છે. પછી ચારણ કવિઓને, વિદ્વાનોને મળવાનું શરૂ કર્યું. અહીંથી રાજસ્થાન જાઉં. ચારણી સાહિત્યના સંદર્ભો મેળવવા માટે જોધપુર, જયપુર, બિકાનેર, બાડમેર, જેસલમેર બધે ફર્યો. જેવું કોઈ સરનામું મળે એટલે પહોંચી જાઉં.

અજમેરના ચારણી સાહિત્ય શોધ સંસ્થાનમાં એક લાખ જેટલા ગ્રંથો છે. પ્રવીણભા ત્યાં દસ દિવસ રોકયા. એ કહે છે કે દરરોજ ચાર જ કલાક ઊંઘવાનું, બાકી સતત વાંચવાનું. ત્યાંથી જે મળે એની કોપી કરી લીધી. ૭૫૦૦ છંદોવાળો જોધપુર રાજય ચારણ કવિશ્રી કરણીદાનજી ભવિયા કૃત 'સૂરજપ્રકાશ' ગ્રંથ હોય કે ૪૫૦૦ કવિતાઓનો સમાવેશ છે એવો ચારણ કવિશ્રી વિરભાણજી રતનું કૃત 'રાજરૂપક' ગ્રંથ હોય એ એમના પોતાના પુસ્તકાલયમાં છે. એ ઉપરાંત,

૧૨૯ વર્ષ પહેલા જૂનાગઢના રણછોડજી દીવાને લખેલી 'શિવરત્નાકર' ગ્રંથ પણ તેઓ પાસે છે. એ મેળવવા માટે એમણે પાંચ હજાર રૂપિયા ખર્ચ કર્યો હતો.

જામનગરના રાજયકવિ નારણદાનજી બાલિયાએ લખેલા 'શાલિહોત્ર' અ✓ પરીક્ષા અ✓ સંવર્ધનની વિસ્તૃત જાણકારીવાળો ૧૦૧૦ કાવ્યોનો ગ્રંથ પણ તેઓના સંગ્રહાલયમાં મોજૂદ છે. 'ભૂટાન' નામના એક મહત્ત્વના ગ્રંથની હસ્તપ્રત પણ એમણે ૧૦,૦૦૦ રૂપિયા ખર્ચીને મેળવી હતી. ચારણી સાહિત્ય લગભગ ૧૫૦૦ વર્ષ જૂનું છે, એમાંથી ૭૦૦-૮૦૦ વર્ષ સુધીના સંદર્ભો તો પોતાની પાસેથી મળી જ જાય એવો પ્રવીણભાનો દાવો છે.૬૦૦૦ પુસ્તકો એમના પુસ્તકાલયમાં છે.

'યદુવંશચરિત્ર' નામનો જાડેજા વંશના ઈતિહાસનો એક ગ્રંથ ચારણ કવિ લખધીરજી ખડિયા રચિત તેઓના પરિવાર પાસેથી મેળવવા એમને ઘણી વાર મળવા ગયા. છેક એ પછી ૨૬૨૩ કવિતાવાળો એ ગ્રંથ એમને પ્રાપ્ત થયો.

પ્રવીણભા કહે છે કે, 'શિવમહિમા' ઉપરાંત મારું બીજું મહત્ત્વનું કામ છેઃ ભૂજની બે સદી જૂની લખપત વ્રજભાષા પાઠશાળામાં ભણ્યા હોય એવા ૫૦૦ કવિઓનું સાહિત્ય સંગ્રહિત કરવાનો પ્રયાસ. ભૂજ જઈને ૧૫૦ ગ્રંથોનો તો મેં અભ્યાસ કર્યો છે. મને એમાં ડો.નિર્મલાજી આસનાણીનું માર્ગદર્શન મળ્યું છે. ચારણ કવિ સ્વરૂપદાસજી દેથા રચિત 'પાંડવ યશેન્દુચંદ્રિકા' નામનો એક ગ્રંથ ચારણી સાહિત્યમાં છે. મહાભારતના એક લાખ શ્લોકને અહીં કવિએ ૩૦૦૦ કવિતા દુહાઓમાં સમાવ્યા છે. એક પણ પ્રસંગ છૂટયો નથી.

એક ઉદાહરણ જોઈએ- आचार्याः पितर पुत्रास्तथैव च पितामहाः मातुलाः श्वसुराः पौत्राः श्यालाः सम्बन्धिस्तथा। (અહીં ગુરુજન, વડીલો, પુત્રો તેમજ દાદા, મામા, પૌત્રો, સાળા બધા સંબંધીઓ છે)

આ જ વાત કવિ ચારણી ભાષામાં કરે છે–

**કાકે ઔ ભતીજે મામે ભાગનેય સાલે બંધુ,**
**બહનેઉ પિતામહ, ગુરુ દ્વિજ મારિબો..**

એટલે કે આ બધા છે એને મારીને મળતું રાજય ભોગવવાની ઈચ્છા કોણ કરે? આ ગ્રંથ ડીંગળ ભાષામાં છે, એમાં પદ્ધરિ, સવૈયા વગેરે છંદો પણ છે. આનું ગુજરાતી સંપાદન પ્રવીણભાએ કર્યું છે.

આ બધા ગ્રંથો કે હસ્તપ્રત મેળવીને એ કરે શું ? પ્રવીણભા પોતે પણ એનો ઉપયોગ સંદર્ભમાં કરે, એના અનુવાદ કરે અને બીજા સંશોધકોને આપે. એમણે ચારણી સાહિત્યનાં શકિત વંદના, ચરજથી અરજ, આઈશ્રી સોનલ વંદના, નાગદમણ જેવાં ૪૧ પુસ્તકોનું સર્જન, સંપાદન કર્યું છે. પોતે ૧૦૦૦ કવિતા લખી છે. ચારણી શૈલીમાં એ છંદ-દુહા બોલી પણ શકે છે. આજે પણ રાજસ્થાન જાય તો ત્યાંનાં કેટલાંક રજવાડાં એમનું ભાવભર્યું સ્વાગત કરે છ.

આવા ગ્રંથો કે હસ્તપ્રતો શોધવી, પ્રવાસ કરવો એના ખર્ચનો પ્રબંધ કેવી રીતે થાય?

પ્રવીણભા કહે છે કે, મેં અત્યાર સુધીમાં પુસ્તક પ્રકાશન, પ્રવાસ વગેરેમાં રૂપિયા સત્તર લાખનો ખર્ચ કર્યો છે. કોઈ પાસેથી પૈસા માગ્યા નથી. જે કંઈ કર્યું છે એ સ્વખર્ચે કર્યું છે. હું જે કરું છું એ મારું કામ છે, એના પૈસા હું બીજા પાસેથી કઈ રીતે લઉં?

(૯૯૦૯૯ ૨૮૩૮૭)

•••

## (૪) **ચેતન કીર્તિકુમાર મિસણ** – નાયબ કલેકટરશ્રી, મુંદરા

• વેજાંધ ગઢવી

**યા દેવી સર્વ ભૂતેષુ વિદ્યા રૂપેણ સંસ્થિતાઃ**
**નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ, નમસ્તસ્યૈ નમો નમઃ**

કોઈપણ સમાજ, રાજય કે રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણ મહત્ત્વનો ભાગ ભજવે છે. અત્યારે ઈન્ફોર્મેશન ટેકનોલોજીના સમયમાં જયારે વિશ્વના દેશોના સીમાડાઓ રહ્યા નથી અને શિક્ષણ ક્ષેત્રે અવનવા વિકલ્પો ખુલ્યા છે ત્યારે, યુવાનોને જરૂર છે માત્ર યોગ્ય દિશામાં, યોગ્ય સમયે, યોગ્ય દિશા તરફ વાળવાની. વર્તમાન સમયે આપણા સમાજમાં પણ શિક્ષણનું પ્રમાણ વધ્યું છે.

કોઈપણ સમાજના વિકાસની બે શિલાઓ છે : શિક્ષણ અને સંગઠન. શિક્ષણ વગર સમાજની પ્રગતિ શકય નથી એટલા માટે આઈશ્રી સોનલમા કહેતા કે, ચારણ સમાજના દીકરા - દીકરીઓને ભણાવજો, જેથી આપણા સમાજના યુવાનો કલેકટર, નાયબ કલેકટર, મામલતદાર વગેરે ઉચ્ચ હોદ્દા પર હોય. સોનલમાનું જે સપનું હતું એ હાલ વર્તમાન સમયે સાકાર થયેલ જોવા મળે છે.

લોકો માટે કંઈક કરી છૂટવાની જેમનામાં ભાવના છે, યુવાનોના આદર્શ અને માર્ગદર્શક એવા ચેતનભાઈ મીસણ વિશે વાત કરવી છે.

ગુજરાતના અનેકવિધ એવા સરકારી અધિકારીઓએ સરકારના વિવિધ વિભાગોમાં, જાહેર સાહસોમાં તથા જિલ્લાઓમાં રહીને પોતાની કાબેલિયતપૂર્ણ સરકારી સર્વિસમાં મહત્ત્વપૂર્ણ કામગીરીમાં અગ્રેસર રહીને સરકારની નીતિ-રીતિઓમાં મહત્ત્વના લક્ષ્યાંકો સિદ્ધ કરીને સફળતાનું શ્રેય ગુજરાત સરકારને તેવા અધિકારીઓ અપાવતા રહ્યા છે. અધિકારીઓ પોતાના હોદ્દાની રૂએ સમાજ અને સરકાર વચ્ચે સેતુરૂપ પુરવાર થયા છે.

સરળ સ્વભાવ અને સાદગીમાં માનતા ચેતનભાઈ કીર્તિકુમાર મિસણ, અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના સરી ગામના વતની છે. પિતા કીર્તિકુમાર તથા માતા ચન્દ્રિકાબેન. ચેતનભાઈના પિતા નિવૃત્ત ASI છે. આ દંપતીને ચાર સંતાન છે. તેમાં મોટા પુત્ર મિતેશભાઈ મહિલા અને બાળ અધિકારી(વર્ગ-૧) તરીકે પાલનપુર ખાતે ફરજ બજાવે છે. પુત્રીઓ દિવ્યાબેન તથા સ્મિતાબેન છે. ચેતનભાઈ તથા એમનો પરિવાર ગાંધીનગર ખાતે રહે છે.

ચેતનભાઈએ શાળાકીય અભ્યાસ અમદાવાદમાં કરેલ છે. ધો.૧૦માં ૮૨% તથા ધો.૧૨ સાયન્સમાં ૮૪% માર્કસ હતા. ત્યાર પછી ઝુંડાલની સ્વામિનારાયણ ફાર્મસી કોલેજમાંથી બી.ફાર્મ. કરેલ. જયારે એમ.ફાર્મ. અડાલજ પાસેના સેરસામાં આવેલી કે. બી. રાવલ કોલેજમાંથી કરેલ.

તેમને એમ.ફાર્મ. કર્યા પછી સારી જોબ મળી શકે તેમ હતી. પરંતુ તેમના મિત્રો સ્પીપામાં જતાં હતાં જેથી તેમની સાથે ગયા ત્યારે એક સેમિનાર હતો. જેમાં UPSC-GPSC પરીક્ષાની વાત જાણવા મળી. એ પહેલા આ અંગે કંઈ વિચાર્યું ન હતું.

તેઓ ૨૦૧૪-૧૫ માં સ્પીપામાં જોડાયા હતા. આ દરમ્યાન હાઈકોર્ટમાં D.Y.S.O.ની ભરતીની જાહેરાત બહાર પડેલ. જેની પરીક્ષા પાસ કરી. પરંતુ મુખ્ય પરીક્ષા આપેલ નહીં.

કારણકે એ દરમ્યાન GPSC દ્વારા કલાસ-૧ અને રની ભરતી માટેની જાહેરાત બહાર પડી હતી. જેથી નાયબ કલેકટર બનવાનું નક્કી કરેલ. તેઓ કહે છે કે, આ પછી મેં બીજી કોઈ પરીક્ષા વિશે વિચાર્યું ન હતું. એક જ ગોલ રાખ્યો હતો. તેમણે કહ્યું કે, મારા માતા-પિતા અને પરિવારે મને બહુ સપોર્ટ કરેલ હતો.

GPSC ની મુખ્ય પરીક્ષા માટે તેમણે જયોગ્રાફી વિષય રાખ્યો હતો. GPSC ના ઈન્ટરવ્યુમાં તેમને જે.જે. શિયાણીનું બોર્ડ હતું. કેવા પ્રશ્નો પૂછયા એવું પૂછતા ચેતનભાઈએ જણાવ્યું હતું કે, પહેલા તો એમ.ફાર્મ. કર્યા પછી અહીં શું કામ આવ્યા ? એવું પૂછયું, તેના જવાબમાં કહ્યું કે, જો મેં ત્યાં જોબ લીધી હોત તો મોનોટોનસ થઈ જાત. ત્યાં ડાયવરસિટી મળે નહિ. જો નાયબ કલેકટર બનું તો ડાયવરસિટી ઘણી મળે. એ પછી એવું પૂછેલું કે, તમે નાયબ કલેકટર છો અને ડીવાયએસપી તમારી પાસે કોઈ પ્રશ્ન લઈને આવે તો તેમને કઈ રીતે ટેકલ કરશો ? વગેરે પ્રશ્નો પૂછેલ હતા.

ઈન્ટરવ્યૂમાં તેમને ૪૦ માર્કસ મળ્યા હતા. જયારે લેખિત પરીક્ષામાં ૫૫૯ મળીને કુલ ૫૯૯ માર્કસ સાથે ગુજરાતમાં તેમનો ૧૬મો રેન્ક આવ્યો અને નાયબ કલેકટર બનવાનું તેમનું સપનું સાકાર થયું. તેમને પંચમહાલ જિલ્લો ફાળવાયો હતો. ત્યાર બાદ જિલ્લા પુરવઠા અધિકારી, સુરેન્દ્રનગર તરીકે ફરજ બજાવેલ. ત્યાં પણ સારી કામગીરીથી લોકચાહના મેળવી હતી. ત્યાર પછી સ્ટેમ્પ ડયૂટી નાયબ કલેકટર, ગાંધીનગર ખાતે ફરજ બજાવી હતી. હાલે નાયબ કલેકટર, મુંદરા કચ્છ ખાતે ફરજ બજાવી રહ્યા છે.

**-યુવા વર્ગ માટે ચેતનભાઈ મિસણનો સંદેશ-**

તમારી જાત ઉપર વિશ્વાસ રાખો, લોકો શું કહે છે, એ ન વિચારો. અર્જુનને જેમ માછલીની આંખ જ દેખાતી, એમ તમારું લક્ષ્ય નિશ્ચિત રાખશો તો લક્ષ્યવેધ કરી શકશો. તમારું સપનું સાકાર કરવાના ૭ સ્ટેપ છે.


(1) Dream it (2) Believe it (3) See it
(4) Tell it (5) Plan it (6) Work it
(7) Enjoy it

(૯૯૧૩૦ ૫૧૬૪૨)

•••

**(5) Kalp Bhevaliya - Project Manager** (NGO CDPF)

- Chandrikaben Gadhvi



He is currently immersed in the field of medicine at Tbilisi State Medical University. Alongside his academic pursuits, he has actively contributed to various social welfare organizations, channeling his skills for impactful causes. Kalp's journey extends beyond textbooks into the realms of occasional writing and singing, creating a unique blend where science and art converge. This dual passion not only defines his personal expression but also underscores his commitment to holistic well-being. With a background in both medicine and social welfare, he looks forward to utilizing his diverse skill set to contribute meaningfully to the goals of the NGO.

## સમાચાર વિભાગ

**૧) અધિક કલેકટર તરીકે પ્રમોશન**

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા નાયબ કલેકટર સંવર્ગમાંથી અધિક કલેકટર સંવર્ગ (GAS સિનિયર સ્કેલ)તરીકે બઢતી આપવામાં આવેલ. જેમાં ચારણ ગઢવી સમાજના નીચે મુજબના નાયબ કલેકટરશ્રીઓને અધિક કલેકટર તરીકે બઢતી મળેલ છેફ

**૧) શ્રી શિવરાજભાઈ ડી. ગીલવા**

(એડિશનલ પર્સનલ સેક્રેટરી જળ સંપત્તિ અને પાણી પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો, સચિવાલય ગાંધીનગર)

**૨) શ્રી કે.વી. બાટી**

OOO

**(૨) ગઢવી કપના માધ્યમથી ચારણ સમાજની સંગઠન શકિત વધુ મજબૂત બની**

અહેવાલ - જીવરાજ ગઢવી(કોડાય) - અખિલ ભારતીય નાઈટ ક્રિકેટ ટૂર્નામેન્ટ ગઢવી કપનો માંડવી-કચ્છના જી.ટી.ગ્રાઉન્ડમાં આરંભ થયો હતો. જેમાં જે.કે. લક્ષ્મી સિમેન્ટ ટાઈટલ સ્પોન્સર અને પ્રભુભાઈ રામભાઈ ગઢવી કો-સ્પોન્સર રહ્યા હતા. શ્રી ભીમશી બાપા ચેરિટેબલ ટ્રસ્ટ, માંડવી દ્વારા આયોજીત આ ટુર્નામેન્ટમાં આઠ ટીમે ભાગ લીધો હતો. જેમાં ફ્રેન્ચાઈઝી માલિકો ઈશ્વર ગઢવી,પાલુભાઈ ગઢવી, કલ્યાણ ગઢવી,જશરાજ ગઢવી,હરી ગઢવી, રમેશ ગઢવી અને પ્રકાશ ગઢવી રહ્યા હતા.

જીત મેળવી વીર શહીદ માણશી ગઢવી ઈલેવન-ઝરપરા વિજેતા થઈ હતી. રનર્સઅપ સોનલ માઈન્સ-રાયણ રહી હતી. ટોસ વિધિ ખ્યાતનામ કલાકાર કીર્તિદાનભાઈ ગઢવીએ કરી હતી. આ ટૂર્નામેન્ટના માધ્યમથી અગિયાર લાખ જેટલી રકમ ચારણ બોર્ડિંગ અને શિક્ષણ ઉત્કર્ષ માટે એકત્ર થઈ હતી.

OOO

**(૩) વવારના સ્પર્ધાત્મક પરીક્ષા કેન્દ્રની મુલાકાત લેતા કેબિનેટ મંત્રી રૂપાલા**

અહેવાલ - માણેક ગઢવી(વોવાર) - કચ્છ જિલ્લાના મુંદરા તાલુકાના વોવાર ગામમાં છેલ્લા પાંચ વર્ષથી ચાલતા નિઃશુલ્ક જય મોરદાદા એજયુકેશન ચેરિટેબલ ટ્રસ્ટના કેન્દ્રની મુલાકાત કેન્દ્રીય કેબિનેટ મંત્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ લીધી હતી.

કેબિનેટ મંત્રીએ આ શિક્ષણ યજ્ઞને બિરદાવતાં કહ્યું હતું કે, નાનકડા ગામમાં ચાલતી આ સરસ પ્રવૃત્તિ છે. શિક્ષિત વ્યકિતઓએ આવા વિચારો લઈને શિક્ષણથી વંચિત રહેતા લોકો માટે કંઈક કરવું જોઈએ. શિક્ષણ કોઈપણ સમસ્યાને હલ કરી શકે છે. ટ્રસ્ટના ઉપપ્રમુખ મેઘરાજભાઈ ગઢવીએ ટ્રસ્ટ દ્વારા ગામમાં થતી પ્રવૃત્તિ વિશે માહિતી આપી હતી. આ ટ્રસ્ટના કલાસરૂમના માધ્યમથી વોવાર ગામના ૧૪ જેટલા યુવાનોએ સરકારી નોકરી મેળવી છે.

OOO

**(૪) યોગીતાબેન ગઢવી જીપીએસસીની પરીક્ષા પરસ કરી આસિસ્ટન્ટ કમિશનર બન્યા**

કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના મોટા લાયજા ગામના મૂળ વતની અને વર્ષોથી ગાંધીધામને કર્મભૂમિ બનાવી કંડલા મધ્યે (કંડલા પોર્ટ વિસ્તારમાં) કરિયાણાની દુકાનનો વ્યવસાય કરતા ધનરાજ સાયા ગઢવીની દીકરી યોગીતાબેન ધનરાજભાઈ ગઢવીએ જીપીએસસી દ્વારા લેવાયેલ કલાસ વનની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરી આસિસ્ટન્ટ કમિશનર(વર્ગ-૧) અધિકારી બની કચ્છ ચારણ સમાજમાંથી સીધી

ભરતીથી નાની ઉંમરે કલાસ વન અધિકારી બનનાર પ્રથમ દીકરીનું ગૌરવ પ્રાપ્ત કર્યું હતું.

ગાંધીધામ ખાતે આવેલી વિદ્યાભારતી સંચાલિત સહયોગ સરસ્વતી વિદ્યામંદિરમાં ગુજરાતી માધ્યમમાં ભણેલી દીકરી યોગીતાબેન ૨૦૧૭માં ઓગણીસ વર્ષની ઉંમરે તલાટી કમ મંત્રીની પરીક્ષા પાસ કરેલ. ત્યાર બાદ જીપીએસસી દ્વારા લેવાયેલ સ્ટેટ ટેક્ષ ઈન્સ્પેકટર(એસટીઆઈ) પરીક્ષા પાસ કરેલ તથા જીપીએસસી દ્વારા લેવાયેલ નાયબ સેકશન ઓફિસરની પરીક્ષા પાસ કરી હતી. હાલે ગાંધીનગર સચિવાલયમાં નાગરિક પુરવઠા વિભાગમાં ડીવાય.એસ.ઓ. તરીકે ફરજ બજાવે છે.

ooo

**(૧) થી (૪) – સંકલનઃ વેજાંધ ગઢવી,**
મોટા ભાડિયા, (૯૯૧૩૦ ૫૧૬૪૨)

ooo

**આઈશ્રી સોનલમા જન્મ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે રાજયમાં વિવિધ સ્થળોએ નીચે દર્શાવેલ ધાર્મિક કાર્યક્રમો, ઉત્સવ, ઉજવણી વગેરે યોજાયા હતા**

- મઢડા, તા.કેશોદ, જિ.જૂનાગઢ ખાતે તા.૧૧ થી ૧૩ જાન્યુઆરી-૨૦૨૪, ત્રિ-દિવસીય પોષ સુદ-૨(સોનલ બીજ)ની ઉજવણીના આયોજન સંદર્ભે સમયાંતરે જુદી-જુદી ત્રણ બેઠકોનું આયોજન થયું હતું.
- ભાવનગર જિલ્લાના પાલિતાણા તાલુકા મથકના સોનલધામ મંદિર ખાતે તમામ નગરજનો માટે આયુષમાન કાર્ડ કેમ્પનું આયોજન થયું હતું.
- કચ્છ જિલ્લાના માંડવી ખાતે રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટૂર્નામેન્ટ ગઢવી કપ-૨૦૨૩નું આયોજન થયું હતું.
- કચ્છના ભાગવતાચાર્ય શાસ્ત્રી કશ્યપભાઈ જોષી દ્વારા ઓરિસ્સાના જગન્નાથપુરી ખાતે વિષ્ણુયાગ યજ્ઞ તથા ગુજરાતના દ્વારકા ખાતે ધ્વજારોહણ સહિતના કાર્યક્રમો યોજાયા હતાં.
- રાજકોટ શહેરના શ્રી ખોડિયાર નગર ગઢવી યુવક મંડળ દ્વારા દર માસની શુકલ બીજની ઉજવણી કરવામાં આવી છે. એક વર્ષ સુધી ભજન ભોજન અને ભકિતનો ત્રિવેણી સંગમ યોજાયો. કારતક સુદ-૨ની ઉજવણી નિમિત્તે પ્રસ્તુત સામયિકના સમાચાર વિભાગ લેખક હિતેષ ગઢવી(નરેલા)નું શિક્ષણ જાગૃતિ અન્વયે વ્યાખ્યાન યોજાયું હતું.
- અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના રાયપર ખાતે સોનલ યુવક મંડળ દ્વારા મઢડાની ત્રિદિવસીય ઉજવણી દરમિયાન સેવામાં જોડાવા માટે બેઠકનું આયોજન થયું હતું.
- દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયા ખાતે જન્માષ્ટમી ઉજવણી નિમિત્તે ચારણી રમત તથા દાંડિયા રાસનું આયોજન થયું હતું.
- જૂનાગઢ ખાતે કાનજીભાઈ નાગૈયા ચારણ કુમાર છાત્રાલયના પટાંગણમાં આઈશ્રી રૂપલમાના હસ્તે સોનલ વિદ્યાભવન(વાંચનાલય) અર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત વાંચનાલયના નિર્માણનો સમગ્ર ખર્ચ સ્વ.કેશવદાન શિવદાન દેવ(બારોટ)ના સુપુત્ર કમલભાઈ બારોટ દેવ દ્વારા કરવામાં આવેલ છે.

ઉપરોકત સ્થળ ખાતે લાભ પાંચમના દિવસે જૂનાગઢ ચારણ સમાજ સ્નેહ મિલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

ooo

- આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટ દ્વારા દીપાવલીના તહેવાર નિમિત્તે જરૂરિયાતમંદ પરિવારોને શુદ્ધ

ઘીની મીઠાઈ તથા ફરસાણનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું હતું.

ooo

• બનાસકાંઠા જિલ્લાના રાધનપુર એસ.ટી. ડેપો રાધનપુર – ભગુડા (વાયા અમદાવાદ, પાલિતાણા, બગદાણા) એકસપ્રેસ બસનું સંચાલન શરુ કરવામાં આવેલ છે. બંને તરફથી બસ ઉપડવાનો સમય સાંજે ૫.૧૫ વાગ્યાનો રહેશે.

• કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના શ્રી ભૃગુ આશ્રમ, ધ્રબુડી ખાતે નારાયણ સ્વામીની સ્મૃતિમાં ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું.

• પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મન કી બાત કાર્યક્રમમાં રાજકોટના પ્રખ્યાત ચિત્રકાર પ્રભાતસિંહ મોડભાઈ બારહટ(રોહડિયા)ના 'શિવાજી કી સવારી'ની ઉત્તમ ચિત્ર તરીકે પ્રશંસા કરી હતી.

• કચ્છ જિલ્લાના પ્રભુભાઈ રામભાઈ ગઢવી દ્વારા પુત્ર મહેશના જન્મદિવસની ઉજવણી નિમિત્તે મુન્દ્રા તાલુકાના મોટી ખાખર ગૌશાળાના લાભાર્થે સંતવાણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એક કરોડ રૂપિયાની માતબર રકમનું દાન એકઠું કરી ગૌશાળાને અર્પણ કરવામાં આવ્યું હતું.

• શ્રી ઈન્દુબેન ધીરૂભાઈ મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટ તથા ડીવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ, રાજકોટના સંયુકત ઉપક્રમે દંતયજ્ઞ તથા એકયુપ્રેશર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ભારતીય જનતા પાર્ટી જિ.જૂનાગઢ દ્વારા કેશોદ તાલુકા બક્ષીપંચ મોરચાના મંત્રી તરીકે માણેકવાડા નિવાસી કેતનભાઈ નનકુભાઈ ગઢવી (પાંચાળીયા)ની નિયુકિત કરવામાં આવી છે.

• શ્રી કોટનાથ મહાદેવ મંદિર, વડસર ગામ પાસે, વડોદરા ખાતે શ્રી કોટનાથ યુવક મંડળ પ્રવીણભાઈ તથા દિલીપભાઈ ગઢવી દ્વારા શ્રાવણ માસ નિમિત્તે પ્રસાદી તથા સંતવાણીનો કાર્યક્રમ યોજાયો હતો.

• અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના હિરાણા પ્રા.શાળા ખાતે ફરજ બજાવતાં શિક્ષક બળદેવભાઈ જી.ગોરવિયાળાને તાલુકા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક તથા શાલ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતાં.

• સચાણા(ઈશરધામ)તા.જિ.જામનગર ખાતે ભાદરવા માસમાં આઈશ્રી કામઈ માતાજી નવનિર્મિત મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞ, પ્રસાદ, ચારણી રમત, લોકડાયરો વગેરે કાર્યક્રમો યોજાયા હતાં.

• શ્રી સોનલમા સેવા સહાય ટ્રસ્ટ,રાજકોટ (સમૂહ લગ્ન સમિતિ-જૂની)દ્વારા આગામી તા.૪/૨/૨૦૨૪, રવિવારના રોજ રાજકોટ શહેર ખાતે ગઢવી સમાજનો ૩રમો સમૂહ લગ્નોત્સવ યોજાશે. જેમાં કુલ ૨૨ કન્યાઓ પ્રભુતામાં પગલાં પાડશે.

શ્રી ચારણ(ગઢવી) સમાજ સેવા ટ્રસ્ટ, રાજકોટ દ્વારા આગામી તા.૧૧/૨/૨૦૨૪, રવિવારના રોજ વર-કન્યાના ઘર આંગણે જ ૨૯મો સમૂહ લગ્નોત્સવ યોજાશે.

૨૦૨૪માં યોજાનારા સમૂહલગ્નના વાવડ અમોને મળવા લાગ્યા છે જેમાં જાન્યુઆરી ૨૦૨૪ના (૧) આઈશ્રી ચારણ-ગઢવી સમાજ સમૂહ લગ્ન સમિતિ, જૂનાગઢ(૨૮/૧/૨૦૨૪) (૨) સોનલ સેવા સહાય ટ્રસ્ટ, રાજકોટ (જૂ.સમિતિ)(૪/૨/૨૦૨૪) (૩) ચારણ(ગઢવી) સમાજ સેવા સંસ્થા, રાજકોટ તથા પોપટપુરા-

પંચમહાલમાં ફેબ્રુઆરી ૨૦૨૪માં યોજાનાર છે.

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના જામખંભાળિયા તાલુકાના નાના આસોટા તથા જુંગીવારાધામ - બેહ મુકામે વાછરાભાની જાતરની ઉજવણી કરવામાં આવી હતી, સમૂહ પ્રસાદ તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા હતાં.

ઉપરાંત કામઈધામ - જામખંભાળિયા ખાતે વિજયાદશમીના દિવસે જાતરની ઉજવણી કરવામાં આવી હતી.

**ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર દ્વારા સંગીત, નૃત્ય, નાટ્ય અને લોકકલા ક્ષેત્રે ગૌરવ પુરસ્કારની યાદી જાહેર કરવામાં આવી હતી જેમાં લોકકલાક્ષેત્રે એવોર્ડ માટે નીચે મુજબના કલા ઉપાસકોની પસંદગી કરવામાં આવી હતી**

○ કીર્તિદાન ગઢવી (રાજકોટ)
○ ભીખુદાનભાઈ ગઢવી (ગાંધીનગર)
○ દેવરાજભાઈ ગઢવી (કચ્છ)
○ યશવંતભા લાંબા (જામનગર)
○ રાજભા ગઢવી(જૂનાગઢ)

ooo

• દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઓખા મંડળ તાલુકાના ભીમરાણા ખાતે આસો સુદ-૧૩ના આઈશ્રી મોગલમા પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. યજ્ઞ, આરતી, પ્રસાદ, આઈ આરાધના સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતાં.

• જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાના બાલોટ મુકામે શ્રી ડાડા વચ્છરાજના સાંનિધ્યમાં આસો નવરાત્રિ દરમિયાન અનુષ્ઠાન, યજ્ઞ તથા ડાયરાના કાર્યક્રમો યોજાયા હતાં.

• મૂળ રાજસીતાપુર તા.ધ્રાંગધ્રા, જિલ્લો સુરેન્દ્રનગર હાલ મુંબઈ નિવાસી સુપ્રસિદ્ધ લોક-સાહિત્યકાર તથા ગુજરાતી ફિલ્મ દિગ્દર્શક / નિર્માતા સ્વ.મનુભાઈ ગઢવી(મિસણ)ના પુત્ર તથા હિન્દી ફિલ્મ દિગ્દર્શક સંજયભાઈ ગઢવીનું મુંબઈ ખાતે હૃદયરોગના હુમલાથી અવસાન થયું હતું.

• કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કાઠડા ગામના વતની યુવાન ડો.વિશાલ કરશનભાઈ ગઢવી હાલ ભારતીય વાયુદળમાં ઈજનેર તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેઓની વિશિષ્ટ અને સરાહનીય કામગીરી માટે રાષ્ટ્રપતિના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

ooo

• રાજસ્થાન જાહેર સેવા આયોગ દ્વારા રાજસ્થાન વહીવટી સેવા ભરતી વર્ષ-૨૦૨૧ની અંતિમ પરીક્ષામાં વિવિધ ૫દ માટે ચારણ સમાજના ૧૪ ઉમેદવારોની અધિકારી તરીકે પસંદગી થઈ હતી.

• ગુજરાત સરકાર દ્વારા 'ગુજરાત ચલચિત્રો માટે ગુણવત્તા સમન્વિત પ્રોત્સાહન નીતિ-૨૦૧૯' અંતર્ગત વિવિધ શ્રેણીમાં પારિતોષિક અને રોકડ પુરસ્કાર માટે શ્રેષ્ઠ ચલચિત્રો તેમજ શ્રેષ્ઠ કલાકાર કસબીઓની પસંદગી કરવામાં આવે છે જે અન્વયે જૂનાગઢના યુવા કવિ મિલિન્દ ગઢવીની સતત ત્રીજી વખત શ્રેષ્ઠ ગીતકાર તરીકે પસંદગી થઈ છે. વર્ષ ૨૦૨૨ અંતર્ગત જાહેર થયેલ કલા-કસબીઓની યાદીમાં મિલિન્દ ગઢવી લિખિત 'ખમ્મા' ગીત (ફિલ્મ: નાડી દોષ)ની પસંદગી કરવામાં આવી છે. ૨૦૧૫-૧૬ તથા ૨૦૧૬-૧૭ તેઓના જુદા-જુદા બે ગીતોની પસંદગી થતાં રાજય સરકારે કવિનું સન્માન કર્યું હતું. હાલ તેઓ સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકની ઉપલેટા(જિ.રાજકોટ) શાખા ખાતે શાખા પ્રબંધક(મેનેજર) તરીકે ફરજ બજાવી રહ્યાં છે.

• રાજકોટ ખાતે સોનલ યુવક મંડળ, બજરંગવાડી તથા ગઢવી સેવા સમાજના સંયુકત ઉપક્રમે ચારણ કન્યા છાત્રાલય પ્લોટ, જામનગર હાઈવે ખાતે ગઢવી સમાજ માટે સૌ પ્રથમ વખત રાત્રિ રાસ-ગરબા તથા સમૂહ ભોજન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

• જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રાજપર(ગીર)ખાતે નવ નાળવા વાળા રવેચી માતાજી મંદિરના યજ્ઞ નિમિત્તે લોકડાયરાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

• મેંદરડા તાલુકાના ચિરોડા(નાગલનેશ) ખાતે દર વર્ષની પરંપરા અનુસાર શારદીય નવરાત્રિના સમાપન બાદ એકાદશીના દિવસે નવચંડી યજ્ઞ તથા પ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

• ગઢવી(ચારણ)યુવક મંડળ ટ્રસ્ટ, ગાંધીધામ જિ.કચ્છ દ્વારા શારદીય નવરાત્રિ દરમિયાન સમાજની મહિલાઓ માટે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસ નિમિત્તે આરતી તથા સંતવાણીનું આયોજન કરવામાં આવ્યું હતું.

• કચ્છ જિલ્લાના ગાંધીધામ નિવાસી ચિ.માહી ભરતભાઈ ગઢવી(ઉ.વ.૯)એ જિલ્લા, રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ કરાટેમાં ઉજજવળ દેખાવ કરી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કરેલ હોય, માહી ગઢવીને ખૂબ ખૂબ અભિનંદન.

• GPSC(ગુજરાત જાહેર સેવા આયોગ) દ્વારા આયોજિત નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના રિસર્ચ ઓફિસર (વર્ગ-૧)ની સ્પર્ધાત્મક પરીક્ષામાં હાલ રાજકોટ ખાતે ભૂસ્તરશાસ્ત્રી તરીકે પ્રશંસનીય ફરજ બજાવતાં મૂળ કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના જામથળાના વતની રાઘવદાન કરણીદાન ગઢવી(રોહડિયા)ની પસંદગી થતાં, તેઓને ખૂબ ખૂબ અભિનંદન.

ooo

**વિક્રમ સવંત–૨૦૮૦ના નૂતન વર્ષે નીચે મુજબની સંસ્થા/ટ્રસ્ટ દ્વારા સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.**

o તા.૨૫/૧૧/૨૦૨૩ના રોજ શ્રી ઝાલાવાડ ચારણ(ગઢવી)વિકાસ સંગઠન દ્વારા સ્નેહમિલન તથા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન સમારોહ.

o તા.૨૬/૧૧/૨૦૨૩ના રોજ કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકા ચાણ સમાજ દ્વારા કચ્છ ચારણ સમાજનું સ્નેહમિલન.

o તા.૩/૧૨/૨૦૨૩ના રોજ અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ, ગાંધીનગર દ્વારા આઈશ્રી ખોડિયાર માતાજી મંદિર, સેકટર-૫, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન યોજાયુ.

ooo

• આઈશ્રી સોનલ નિર્વાણ દિન તથા પદ્મશ્રી કવિ દુલા ભાયા કાગ જન્મજયંતિ નિમિત્તે ભજનધામ-તા.ભચાઉ,જિ.કચ્છ ખાતે ચારણ સમાજની પ્રથમ વેબસાઈટનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. www.charanshakti.org.

• આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા ચારણ(ગઢવી) પરિવારોની ડિરેકટરીની બીજી આવૃત્તિનું ૧૫ વર્ષ બાદ પ્રકાશન અને વિમોચન તા.૧૩/૧૨/ ૨૦૨૩ ના રોજ રાજકોટ ખાતે આઈમાઓ, સંતો, અધિકારીઓ, આગેવાનો અને યુવાનોની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.

ooo

**–સમાચારોનું સંકલન : હિતેષ ગઢવી(નરેલા)**
રાજકોટ (૯૯૨૪૮ ૧૦૫૯૪)


જન્મદાતા જનની તે મોટા કરી નોધારા કર્યા
તારા ઉદરે આળોટવા ફરી જન્મ લેજે જનેતા..
સ્વ. લસુબેન ભીખુભા નાંદણ(લુણાગરી)
જન્મ તા. : ૨૦-૦૮-૧૯૫૬ સ્વ. તા. : ૦૩-૦૭-૨૦૨૩
તારો મીઠો આવકાર હવે ક્યારેય સાંભળવા નહી મળે,
મા તારો હસતો ચહેરો જોઈને બધું દુઃખ ભૂલાઈ જતું
આ સ્વાર્થી દુનિયમાં તું નિઃસ્વર્થ ભાવે તારી ફરજ બજાવી ગઈ.
મા તુ દીકરી, મા, સાસુ દરેક રૂપમાં આદર્શ બની અમારામાં
સંયમ શકિત, બલીદાન અને ક્ષમાના ગુણોનું સિંચન કર્યું કદી
કોઈ પાસે આશા કે ફરિયાદ ન કરી. આવી માને કોટી કોટી વંદન.
પ્રભુ પાસે એજ પ્રાર્થના. જન્મીયે કુખે તારી જન્મો જન્મ
બનીએ વંશ તારા મા અમે તને કદી ના ભૂલીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...
લી.
હરેશભા ભીખુભા નાંદણ
ભાનુબેન ભીખુભા નાંદણ
ડીમ્પલબેન ભીખુભા નાંદણ
સોનલબેન ભીખુભા નાંદણ
જૈમીન હરેશભા નાંદણ
ઈશા હરેશભા નાંદણ
Advt.

શ્રી સોનલમા જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે નિર્માણ થનાર

# આઈ શ્રી સોનલ શિક્ષણ ધામ ગાંધીનગર–અમદાવાદ

**સંપત્તિ દે તો શામળા, મનની મોટપ દે,**
**નહિંતર પાછી લે, કારણ વગરની કાગડા.**




(તા. ૮/૧૨/૨૦૨૩ સુધી જાહેર થયેલ દાનના દાતાશ્રીઓની યાદી)

| રકમ | દાતાશ્રીનું નામ |
|---|---|
| ૫૧,૦૦,૦૦૦ | શ્રી દિલીપભાઈ ગુલાબસંગ શિલ્ગા, અમદાવાદ |
| ૩૫,૦૦,૦૦૦ | શ્રી સમરથદાન વાઘજીભાઈ ઝુલા, ગાંધીનગર |
| ૩૦,૦૦,૦૦૦ | શ્રી સમ્રાટ સામતભાઈ કુંભાભાઈ રૂડાચ, ગાંધીનગર |
| ૧૦,૧૧,૨૫૧ | બ્રહ્મલીન વિષ્ણુગીરી ગુરૂશ્રીના સ્મરણાર્થે (હ. ગં.સ્વ. ગંગાબા હિંગોળદાનજી બાટી) |
| ૫,૫૧,૭૭૭ | શ્રી હસુદાનજી ડુંગરદાનજી રત્નુ, અમદાવાદ |
| ૫,૦૦,૦૦૦ | શ્રી આવડદાનજી શાંતિદાનજી ઝુલા, બોપલ |
| ૫,૦૦,૦૦૦ | શ્રી રાજાભાઈ જેઠાભાઈ રૂડાચ, આણંદ |
| ૫,૦૦,૦૦૦ | શ્રી દોલતસિંહ ગોપાલભાઈ ગઢવી, મુંબઈ |
| ૫,૦૦,૦૦૦ | શ્રી બટુકભાઈ જશકરણભાઈ નાંધુ, નરોડા |
| ૫,૦૦,૦૦૦ | શ્રી યોગેન્દ્રસિંહ શંભુદાનજી ટાપરિયા, સુરેન્દ્રનગર |
| ૨,૫૧,૦૦૦ | શ્રી અજયભાઈ આવડદાનજી સૌદા, વણોદ |
| ૨,૫૧,૦૦૦ | ડો. અશ્વિનકુમાર પ્રતાપસિંહ ટાપરિયા, સુરેન્દ્રનગર |
| ૧,૫૧,૦૦૦ | શ્રી દિલીપભા માણસુરભા કેસરિયા, સવાસલા |
| ૧,૫૧,૦૦૦ | શ્રી હરસુરભાઈ રણમલભાઈ માન, જામખંભાળીયા |
| ૧,૫૧,૦૦૦ | શ્રી પદ્મશ્રી ભીખુદાનભાઈ ગઢવી, અમદાવાદ |
| ૧,૫૧,૦૦૦ | શ્રી ભાવેશભાઈ ચંડિદાનભાઈ રૂડાચ, ગાંધીનગર |
| ૧,૫૧,૦૦૦ | ડો. બળવંતભાઈ પબાજી ખડિયા, સુઈગામ |
| ૧,૫૧,૦૦૦ | સ્વ. મોહનબા કિશોરદાનજી આઢા, સુરત |
| ૧,૫૦,૦૦૦ | શ્રી હરિભાઈ લક્ષ્મણભાઈ ગઢવી, મોટાભાડિયા |
| ૧,૧૧,૦૦૦ | શ્રી સંજયદાન ચંડિદાન બાટી, ગાંધીનગર |
| ૧,૧૧,૦૦૦ | પૂ. આઈશ્રી કંકુ કેશરમા, ભાણોલ |
| ૧,૧૧,૦૦૦ | પૂ. આઈશ્રી રૂપલમા, રામપરા |
| ૧,૧૧,૦૦૦ | શ્રી હિંગોળદાનજી સુરૂભાઈ રત્નુ, રાજકોટ |
| ૫૧,૦૦૦ | શ્રી કૈલાશદાનભાઈ જાલમદાનભાઈ બારહટ, મુંબઈ |

દરેક દાતાશ્રીઓનો આભાર...
તા. ૮/૧૨/૨૦૨૩ પછી આવેલ/લખાવેલ
દાતાશ્રીઓની યાદી હવે પછી લેવામાં આવશે

સંકલન : શ્રી વેજાંધ ગઢવી - ૯૯૧૩૦ ૫૧૬૪૨
સંપર્ક સેતુ : શ્રી દિલીપભાઈ શિલ્ગા - ૯૮૨૫૦ ૦૫૨૨૪




**શ્રી રામજીભાઈ ગોવિંદભાઈ ભોજગ**

જન્મ તા. ૭ ડીસેમ્બર

મૂળ વતન મંજલ(તરા) તા. નખત્રાણા જી. કચ્છ, હાલ ભાવનગર

બાળપણમાં અત્યંત નબળી આર્થીક પરિસ્થિતિમાં જાત મહેનતે સમગ્ર પરિવારને ટેકો કર્યો અને કારકિર્દીની શરૂઆત ઈન્સ્પેક્ટર ઓફ કોમર્સિયલ સ્કૂલ ગુજ. રાજ્ય સેવા વર્ગ-૨ ના અધિકારી તરીકે એક વર્ષ કામગીરી કરી.

GPSCની બીજી બેચના મામલતદાર તરીકે પસંદગી પામ્યા અને સુરત જીલ્લાના કામરેજ તાલુકાના મામલતદાર તરીકે સેવાબજાવી છ સાત માસમાં રેવન્યુ સર્વિસ માંથી મુક્ત થયા.

વડોદરા ખાતે અમેરિકન ફાઉન્ડેશન નામની સંસ્થામાં વહીવટી અધિકારી તરીકે કામ કર્યું.

ધોળકા ખાતે કોલેજના અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે બે વર્ષ કામ કર્યું અને ત્યાર બાદ ૧૯૭૨ થી ૧૯૯૮ સુધી ભાવનગરની એમજે કોલેજ ઓફ કોમર્સમાં અંગ્રેજી વિષયના અધ્યાપક તરીકે કામ કરી સેવા નિવૃત્ત થયા. તેમના બને પુત્રો શૈક્ષણિક કાર્ય સાથે જ જોડાયેલા છે. મોટાપુત્ર ડો ઈન્દ્ર ગઢવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં મરીન સાયન્સ ભવન ખાતે પ્રોફેસર અને અધ્યક્ષ છે જયારે નાના પુત્ર ડો. મૃદુલ ગઢવી અમદાવાદ ખાતે સેન્ટ ઝેવિયર્સ કોલેજ ખાતે ભૌતિકશાસ્ત્ર વિષયના અધ્યાપક છે. શ્રી રામજીભાઈ હાલ નિરામય નિવૃત્ત જીવન જીવી રહ્યા છે આજે તેમના ૯૦માં જન્મદિને હાર્દિક શુભકામનાઓ...

ડો. ઈન્દ્ર ગઢવી - ભાવનગર　　　ડો. મૃદુલ ગઢવી - અમદાવાદ

Advt.





**આઈશ્રી સોનલમા એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ – રાજકોટ**

મુળજીભાઈ કાનજીભાઈ લાંબા – ચારણ(ગઢવી) વાડી, સુખરામનગર–૨, કોઠારિયા ચોકડી, રાજકોટ–૨

CHARAN SANSKRUTI (QUARTERLY) Editor, Publisher & Printer : RAMBHAI L. JAMANG Owner : AAI SHREE SONALMA EDUCATION & CHARITABLE TRUST, Place of Publication : CHARAN SANSKRUTI KARYALAY MULAJIBHAI K. LAMBA CHARAN VADI, SUKHRAMNAGAR-2, KOTHARIYA CHOKDI, RAJKOT-360 002. GUJARAT Printed At : GIRISH OFFSET, JAYANT K.G. MAIN ROAD, RAJKOT-360 004, GUJARAT.